બુધવાર

તા.૦૪/૧૧/૨૦૨૬

# દ્રષ્ટિકોણ જનવાણી

PRIGI.NO. GJGUJ/26/A2124

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Year- 01 | Issue-215 | Editor - Gajera Divya | Date: 04 November-2026 Wednesday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani09@gmail.com | Mo. 96876 77873

# પ્રદર્શનના નામે સ્થળ પર કબજો કરી શકાય નહીં



**સુપ્રીમ કોર્ટની વિરોધ પ્રદર્શન કરનારાઓને સ્પષ્ટ ચેતવણીઃ વિરોધ કરવાનો અધિકાર અન્ય નાગરિકોના અધિકારો કરતાં મોટો ન હોઈ શકે; નિર્ધારિત સમયમર્યાદામાં જ પ્રદર્શનની મંજૂરી આપવા સૂચન**

**નવી દિલ્હી,** દેશમાં વિરોધ પ્રદર્શન અને આંદોલનોને લઈને સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે વિરોધ કરવાનો અધિકાર દરેક નાગરિકને છે, પરંતુ તેના નામે કોઈ એક જૂથ જાહેર સ્થળ પર અનિશ્ચિત સમય સુધી કબજો જમાવી શકે નહીં. વિરોધ પ્રદર્શનના અધિકાર અને સામાન્ય નાગરિકોના અધિકારો વચ્ચે સંતુલન જળવાવું જરૂરી છે. દિલ્હીમાં વિરોધ પ્રદર્શનને કારણે વેપાર-ધંધા પર થતી અસર અંગે દાખલ અરજીઓની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આ ટિપ્પણી કરી હતી.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે જણાવ્યું હતું કે કોઈ પણ સંગઠન કે જૂથને નિર્ધારિત વિરોધ સ્થળ પર કાયમી કબજો કરવાનો અધિકાર નથી. ખેડૂતો, પત્રકારો અને અન્ય સંગઠનોને પણ વિરોધ કરવાનો અધિકાર છે. તેથી એક જૂથને અનિશ્ચિત સમય સુધી એક જ સ્થળે વિરોધ કરવાની મંજૂરી આપી શકાય નહીં.

વિરોધ પ્રદર્શન માટે નિર્ધારિત સમયગાળો હોવો જોઈએ. પ્રદર્શનને મંજૂરી આપતા અથવા નકારતા સત્તાધિકારીઓએ પોતાના નિર્ણય પાછળનાં કારણો પણ સ્પષ્ટ કરવાં જોઈએ. કોઈ એક સંગઠન વિરોધ કરી રહ્યું હોય તો અન્ય સંગઠનોને ત્યાં વિરોધ કરતાં રોકી શકાય નહીં.સુપ્રીમ કોર્ટમાં વેપારી સંગઠનો દ્વારા દાખલ અરજીઓમાં વિરોધ પ્રદર્શનને કારણે વેપાર-ધંધા પર થતી અસરનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. વેપારીઓના વકીલે રજૂઆત કરી હતી કે વિરોધ સ્થળની આસપાસના વિસ્તારોમાં અંદાજે ૫૦ લાખ લોકો વસે છે.

તેમના જણાવ્યા અનુસાર, દેખાવોને કારણે આસપાસની દુકાનો બંધ રાખવાની સ્થિતિ સર્જાય છે અને કનોટ પ્લેસ જેવા વ્યસ્ત વ્યાપારી વિસ્તારમાં પણ ખરીદી માટે લોકોની અવરજવર ઘટી જાય છે. આ ઉપરાંત પોલીસ દ્વારા કથિત બળપ્રયોગ, મોટા પાયે અટકાયત, મેટ્રો સ્ટેશન બંધ કરવા અને ઇન્ટરનેટ સેવાઓ બંધ કરવાના મુદ્દાઓ પણ અરજીઓમાં ઉઠાવવામાં આવ્યા હતા.

દિવાળીના તહેવારો દરમિયાન વિરોધ પ્રદર્શન રોકવાની માગ સાથે દિલ્હી કિરાના કમિટી દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. આ મામલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને સંબંધિત સત્તાવાળાઓને નોટિસ પાઠવી હતી.જોકે, કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે વિરોધ પ્રદર્શનો સાથે સંકળાયેલા સંગઠનોને કેસમાં પક્ષકાર બનાવ્યા વિના વેપારીઓની ફરિયાદો અંગે અંતિમ નિર્ણય લઈ શકાય નહીં. વેપારી સંગઠનોને મુખ્ય ચૂંટણી કમિશનર વિરુદ્ધના વિરોધ પ્રદર્શનના આયોજકોને પણ કેસમાં પક્ષકાર બનાવવા સૂચના આપવામાં આવી હતી.


આ સુનાવણી એવા સમયે થઈ રહી છે જ્યારે કેન્દ્ર સરકારે થોડા દિવસ પહેલાં જ જંતર-મંતરને નિર્ધારિત વિરોધ સ્થળોની યાદીમાંથી દૂર કર્યું હતું. તેના વિકલ્પ તરીકે રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને CBD ગ્રાઉન્ડને વિરોધ પ્રદર્શન માટેનાં સ્થળ તરીકે ઓળખવામાં આવ્યાં છે.સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણીથી ફરી એકવાર જાહેર સ્થળો પર વિરોધ પ્રદર્શન કરવાની મર્યાદા, સામાન્ય નાગરિકોની સુવિધા અને લોકશાહી અધિકારો વચ્ચે સંતુલન જાળવવાની ચર્ચા શરૂ થઈ છે.

## પાન મસાલા જાહેરાત વિવાદમાં અજય દેવગણનો FDA સામે મોરચો



**મુંબઈ,** બોલિવૂડ અભિનેતા અજય દેવગણ ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે, પરંતુ આ વખતે કારણ તેમની ફિલ્મ નહીં, પરંતુ વિમલ ઈલાયચીની જાહેરાતને લઈને ઊભો થયેલો કાનૂની વિવાદ છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) દ્વારા આપવામાં આવેલી શો-કોઝ નોટિસને અજય દેવગણે બોમ્બે હાઈકોર્ટમાં પડકારી છે. અભિનેતાએ FDAની કાર્યવાહીને પૂર્વગ્રહયુક્ત ગણાવીને નોટિસને માત્ર ઔપચારિકતા અને દેખાડો ગણાવી છે.આ મામલે બોમ્બે હાઈકોર્ટમાં ૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સુનાવણી થવાની શક્યતા છે. આ વિવાદે સેલિબ્રિટી એન્ડોર્સમેન્ટ, સરોગેટ એડવર્ટાઈઝિંગ અને પ્રતિબંધિત ઉત્પાદનોના પરોક્ષ પ્રચાર અંગે ફરી ચર્ચા જગાવી છે.અજય દેવગણે પોતાની રિટ અરજીમાં દાવો કર્યો છે કે મહારાષ્ટ્ર FDAએ તેમની સ્પષ્ટતા અને ખુલાસાને યોગ્ય રીતે ધ્યાનમાં લીધા વગર જ કાર્યવાહી કરી હતી.

## અમેરિકા સાત શરતો માને તો ૪૮ કલાકમાં હોર્મુઝ ખુલશે : ઈરાન



**વોશિંગ્ટન,** ઈરાને જણાવ્યું હતું કે જો વોશિંગ્ટન તેની સાત માંગ માની લે તો તેઓ ૪૮ કલાકમાં જ હોર્મુઝ ખોલવા અને પરમાણુ કરાર અંગે મંત્રણા કરવા માટે તૈયાર છે. ઈરાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે વોશિંગ્ટન સાથે મધ્યસ્થીઓ દ્વારા થયેલા સંવાદના આધારે આ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જો કે સમયમર્યાદા ઘણી ઓછી છે. આ બાબત ફરીથી શાંતિ પ્રત્યે ઈરાનની પ્રતિબદ્ધતા દર્શાવે છે.નેતન્યાહુએ સંરક્ષણ પ્રધાન પીટ હેગસેથ અને સેટકોમ કમાંડર બ્રેન્ડ કુપર સહિત તંત્રના ટોચના અધિકારીઓ પર દબાણ કરવા માંડ્યુ છે. ઈરાન સામેના યુદ્ધને યોગ્ય રીતે સંભાળવામાં નિષ્ફળ ગયેલા બંને જણા કોઈપણ પ્રકારની સમજૂતીના વિરોધમાં છે.

બંને મોટું ઓપરેશન શરૂ કરવાની તરફેણમાં છે. વિદેશપ્રધાન માર્કો રૂબિયો અને સીઆઈએ ડાયરેક્ટર જોન રેડક્લિફ પણ નેતન્યાહુની વાત માની રહ્યા છે.ઈઝરાયેલે પણ ઈરાન સાથે સંભવિત લશ્કરી સંઘર્ષને લઈને પૂરેપૂરી તૈયારી કરી લીધી છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના પ્રમુખ પ્રમુખ ટ્રમ્પ સમક્ષ ઈરાન પર ફરીથી યુદ્ધ શરૂ કરવાના વિવિધ વિકલ્પો રજૂ કર્યા છે.



## ગુજરાતના નાવિકનું મોત, ૧૩ ભારતીયોનો આબાદ બચાવ

# ઓમાનના દરિયામાં ભારતીય જહાજ પર હુમલો

**નવી દિલ્હી,** ઓમાનના દરિયાકિનારે ભારતીય માલવાહક જહાજ પર થયેલા હવાઈ હુમલાએ ભારતીય નાવિકોની સુરક્ષાને લઈને ગંભીર ચિંતા ઊભી કરી છે. MSV અલ યુસુફી નામના જહાજને નિશાન બનાવવામાં આવતાં તેના પર સવાર ૧૪ ભારતીય નાવિકો જોખમમાં મુકાયા હતા. આ દુર્ઘટનામાં ગુજરાતના ગંધારના રહેવાસી નહીમ અઝીઝનું ગંભીર ઈજાઓના કારણે મોત થયું છે, જ્યારે અન્ય ૧૩ નાવિકોને ઓમાન કોસ્ટ ગાર્ડ દ્વારા સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે.

આ ઘટનાને પગલે ભારત સરકારના શિપિંગ મંત્રાલય અને વિદેશ મંત્રાલયે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી છે. કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સરબાનંદ સોનોવાલે નાવિકના નિધન પર ઊંડું દુઃખ વ્યક્ત કરીને તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.હુમલા બાદ જહાજ પર ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી. ઓમાન કોસ્ટ ગાર્ડે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરીને જહાજમાં ફસાયેલા ૧૩ ભારતીય નાવિકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. જોકે, ગુજરાતના નહીમ અઝીઝને ગંભીર ઈજાઓ થતાં તેમનો જીવ બચાવી શકાયો નહોતો.

ભારતીય વિદેશ મંત્રાલય અને ઓમાનમાં સ્થિત ભારતીય દૂતાવાસ સ્થાનિક વહીવટી તંત્રના સતત સંપર્કમાં છે. બચી ગયેલા નાવિકોને જરૂરી તબીબી અને અન્ય સહાય પૂરી પાડવાની સાથે મૃતક નાવિકના પાર્થિવ દેહને ભારત પરત લાવવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી રહી છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને દરિયાઈ માર્ગો પર વધતા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય વેપારી જહાજોની સુરક્ષા સામે અનેક પડકારો ઊભા થયા છે. ખાસ કરીને ઓમાનનો દરિયાકિનારો અને હોર્મુઝની સામુદ્રધુની વૈશ્વિક વેપાર તથા ઊર્જા પરિવહન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

તાજેતરના મહિનાઓમાં આ વિસ્તારમાં ભારતીય નાવિકો સાથે સંકળાયેલા અનેક દરિયાઈ સુરક્ષા બનાવો સામે આવ્યા છે. વેપારી જહાજો પર થતા હુમલાઓને કારણે નાવિકો અને તેમના પરિવારોમાં ચિંતા વધી રહી છે. આ પ્રકારની ઘટનાઓ આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઈન, દરિયાઈ પરિવહન અને વેપારની સુરક્ષા માટે પણ પડકારરૂપ બની શકે છે.ભારત સરકારે આંતરરાષ્ટ્રીય જળમાર્ગોમાં વેપારી જહાજો અને નાગરિક નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ભારતનું વલણ સ્પષ્ટ છે કે આંતરરાષ્ટ્રીય જળસીમામાં મુક્ત અને સુરક્ષિત અવરજવરને કોઈપણ રીતે અવરોધવો જોઈએ નહીં.

## દિવાળીમાં ફ્લાઇટ ટિકિટના ભાવમાં ૭૦૦% સુધીનો ઉછાળો

**નવી દિલ્હી,** દિવાળીના તહેવાર દરમિયાન હવાઈ મુસાફરી કરવાનું આયોજન કરતા મુસાફરો માટે ફ્લાઇટ ટિકિટના આસમાને પહોંચેલા ભાવ ચિંતાનો વિષય બન્યા છે. ખાનગી એરલાઇન્સ દ્વારા તહેવારો દરમિયાન ટિકિટના ભાવમાં સામાન્ય ભાડાની સરખામણીએ ૭૦૦ ટકા સુધીનો વધારો કરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવામાં આવી હતી. જોકે, આ મામલે તાત્કાલિક સુનાવણી કરવાની અરજદારની માગ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી.સુનાવણી દરમિયાન જસ્ટિસ વિક્રમ નાથે ટિપ્પણી કરતાં કહ્યું હતું કે, 'વિમાનમાં મુસાફરી ન કરો.' આ ટિપ્પણી બાદ બેન્ચે આગામી કેસ હાથ ધર્યો હતો. આ ઘટનાએ તહેવારો દરમિયાન હવાઈ ભાડાંના નિયંત્રણ અને સામાન્ય મુસાફરોના હિત અંગે નવી ચર્ચા જગાવી છે.



# આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે મુરાસુ વાવાઝોડાનું તાંડવ

**તેલંગાણા,** બંગાળની ખાડીમાં સર્જાયેલું ગંભીર ચક્રવાતી તોફાન 'મુરાસુ' આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ત્રાટકતાં દક્ષિણ ભારતના અનેક વિસ્તારોમાં હાહાકાર મચ્યો છે. વાવાઝોડાને કારણે ૧૦૦થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો, જ્યારે પવનના ઝાપટાની ઝડપ ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી હતી. ભારે વરસાદ અને તોફાની પવનને કારણે આંધ્ર પ્રદેશ તથા તેલંગાણામાં સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે.

આશરે ૩૨ ટ્રેનો અને ૧૧ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. બીજી તરફ, દરિયાકાંઠાના વિસ્તારોમાં ઊંચાં મોજાં અને ભારે વરસાદને કારણે માછીમારો તથા ખેડૂતોની મુશ્કેલીઓ વધી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચક્રવાતી તોફાન ઉત્તર-ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધીને મંગળવારે વહેલી સવારે ૩:૩૦થી ૫:૩૦ વાગ્યા દરમિયાન દક્ષિણ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે પહોંચ્યું હતું. નેલ્લોર અને નરસપુર વચ્ચે ઓંગોલ નજીક લેન્ડફોલની પ્રક્રિયા શરૂ થઈ હતી.આ દરમિયાન ૧૦૦થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો અને કેટલાક વિસ્તારોમાં ઝાપટાની ઝડપ ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી હતી. વાવાઝોડાના વિશાળ વૉલ ક્લાઉડનો ભાગ પણ દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રવેશી ચૂક્યો હતો.ચક્રવાતની અસરને કારણે વિશાખાપટ્ટનમના ઋષિકોંડા બીચ નજીક એક બોટ મુશ્કેલીમાં ફસાઈ હતી. નેલ્લોર વિસ્તારમાં પણ બોટ ફસાઈ હોવાના અહેવાલ સામે આવ્યા હતા. જોકે, બંને ઘટનાઓમાં સવાર લોકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હતા.

## પતંજલિના ગાયના ઘી સહિત કરોડોનો ખાદ્યજથ્થો જપ્ત




**મુંબઈ,તા.૩**

તહેવારોની સિઝનમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સલામતી સુનિશ્ચિત કરવા મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) દ્વારા રાજ્યભરમાં મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અભિયાન દરમિયાન પતંજલિ આયુર્વેદના સુપર ડિસ્ટ્રિબ્યુટર પાસેથી ૨૦.૨૦ લાખનું ગાયનું ઘી જપ્ત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વિવિધ સ્થળોએથી ખાદ્ય તેલ, ચોખા, કઠોળ અને અન્ય ખાદ્ય સામગ્રીનો મોટો જથ્થો પણ કબજે કરવામાં આવ્યો છે.

FDAના જણાવ્યા અનુસાર, ખાદ્ય સુરક્ષાના નિયમોના ઉલ્લંઘન બદલ ૧૯ વ્યવસાયોનાં લાઇસન્સ અથવા રજિસ્ટ્રેશન સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. આ કાર્યવાહીથી ખાદ્ય ઉત્પાદકો, વિતરકો અને રિટેલ વેપારીઓમાં ખળભળાટ મચ્યો છે.

છત્રપતિ સંભાજીનગરમાં FDAની ટીમે પતંજલિ આયુર્વેદના સુપર ડિસ્ટ્રિબ્યુટર s/o દિવ્ય મહાવિતારક પાસેથી ગાયના ઘીનો જથ્થો જપ્ત કર્યો હતો. જપ્ત કરાયેલા કુલ ૪,૦૩૨ યુનિટની કિંમત ૨૦.૨૦ લાખ હોવાનું જણાવાયું છે.આ જથ્થામાં ૧,૩૪૯.૧ લિટર ધરાવતા ૨,૯૯૮ યુનિટની કિંમત ૧૨.૨૯ લાખ અને ૯૩૦.૬ લિટર ધરાવતા ૧,૦૩૪ યુનિટની કિંમત ૭.૯૧ લાખ છે.

પ્રાથમિક તપાસમાં આ જથ્થા અંગે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ની જોગવાઈઓના સંભવિત ભંગની બાબત સામે આવી છે. FDA દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.FDAએ મુંબઈ, અમરાવતી અને છત્રપતિ સંભાજીનગર વિભાગોમાં નમકીન, મીઠાઈ અને મસાલાનું ઉત્પાદન કરતા એકમો સહિત ૧૯ વ્યવસાયોનાં લાઇસન્સ અથવા રજિસ્ટ્રેશન સસ્પેન્ડ કર્યાં છે.તપાસ દરમિયાન અનેક સ્થળોએ ખાદ્ય સામગ્રીનો અસ્વચ્છ વાતાવરણમાં સંગ્રહ, જીવાત

## તહેવારો પહેલાં મહારાષ્ટ્ર FDAનો મોટો સપાટો




### ગુમ થયેલા બે યુવકોના મૃતદેહો પહાડી વિસ્તારમાંથી મળ્યો

# મણિપુરમાં બે કુકી યુવકોની ઘાતકી હત્યાથી ભડકો

**મણિપુર,તા.૩**

મણિપુરમાં લાંબા સમયથી ચાલી રહેલી જાતીય હિંસા વચ્ચે બે કુકી યુવકોની ઘાતકી હત્યાની ઘટનાએ ફરી રાજ્યમાં તણાવ વધારી દીધો છે. કાંગપોકપી જિલ્લામાં રહેતા ટી. ચોંગલોઈ (૨૧) અને પાઓગિનલાલ હેંગશિંગ (૨૦)ના ક્ષતવિક્ષત મૃતદેહો પડોશી સેનાપતિ જિલ્લાના પહાડી વિસ્તારમાંથી મળી આવ્યા હતા. આ ઘટનાથી કુકી સમુદાયમાં ભારે રોષ ફેલાયો છે અને અનેક વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયાં છે.

**૨૧ અને ૨૦ વર્ષના યુવકોના ક્ષતવિક્ષત મૃતદેહો મળતાં કુકી સમુદાયમાં ભારે આક્રોશ, રસ્તાઓ પર આગચંપી અને પથ્થરમારો**

હત્યાના વિરોધમાં કુકી સંગઠન કમિટી ઓન ટ્રાઇબલ યુનિટી (COTU)એ અગાઉ જાહેર કરેલા ૨૪ કલાકના બંધને વધુ ૪૮ કલાક લંબાવવાની જાહેરાત કરી છે. બીજી તરફ, વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષાદળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ થતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે.

મળતી માહિતી અનુસાર, તાફોઉ કુકી ગામના રહેવાસી ટી. ચોંગલોઈ અને પાઓગિનલાલ હેંગશિંગ ૨૯ ઑક્ટોબરથી ગુમ હતા. બંને યુવકોની શોધખોળ દરમિયાન રવિવારે સવારે સેનાપતિ જિલ્લાના પહાડી વિસ્તારમાં આવેલા કેળાના બગીચામાંથી બોરીઓમાં ભરેલા તેમના મૃતદેહો મળી આવ્યા હતા.

મૃતદેહોની હાલત અત્યંત ખરાબ હોવાનું જણાવાયું છે. આ ઘટનાને પગલે કુકી સંગઠનોએ ન્યાય અને જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની માગ ઉઠાવી છે. COTUએ રાજ્યપાલ અને વહીવટી તંત્ર પર યોગ્ય કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેવાનો આક્ષેપ પણ કર્યો છે.

બંને યુવકોના મૃતદેહો મળ્યા બાદ કાંગપોકપી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. પ્રદર્શનકારીઓએ રસ્તાઓ પર ટાયર સળગાવ્યા હતા તેમજ લાકડાં અને મોટા પથ્થરો મૂકીને વાહનવ્યવહાર અવરોધ્યો હતો.

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક સુરત/ગુજરાત
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
Wednesday, 04 Noveber-2026
બુધવાર, તા.૦૪/૧૧/૨૦૨૬

# ગુજરાતની તમામ જેલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી પોલીસ બેડામાં દોડધામ

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૦૩**

ગુજરાત રાજ્યની તમામ જેલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં પોલીસ તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ગાંધીનગર સ્થિત ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (DGP) કચેરીના સત્તાવાર ઈ-મેઈલ પર અજાણ્યા શખ્સ દ્વારા ધમકીભર્યો ઈ-મેઈલ મોકલવામાં આવતાં વહેલી સવારથી જ રાજ્યભરમાં પોલીસ તંત્ર એલર્ટ થઈ ગયું છે.

ધમકીભર્યા ઈ-મેઈલમાં લાજપોર મધ્યસ્થ જેલ અને સાબરમતી જેલ સહિત ગુજરાતની તમામ જેલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ ઉપરાંત DGP કચેરી, જિલ્લા પોલીસ અધિકારીઓની કચેરીઓ અને એક મંદિરને પણ નિશાન બનાવવાની વાત કરવામાં આવી હતી. મેઈલમાં વર્ષ ૨૦૦૮ને ભૂલશો નહીં, 'બિગ સરપ્રાઈઝ ફોર ઈન્ડિયન ગવર્મેન્ટ' અને 'વેઈટ એન્ડ વોચ' જેવા શબ્દોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સાથે પાકિસ્તાન ઝિંદાબાદ અને ખાલિસ્તાન ઝિંદાબાદના નારા પણ લખવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ ધમકી મળતાં જ રાજ્યની તમામ જેલોના અધિક્ષકો અને જિલ્લા પોલીસ વડાઓને હાઈ એલર્ટ પર રહેવાની સૂચના આપવામાં આવી હતી.

ગાંધીનગરથી મળેલી સૂચનાના પગલે ક્રાઈમ બ્રાન્ચ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમો દ્વારા વિવિધ જેલોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ખાસ કરીને સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં બોમ્બની અફવાને પગલે ક્રાઈમ બ્રાન્ચ, ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડની ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. બપોર સુધી ચાલેલી સઘન તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વિસ્ફોટક સામગ્રી મળી આવી ન હોવાનું જાણવા મળ્યું છે.

## ગાંધીનગર DGP કચેરીના સત્તાવાર ઈ-મેઈલ પર ખાલિસ્તાની આતંકવાદીના નામે ધમકીભર્યો મેઈલ; લાજપોર જેલ સહિત રાજ્યની તમામ જેલોમાં સઘન ચેકિંગ

ઉલ્લેખનીય છે કે, એક સપ્તાહ અગાઉ અમદાવાદની કેટલીક શાળાઓને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. નારાયણ ગુરુકુળ, ચાંદખેડાની પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ અને સેટેલાઈટ વિસ્તારની શાળાઓને મળેલી ધમકી બાદ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી હતી. વિદ્યાભારતી સ્કૂલ અને આંબાવાડીની સી.એન. વિદ્યાલય સહિત અન્ય શાળાઓમાં પણ ઈ-મેઈલના પગલે તપાસ હાથ ધરવામાં આવી હતી. બીજી તરફ, આગામી ૨૧ નવેમ્બરના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાનારા સિંગર દિલજીતના કોન્સર્ટને લઈને પણ ધમકી આપવામાં આવી હોવાની વિગતો સામે આવી છે.

જોકે, જેલોને ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેઈલને પગલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. ધમકીભર્યો મેઈલ ક્યાંથી અને કોણે મોકલ્યો તે દિશામાં તપાસ હાથ ધરાઈ છે. પોલીસ તંત્ર દ્વારા તમામ સંવેદનશીલ સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવામાં આવી છે.

# દિવાળીના તહેવારો વચ્ચે ફૂડ વિભાગના મીઠાઈની દુકાનોમાં દરોડા



## વિવિધ મીઠાઈઓના સેમ્પલ લઈ લેબોરેટરીમાં મોકલાયા

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૦૩**

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સુરત શહેરમાં મીઠાઈના વેપારીઓ સામે આરોગ્ય વિભાગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

દિવાળીના તહેવાર દરમિયાન સુરતીઓ હજારો કિલો મીઠાઈની ખરીદી કરતા હોય છે. ત્યારે નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મીઠાઈ મળી રહે તેમજ ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોનું વેચાણ અટકાવી શકાય તે હેતુથી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમો મેદાનમાં ઉતરી છે.

આજે સવારથી જ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી મીઠાઈની દુકાનોમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન દુકાનોમાં વેચાણ માટે રાખવામાં આવેલી વિવિધ પ્રકારની મીઠાઈઓના નમૂના એકત્ર કરવામાં આવ્યા હતા. એકત્ર કરાયેલા નમૂનાઓને ગુણવત્તાની ચકાસણી અને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. લેબોરેટરીના રિપોર્ટમાં મીઠાઈમાં ભેળસેળ અથવા ગુણવત્તા અંગે કોઈ ગેરરીતિ સામે આવશે તો સંબંધિત વેપારીઓ સામે નિયમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

દિવાળીના તહેવાર દરમિયાન મીઠાઈની માંગમાં મોટો વધારો થતો હોવાથી નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ શહેરમાં મીઠાઈ સહિત અન્ય ખાદ્યપદાર્થોનું વેચાણ કરતા એકમો પર તપાસ અને નમૂના લેવાની કામગીરી ચાલુ રહેવાની શક્યતા છે. આરોગ્ય વિભાગની આ કામગીરીથી ભેળસેળખોર વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

# દિવાળી પૂર્વે અમરોલી પોલીસનું કોસાડ આવાસમાં મેગા કોમ્બિંગ

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૦૩**

દિવાળીના તહેવાર દરમિયાન શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ અસામાજિક તત્ત્વો પર અંકુશ લાવી ગુનાખોરી ડામવા માટે સુરત પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે અમરોલી પોલીસ દ્વારા કોસાડ આવાસના H-4 અને H-5 વિસ્તારમાં મેગા કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા, ડીસીપી લખધીરસિંહ ઝાલા અને એસીપી પાર્થ ચૌવટિયાના માર્ગદર્શન હેઠળ અમરોલી પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. વણાર અને એસ.બી. વસાવાની આગેવાનીમાં પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓની બે ટીમો બનાવી કોસાડ આવાસના ૩ૐ-૪ અને ૩ૐ-૫ વિસ્તારમાં સઘન તપાસ કરવામાં આવી હતી. પોલીસના મોટા કાફલાએ લાઠી અને હેલ્મેટ સાથે વિસ્તારમાં કોમ્બિંગ કરી અગાઉના ગુનાઓમાં પકડાયેલા શખ્સોની પણ તપાસ કરી હતી.

**H-4 અને H-5 વિસ્તારમાં સઘન ચેકિંગ; વિવિધ ગુનાઓમાં કુલ ૩૪ કેસ નોંધાયા, ૪૩ પોલીસકર્મીઓની ટીમ જોડાઈ**

આ કામગીરી દરમિયાન જીપી એક્ટની કલમ ૧૩૫ હેઠળ ૧૮ કેસ, કલમ ૧૪૨ હેઠળ તડીપાર હોવા છતાં વિસ્તારમાં મળી આવેલા બે શખ્સો સામે કાર્યવાહી, પ્રોહિબિશનના ૯ કેસ તેમજ દારૂ પીધેલી હાલતમાં મળી આવેલા ૮ શખ્સો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આમ, કુલ ૩૪ કેસમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.આ મેગા કોમ્બિંગ કામગીરીમાં એક અધિક પોલીસ કમિશનર, એક ડીસીપી, એક એસીપી, બે પોલીસ ઈન્સ્પેક્ટર, પાંચ પીએસઆઈ તેમજ એએસઆઈ, હેડ કોન્સ્ટેબલ અને પોલીસ કોન્સ્ટેબલ સહિત કુલ ૪૩ પોલીસકર્મીઓ જોડાયા હતા.

દિવાળીના તહેવાર પૂર્વે કોસાડ આવાસમાં અમરોલી પોલીસની આ સઘન કોમ્બિંગ કામગીરીથી અસામાજિક તત્ત્વોમાં ફફડાટ ફેલાયો હતો. તહેવારો દરમિયાન શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા આવી કાર્યવાહી સતત કરવામાં આવી રહી છે.

# સારોલી વિસ્તારમાં કાપડના વેપારી સાથે રૂ. ૫.૭૭ લાખની છેતરપિંડી

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૦૩**

સુરતના સારોલી વિસ્તારમાં કાપડના વેપારી સાથે રૂ. ૫.૭૭ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાતનો મામલો સામે આવ્યો છે. વેપારના બહાને ફિનિશ કાપડનો માલ મંગાવી તેના નાણાં નહીં ચૂકવી બે શખ્સોએ વેપારી સાથે છેતરપિંડી આચર્યાની ફરિયાદ નોંધાઈ છે. લાંબા સમય સુધી પેમેન્ટ ચૂકવવાના વાયદા કરી બંને આરોપીઓ વેપારીને ગોળગોળ ફેરવતા રહ્યા હતા.

ડિંડોલીના મહાદેવનગર સોસાયટીમાં રહેતા અને કાપડનો વેપાર કરતા દિનેશ નરસિંગ નારાયણ પાંડેએ ફરિયાદ નોંધાવી છે. અમદાવાદના આસ્ટોડિયા વિસ્તારમાં સુપર આર્ટના પ્રોપરાઈટર સલીમ અયુબભાઈ રમકડાવાલા અને રાજસ્થાનના જેસલમેર જિલ્લાના સોનુ ગામના સ્વાંગિયા એજન્સીના માલિક તથા સુપર આર્ટના દલાલ ઉમેદસિંહે એકબીજાની મદદથી દિનેશભાઈનો સંપર્ક કર્યો હતો. આરોપીઓએ મીઠી-મીઠી વાતો કરીને વેપારીનો વિશ્વાસ જીત્યો હતો.

ત્યારબાદ ૧૧ માર્ચ,

**ફિનિશ કાપડનો માલ મંગાવી પેમેન્ટ નહીં ચૂકવી બે શખ્સો ફરાર; લાંબા સમય સુધી વાયદાઓ કરી વેપારીને ગોળગોળ ફેરવ્યા**

૨૦૨૪ના રોજ દિનેશભાઈની માંધાતા એન.એક્સ. ફર્મમાંથી અલગ-અલગ બિલ દ્વારા કુલ રૂ. ૫,૭૭,૧૭૯ની કિંમતનો ફિનિશ કાપડનો માલ સુપર આર્ટના નામે મંગાવ્યો હતો. જોકે, કાપડનો માલ મેળવી લીધા બાદ બંને આરોપીઓએ એક પણ રૂપિયો ચૂકવ્યો નહોતો. વેપારી દ્વારા વારંવાર પેમેન્ટની ઉઘરાણી કરવામાં આવતાં બંને આરોપીઓ વાયદાઓ કરી સમય પસાર કરતા રહ્યા હતા અને ઉડાઉ જવાબો આપતા હતા.

આખરે વેપારીએ પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવતા ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સચિન-હજીરા નેશનલ હાઈવે પર હિટ એન્ડ રનનો ભેદ ઉકેલાયો

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૦૩**

સુરતના સચિન-હજીરા નેશનલ હાઈવે પર ગર્ભણી બ્રિજ નીચે સર્જાયેલા હિટ એન્ડ રન અકસ્માતનો ભેદ સચિન GIDC પોલીસે ઉકેલી લીધો છે. રાહદારીને પાછળથી ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયેલા બાઈકચાલકને પોલીસે ઝડપી પાડ્યો છે. અકસ્માત સ્થળેથી મળી આવેલા મોટરસાઈકલના સાઈડ ગ્લાસના તૂટેલા ટુકડાએ આ ગુનાનો ભેદ ઉકેલવામાં મહત્વની કડી પૂરી પાડી હતી.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગત ૨૭ ઓક્ટોબરના રોજ રાત્રે આશરે ૯:૧૫ વાગ્યાના અરસામાં રાજુ લલીન્દર રામનો ભાઈ સચિન-હજીરા નેશનલ હાઈવે નંબર-૬ પર ગર્ભણી બ્રિજ નીચે કલરટેક્સ કંપનીના ગેટ સામે રસ્તાની સાઈડ પર ચાલતો ચાલતો કામ પરથી ઘરે જઈ રહ્યો હતો. તે દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવેલા અજાણ્યા મોટરસાઈકલચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી.

**ગર્ભણી બ્રિજ નીચે રાહદારીને પાછળથી ટક્કર મારી બાઈકચાલક ફરાર; ૭ દિવસ બાદ સચિન GIDC પોલીસે આરોપીને ઝડપી પાડ્યો**

અકસ્માતમાં રાહદારીને માથા સહિત હાથ-પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન ૨૮ ઓક્ટોબરના રોજ તેનું મોત નીપજ્યું હતું. આ મામલે સચિન GIDC પોલીસ મથકમાં હિટ એન્ડ રનનો ગુનો નોંધાયો હતો.

પોલીસે અકસ્માત સર્જીને ફરાર થયેલા બાઈકચાલકની શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન અકસ્માત સ્થળેથી મોટરસાઈકલના સાઈડ ગ્લાસનો તૂટેલો ટુકડો મળી આવ્યો હતો. આ ટુકડો અલગ-અલગ કંપનીના શોરૂમમાં બતાવી તપાસ કરતાં તે એક્સ્ટ્રીમ મોટરસાઈકલનો હોવાનું જાણવા મળ્યું હતું. બીજી તરફ, અકસ્માત સ્થળ અને આસપાસના ઝઝૂફ ફૂટેજ તપાસતાં રાત્રિના અંધારાને કારણે મોટરસાઈકલનો નંબર કે ચાલકનો ચહેરો સ્પષ્ટ દેખાતો નહોતો. જોકે, અકસ્માત બાદ ચાલક પૂરપાટ ઝડપે ફરાર થયો હોવાનું તેમજ તેણે સફેદ શર્ટ અને સફેદ બૂટ પહેર્યા હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસે ભેસ્તાન સુધીના આગળના રૂટના CCTV ફૂટેજ તપાસ્યા હતા. ત્યારબાદ ઘટનાના અગાઉના રૂટના ફૂટેજ ચકાસતાં એક સ્થળે શંકાસ્પદ બાઈકચાલકનો ચહેરો સ્પષ્ટ દેખાયો હતો. આ મહત્વની કડીના આધારે પોલીસે બ્લેક કલરની એક્સ્ટ્રીમ મોટરસાઈકલ નંબર GJ-05-NT-3641ના ચાલક ૨૯ વર્ષીય વિશાલ વિનય શ્રીવાસ્તવ (રહે. સોનલ ઈન્ડસ્ટ્રીઝ, અજરા ફર્નિચરની બાજુમાં, ભેસ્તાન)ની ઓળખ કરી તેને ઝડપી પાડ્યો હતો. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરી છે.

# લગ્નના પાંચ વર્ષમાં પતિએ પત્ની અને ત્રણ દીકરીઓને તરછોડી દીધા

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૦૩**

સુરત શહેરમાં દહેજના મહેણાં મારી પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ આપવાના મામલે પતિ સહિત સાસુ-સસરા સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. લગ્નના પાંચ વર્ષ બાદથી સતત ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, પતિ છેલ્લા સાત મહિનાથી પત્ની અને ત્રણ દીકરીઓને તરછોડી જતો રહ્યો હોવાની પણ ફરિયાદમાં રજૂઆત કરવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, પરિણીતાના લગ્ન ૮ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ થયા હતા. લગ્નના આશરે પાંચ વર્ષ બાદ પતિ દેવિડકુમાર દશરથભાઈ પટેલ, સસરા દશરથભાઈ જીવણભાઈ પટેલ અને સાસુ વિમળાબેન દશરથભાઈ પટેલે એકસંપ થઈ ઝઘડા કરીને ગંદી ગાળો આપવાનું અને મારઝૂડ કરી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. સાસુ-સસરા દહેજને લઈને મહેણાં મારતા હતા અને કહેતા હતા કે, તું દહેજમાં કંઈ લાવી નથી, તારા કરતાં અમારા દીકરાનાં બીજાં લગ્ન કર્યાં હોત તો વધુ દહેજ મળ્યું હોત.

**દહેજના મહેણાં મારી શારીરિક અને માનસિક ત્રાસ આપવાનો આક્ષેપ; સાસુ-સસરા સહિત પતિ સામે પરિણીતાની પોલીસ ફરિયાદ**

આ ઉપરાંત પતિને મોબાઈલમાં સટ્ટો રમવાની આદત હોવાથી તે કમાયેલા તમામ પૈસા સટ્ટામાં ખર્ચી નાખતો હતો અને પત્નીને ઘરખર્ચ માટે પણ નાણાં આપતો નહોતો. ફરિયાદમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, છેલ્લા સાત મહિનાથી પતિ પત્ની અને ત્રણ દીકરીઓને છોડી ચાલ્યો ગયો છે. આ મામલે પરિણીતાએ ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ સહિત સાસુ-સસરા સામે વધુ તપાસ હાથ ધરી છે.

# ગુંદરણ ગામે સળગતી કારમાં ફસાતાં બે મજૂરો જીવતા ભૂંજાયા

**દ્રષ્ટિકોણ-અમરેલી,** અમરેલી જિલ્લાના લીલિયા તાલુકાના ગુંદરણ ગામે એક કાળજું કંપાવનારી ઘટના સામે આવી છે. ગામની સીમમાં ઊભેલી એક તૂફાન કારમાં અચાનક ભીષણ આગ લાગી જતાં અંદર સૂતેલા બે પરપ્રાંતિય મજૂરો જીવતા ભૂંજાઈ ગયા હતા. બંનેના કરૂણ મોત નીપજતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.મળતી વિગતો અનુસાર, ગુંદરણ ગામની સીમ વિસ્તારમાં ઊભેલી તૂફાન ગાડીની અંદર બે પરપ્રાંતિય મજૂરો ઊંઘી રહ્યા હતા. આ દરમિયાન ગાડીમાં અચાનક આગ ભભકી ઉઠી હતી. આગ એટલી ઝડપથી પ્રસરી ગઈ હતી કે ગાડીમાં સૂતેલા મજૂરોને બહાર નીકળવાની તક પણ મળી ન હતી. પરિણામે બંને યુવકો સળગતી ગાડીમાં ફસાઈ જતાં ઘટનાસ્થળે જ ભડથું થઈ ગયા હતા.ઘટનાની જાણ થતાં જ લીલિયા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતદેહોને કબજે લઈ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી છે. આ ઘટના અકસ્માતે ગાડીમાં આગ લાગવાથી બની છે કે પછી કોઈ અજાણ્યા શખસો દ્વારા કાર સળગાવીને હત્યા કરવામાં આવી છે.

# નવી સિવિલ હોસ્પિટલમાં ૧૨૦ નર્સિંગ સ્ટાફની નિમણૂક, ઈન્ડક્શન તાલીમ યોજાઈ

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૩**



સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં મંગળવારે નવનિયુક્ત નર્સિંગ સ્ટાફ માટે વિશેષ ઈન્ડક્શન ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમનો મુખ્ય હેતુ નવનિયુક્ત નર્સિંગ સ્ટાફને હોસ્પિટલની કાર્યપ્રણાલી, ઈમરજન્સી સેવાઓ અને દર્દીઓની વધુ સારી સારવાર તથા સંભાળ માટે સજ્જ કરવાનો હતો.

તાલીમ દરમિયાન વિવિધ વિભાગોના નિષ્ણાતોએ નર્સિંગ સ્ટાફને દર્દીઓની સુરક્ષા, દવાઓનું યોગ્ય વ્યવસ્થાપન, ફાયર સેફટી, ઈન્ફેક્શન કંટ્રોલ તેમજ હોસ્પિટલમાં અમલમાં રહેલા વિવિધ ઈમરજન્સી કોડ મુજબ કામગીરી કરવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. હોસ્પિટલનાં સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. પારુલબેન વાડગામાએ જણાવ્યું હતું કે લાંબા સમયથી ખાલી પડેલી નર્સિંગ સ્ટાફની જગ્યાઓ ભરવા અંગે આરોગ્યમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાને રજૂઆત કરવામાં આવી હતી.

તેમના પ્રયાસોથી ઝડપી નિર્ણય લેવામાં આવ્યો હતો અને પ્રથમ તબક્કામાં ૧૨૦ નર્સોની નિમણૂક કરવામાં આવી છે. તેમણે નવનિયુક્ત નર્સિંગ સ્ટાફને સંબોધતાં જણાવ્યું હતું કે સરકારી હોસ્પિટલમાં સારવાર માટે આવતા ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓની સેવા કરવી એ માત્ર નોકરી નથી, પરંતુ ઉચ્ચ કક્ષાનું સેવાકાર્ય છે. દર્દીઓ પ્રત્યે સંવેદનશીલતા અને જવાબદારીની ભાવના સાથે ફરજ બજાવવા તેમણે અપીલ કરી હતી. આ પ્રસંગે નર્સિંગ એસોસિએશનના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ જણાવ્યું હતું કે નર્સિંગ સ્ટાફ દ્વારા દર્દીઓને સારવારની સાથે આત્મીયતા અને સૌમ્ય વર્તન આપવામાં આવે તો હોસ્પિટલની છબી વધુ સારી બને છે. દર્દીઓ સાથેનો માનવીય અભિગમ પણ આરોગ્યસેવાનો મહત્ત્વનો હિસ્સો છે.

# ગુજરાતમાં સરકારી કર્મચારીઓની સંપત્તિ તપાસવા નવી સિસ્ટમ અમલી

**દ્રષ્ટિકોણ-ગાંધીનગર, તા.૩**

ગુજરાતમાં સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પોતાના કાર્યકાળ દરમિયાન જમા કરતા અપ્રમાણસર મિલકતો અને સંપતિઓ પર ચાંપતી નજર રાખવા માટે ગુજરાત તકેદારી આયોગ દ્વારા એક અતિ મહત્વપૂર્ણ આદેશ જારી કરવામાં આવ્યો છે.રાજ્ય સરકારના દરેક વિભાગમાં કર્મચારીઓ સ્થાવર અને જંગમ મિલકતોની સુવ્યવસ્થિત ચકાસણી થાય અને અપ્રમાણસર મિલકત સંબંધિત ફરિયાદો વખતે તમામ મિલકતો તુરંત ઉપલબ્ધ રહે તે માટે નવી ચકાસણી સિસ્ટમ ગોઠવવાની તાકીદ કરાઈ છે. તકેદારી આયોગની સમીક્ષા બેઠકના આધારે મહિલા અને બાળ વિકાસ વિભાગે પરિપત્ર બહાર પાડી તમામ શાખાઓ અને કચેરીઓને આ નિયમોનું ચુસ્ત પણે પાલન કરવા નિર્દેશ આપ્યા છે.અત્યાર સુધીમાં ગુજરાત રાજ્ય સેવા નિયમો, ૧૯૭૧ના નિયમ-૧૯ હેઠળ માત્ર ક્લાસ ૧-૨ ના રાજ્યપત્રિત અધિકારીઓ જ પોતાની મિલકતોનું વાર્ષિક પત્રક ઓનલાઈન સોફટવેરમાં અપડેટ કરતા હતા. પરંતુ સામાન્ય વહીવટ વિભાગના નવા સુધારા અનુસાર, હવે વર્ગ ૩ના કર્મચારીઓ માટે પણ દર વર્ષે પોતાની સ્થાવર અને જંગમ મિલકતોનું વાર્ષિક પત્રક ભરવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે.સરકારી કામગીરીમાં પારદર્શિતા લાવવા માટે રાજ્યમાં ચાલી રહેલા રૂ. ૧ કરોડથી વધુની રકમના બાંધકામ પ્રોજેક્ટ્સના ત્રિ-માસિક પત્રકો તકેદારી આયોગના ટેકનિકલ એકમને મોકલવામાં આવશે. આ વિગતોના આધારે નિવારત્મક તકેદારી નિરીક્ષણ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત, સરકારી યોજનાઓમાં નાણાકીય નુકસાન પહોંચાડનાર કોન્ટ્રાક્ટરો કે એજન્સીઓ સામે 'ધી ગુજરાત પબ્લિક વર્ક્સ કોન્ટ્રાક્ટ ડિસ્પ્યુટ્સ ટ્રિબ્યુનલ એક્ટ-૧૯૯૨' હેઠળ કાનૂની કાર્યવાહી કરીને રિકવરી કરવામાં આવશે.નવા નિયમો મુજબ, જો કોઈ કર્મચારી કે અધિકારી સામે ભ્રષ્ટાચારના પુરાવા મળશે, તો નોકરીમાંથી રાજીનામું આપવાથી, બરતરફ થવાથી કે નિવૃત્ત થવાથી તેમની સામેની કાનૂની અને પોલીસ કાર્યવાહી રદ થશે નહીં. દોષિત કર્મચારીઓ અને સરકારને નુકસાન પહોંચાડનારા કોન્ટ્રાક્ટરો પાસેથી નાણાકીય રીકવરી કરવા માટે ટ્રિબ્યુનલ એક્ટ હેઠળ કડક પગલાં લેવામાં આવશે.

## અમદાવાદમાં નકલી પોલીસનો પર્દાફાશ

# ખોખરામાં વેપારી મહિલાને રૂ. ૨૩,૫૦૦નો ચૂનો લગાવનાર રીઢો ઠગ ઝડપાયો

**અમદાવાદ,તા.૩**

અમદાવાદ શહેરમાં નકલી પોલીસ બનીને લોકો સાથે છેતરપિંડી કરતા શખસનો ખોખરા પોલીસે પર્દાફાશ કર્યો છે. વેપારી મહિલાને બાકી નાણાં કઢાવી આપવાની લાલચ આપીને પોલીસની ખોટી ઓળખ આપનાર અલ્પેશ પરમારને પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપીએ મહિલાને વિશ્વાસમાં લઈને રૂ. ૨૩,૫૦૦ પડાવ્યા હતા. પોલીસે આરોપીની ધરપકડ કરી તેની પાસેથી છેતરપિંડીથી મેળવેલી રકમ પણ રિકવર કરી છે.

ખોખરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ફરિયાદી સંગીતાબેન નીલેશભાઈ પટેલ વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમની અગાઉની આર્થિક લેવડદેવડના કેટલાક નાણાં બાકી નીકળતા હતા. આ દરમિયાન અમરાઈવાડી વિસ્તારમાં રહેતા અલ્પેશ પરમારે પોતે પોલીસ કર્મચારી હોવાની ઓળખ આપી હતી.આરોપીએ મહિલાને બાકી નાણાં કઢાવી આપવાની ખાતરી આપી વિશ્વાસમાં લીધા હતા.

**પોતાને પોલીસ કર્મચારી ગણાવી બાકી નાણાં કઢાવી આપવાની લાલચ આપતો હતો, ૧૨ વર્ષમાં ચાર ગુનામાં સંડોવણી**

ત્યારબાદ આ કામ કરાવી આપવાના બહાને તેમની પાસેથી કુલ રૂ. ૨૩,૫૦૦ પડાવી લીધા હતા. જોકે, આરોપીએ નાણાં પડાવ્યા બાદ છેતરપિંડી કરી હોવાનું સામે આવતાં મહિલાએ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે ખોખરા પોલીસે ગુનો નોંધી આરોપી અલ્પેશ પરમારની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીનો ગુનાહિત ઈતિહાસ રહ્યો છે.

વર્ષ ૨૦૧૪, ૨૦૧૮ અને ૨૦૨૫માં અમરાઈવાડી પોલીસ સ્ટેશનની હદમાં ડુપ્લિકેટ પોલીસ બનીને ગુનાઓ આચરવાના મામલે તે અગાઉ ત્રણ વખત ઝડપાઈ ચૂક્યો છે.

આમ, છેલ્લા ૧૨ વર્ષમાં તેની સામે ચાર ગુનાઓ નોંધાયા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આરોપી સ્થાનિક લોકોને પોલીસ હોવાનો રોફ બતાવીને પોતાના શિકાર બનાવતો હોવાની વિગતો પણ સામે આવી છે.

આરોપીની ધરપકડ બાદ પોલીસે તેની પાસેથી છેતરપિંડી કરીને મેળવેલા રૂ. ૨૩,૫૦૦ રિકવર કર્યા છે. જોકે, તેની પાસેથી પોલીસનું કોઈ આઈ-કાર્ડ કે સરકારી ઓળખ દર્શાવતી સામગ્રી મળી આવી નથી.હાલમાં ખોખરા પોલીસે આરોપી સામે વધુ તપાસ હાથ ધરી છે.

# રાણીપના યુવકના ખાતામાંથી હેકરે ૯.૪૮ લાખ રૂપિયા ઉડાવ્યા

**અમદાવાદ,** દ્વીજઃ અમદાવાદના રાણીપમાં રહેતા અને મોબાઈલ સ્ટોરમાં કામ કરતા ૨૯ વર્ષીય રાજ શેઠના મોબાઈલમાં love chat.apk નામની વાયરસવાળી ફાઈલ ઈન્સ્ટોલ કરાવીને હેકરે ફોનનો એક્સેસ લઈને ૯.૪૮ લાખ રૂપિયા બીજા ખાતામાં ટ્રાન્સફર કરીને સાયબર ભ્રોડ કર્યો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. હેકરે બૅંકની માહિતી ચોરીને Paએં ગેટવે મારફતે લાખો રૂપિયા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લેતાં ભોગ બનનાર યુવકે આ અંગે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.નકશા જુઓમળતી માહિતી અનુસાર, રાણીપ વિસ્તારમાં રહેતા અને મોબાઈલ સ્ટોરમાં નોકરી કરતા ૨૯ વર્ષીય રાજ જિતેન્દ્રકુમાર શેઠ સાથે સાયબર ભ્રોડ થો છે. ૩૧મી ઓક્ટોબરના રોજ હેકરે તેમના મોબાઈલ નંબર પર એક ટેક્સ્ટ મેસેજ મોકલી love chat.apk નામની એક ફાઈલ ઈન્સ્ટોલ કરાવી હતી. આ ફાઈલથી હેકરે ફરિયાદીના મોબાઈલનો એક્સેસ લઈ લીધો હતો અને તેમના બૅંક એકાઉન્ટ તથા પાસવર્ડની માહિતી લીધી હતી. ત્યારબાદ હેકરે Paએં પેમેન્ટ ગેટવે દ્વારા અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરીને તેમના બૅંક ખાતામાંથી કુલ ૯.૪૮,૪૯૩.૮૩ રૂપિયા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા.આ અંગે જાણ ફરિયાદીને પહેલી નવેમ્બરે થઈ જ્યારે તેમણે પોતાની મોબાઈલ બેન્કિંગ એપ્લિકેશન ખોલવાનો પ્રયાસ કર્યો.

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
E-mail : drashtikonjanvani09@gmail.com


# વલસાડ જિલ્લાને નવા વર્ષની ભેટ: ૩.૩૭.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત ૭ માળના જિલ્લા પંચાયત ભવનનું લોકાર્પણ



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ; નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

**દ્રષ્ટિકોણ-વલસાડ,** નૂતન વર્ષ પૂર્વે વલસાડ જિલ્લાની જનતાને રૂ.૩૭.૫૦ કરોડના ખર્ચે નિર્મિત આધુનિક અને સુવિધાસભર ૭ માળના જિલ્લા પંચાયત ભવનની ભેટ મળી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે નવનિર્મિત ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહિત રાજ્યના મંત્રીઓ, સાંસદ, ધારાસભ્યો અને જિલ્લાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા નિર્માણ પામતાં આધુનિક ભવનોની સુવિધાઓ અધિકારીઓ કે કર્મચારીઓ માટે નહીં, પરંતુ સામાન્ય નાગરિકોની સુવિધા માટે છે. દરેક અધિકારી અને કર્મચારીનો એક જ કાર્યમંત્ર નાગરિક દેવો ભવઃ હોવો જોઈએ. સરકારી કચેરીમાં કામ માટે આવતા કોઈપણ નાગરિકનું કામ અટકવું ન જોઈએ અને પોતાની મુશ્કેલીનું નિરાકરણ મેળવી તે સંતોષ સાથે પરત ફરે તેવો અભિગમ રાખવો જરૂરી છે. નાગરિકોનો સરકાર અને વહીવટી તંત્ર પરનો વિશ્વાસ જળવાઈ રહે તે રીતે કામગીરી કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, આ ભવન માત્ર વહીવટી કચેરી નહીં, પરંતુ સામાન્ય નાગરિકોની સેવાનું કેન્દ્ર બનવું જોઈએ. અહીં ઊભી કરાયેલી સુવિધાઓનો મહત્તમ લાભ જનતાને મળે તે જરૂરી છે.

જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલે ભવનમાં દિવ્યાંગો, બાળકો, વરિષ્ઠ નાગરિકો તેમજ અધિકારી-કર્મચારીઓ માટે ઊભી કરાયેલી સુવિધાઓની માહિતી આપી હતી. એક જ સંકુલમાં વિવિધ વિભાગોની કચેરીઓ કાર્યરત થવાથી નાગરિકોને અલગ-અલગ કચેરીઓના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે અને વિભાગો વચ્ચે સંકલન વધતાં વહીવટી કામગીરી ઝડપી બનશે.

આ પ્રસંગે નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, સાંસદ ધવલભાઈ પટેલ સહિત જિલ્લાના ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ભવનની વિવિધ કચેરીઓ, ચેમ્બર અને કોન્ફરન્સ હોલની મુલાકાત લઈ નાગરિકો માટેની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. અંતે જિલ્લા પંચાયતના સભ્યો, પાલિકા પ્રમુખો અને સંગઠનના હોદ્દેદારો સાથે ફોટો સેશન પણ યોજાયું હતું.

# વલસાડમાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ



**દ્રષ્ટિકોણ-વલસાડ,** પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને ખેડૂતોની પેદાશોને યોગ્ય બજાર મળી રહે તેવા હેતુથી વલસાડના તિથલ રોડ ખાતે નવનિર્મિત 'પ્રભા પ્રાકૃતિક કૃષિ ખેત ઉત્પાદન વેચાણ કેન્દ્ર'નું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ તથા સાંસદ અને લોકસભા દંડક ધવલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.લોકાર્પણ બાદ મુખ્યમંત્રીએ કેન્દ્રનું નિરીક્ષણ કરી ઉપલબ્ધ ઉત્પાદનોની માહિતી મેળવી હતી. આ વેચાણ કેન્દ્રમાં પ્રાકૃતિક પદ્ધતિથી ઉગાડવામાં આવેલી તાજી શાકભાજી, ફળો, અનાજ અને મધ સહિતની પેદાશો ગ્રાહકો માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઉપરાંત પ્રાકૃતિક ખેતીમાં ઉપયોગી ઘન જીવામૃત, ગૌમૂત્ર, બીજામૃત અને જીવામૃત જેવી સામગ્રીનું પણ વેચાણ કરવામાં આવશે.

આ કેન્દ્રથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમની પેદાશોના વેચાણ માટે યોગ્ય બજાર મળશે, જ્યારે નાગરિકોને ગુણવત્તાયુક્ત પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો એક જ સ્થળેથી મળી શકશે.

જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાને જણાવ્યું હતું કે, વલસાડ જિલ્લામાં સ્થાપિત થનારા કુલ ૧૦ કિઓસ્ક પૈકી આ એક કેન્દ્ર છે. તેનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોના ઉત્પાદનો માટે મજબૂત સપ્લાય ચેઈન ઊભી કરી ખેતરથી ગ્રાહક સુધી સીધું વેચાણ સરળ બનાવવાનો અને ખેડૂતોને યોગ્ય ભાવ અપાવવાનો છે.

આ પ્રસંગે ધારાસભ્ય ભરતભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત અને જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગમાં પાણી પુરવઠા વિભાગના મજૂરોની હડતાળથી આહવામાં જળસંકટ

**૫૦થી વધુ કોન્ટ્રાક્ટ મજૂરોનો સાડા ત્રણ મહિનાનો પગાર બાકી હોવાનો આક્ષેપ; આહવાના તમામ સંપમાં પાણી નહીં હોવાની સ્થિતિથી તંત્રની કામગીરી સામે સવાલો**

**દ્રષ્ટિકોણ-ડાંગ:** ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવામાં પાણી પુરવઠાની વ્યવસ્થા ખોરવાતાં નાગરિકોની મુશ્કેલીઓમાં વધારો થયો છે. પાણી પુરવઠા વિભાગમાં કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા મજૂરોની હડતાળને પગલે આહવામાં પાણીની અછત સર્જાઈ હોવાની સ્થિતિ સામે આવી છે. આહવાના તમામ સંપમાં પાણી ન હોવાની ફરિયાદને કારણે દિવાળી જેવા તહેવારના ટાણે નાગરિકો માટે પીવાના પાણીની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. એક તરફ તહેવારની તૈયારીઓ ચાલી રહી છે, તો બીજી તરફ ઘરમાં પાણીની વ્યવસ્થા કેવી રીતે કરવી તે પ્રશ્ન નાગરિકોને સતાવી રહ્યો છે.

પાણી પુરવઠા વિભાગમાં પંપ ઓપરેટર, લાઈનમેન, વાલ્વમેન સહિત ૫૦થી વધુ કોન્ટ્રાક્ટ મજૂરોનો છેલ્લા સાડા ત્રણ મહિનાનો પગાર બાકી હોવાનો આક્ષેપ છે. આ ઉપરાંત, લાગુ પડતું લઘુતમ વેતન પણ નિયમ મુજબ મળતું ન હોવાની ફરિયાદ સાથે મજૂરોએ મુખ્યમંત્રીશ્રી સહિતના ઉચ્ચ અધિકારીઓને સામૂહિક અરજી આપી ન્યાયની માંગ કરી છે. મજૂરોને સમયસર વેતન ન મળતું હોવાના આક્ષેપો અને હડતાળને પગલે પાણી પુરવઠાની કામગીરી પર અસર પડતી હોવાનું સામે આવતાં હવે સવાલ એ ઊભો થાય છે કે મજૂરોના પ્રશ્નોનો સમયસર ઉકેલ લાવવામાં તંત્ર કેમ નિષ્ફળ રહ્યું? જો મજૂરોની ફરિયાદ સાચી હોય તો તેમની મહેનતની કમાણી ચૂકવવાની જવાબદારી કોની અને નાગરિકોને પાણી પૂરું પાડવાની વૈકલ્પિક વ્યવસ્થા કરવાની જવાબદારી કોની? દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે આહવાના તમામ સંપમાં પાણી ન હોવાની ફરિયાદ નાગરિકોની ચિંતામાં વધારો કરી રહી છે. રોજિંદા ઘરકામ, રસોઈ, પીવાનું પાણી અને તહેવારની તૈયારીઓ માટે પાણી અનિવાર્ય છે. આવી સ્થિતિમાં પાણી પુરવઠો ખોરવાય તો તેની સીધી અસર સામાન્ય પરિવારો પર પડે છે.

પાણી પુરવઠા જેવી આવશ્યક સેવામાં વિક્ષેપ સર્જાય ત્યારે નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે. ટેન્કર દ્વારા પાણી વિતરણ, સંપમાં પાણી ભરવાની વ્યવસ્થા અને અસરગ્રસ્ત વિસ્તારોમાં સમયસર પુરવઠો શરૂ કરવા માટે તાત્કાલિક પગલાં લેવાની માંગ ઊઠી રહી છે. એક તરફ મજૂરો બાકી પગાર અને લઘુતમ વેતનના મુદ્દે ન્યાયની માંગ કરી રહ્યા છે, તો બીજી તરફ આહવાના નાગરિકો પાણીની સમસ્યાથી પરેશાન થઈ રહ્યા છે.

મજૂરોના વેતનનો વિવાદ ઉકેલવામાં વિલંબ થાય તો તેની અસર આવશ્યક જાહેર સેવા પર કેમ પડવી જોઈએ? શું જવાબદાર વિભાગ અને કોન્ટ્રાક્ટર વચ્ચેના વિવાદનો બોજ સામાન્ય નાગરિકોએ સહન કરવાનો? હવે જિલ્લા કલેક્ટર, પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ અને સંબંધિત શ્રમ વિભાગે આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની જરૂર છે. મજૂરોના બાકી પગાર અંગે તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે, તેમની સાથે વેતનનો પ્રશ્ન ઉકેલવામાં આવે અને આહવામાં પાણી પુરવઠો તાત્કાલિક પૂર્વવત્ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.હાલનો સૌથી મોટો સવાલ એ છે કે દિવાળી પહેલાં આહવાના નાગરિકોને નિયમિત પાણી મળશે કે પછી તંત્રની નિષ્ક્રિયતાના આક્ષેપો વચ્ચે લોકોએ પાણી માટે મુશ્કેલી સહન કરવી પડશે?

# વાંસદામાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું આત્મીય સન્માન

**નારાયણભાઈ ગુર્જરે ભગવાન શ્રી દેવનારાયણજીના દિવ્ય બાળ સ્વરૂપનું ચિત્ર ભેટ આપ્યું; હર્ષ સંઘવીએ સાફો પરત પહેરાવી જીત્યાં સૌનાં દિલ**



**દ્રષ્ટિકોણ-વાંસદા:** વાંસદા ખાતે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ અને સાંસદ ધવલભાઈ પટેલ ઘોડમાળ જતી વખતે ભાજપ કાર્યાલય ખાતે ટૂંકા રોકાણ દરમિયાન ભાજપના કાર્યકરો અને સમાજના આગેવાનોએ તેમનું આત્મીય સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે વાંસદાના રહેવાસી અને ગુર્જર સમાજના અગ્રણી નારાયણભાઈ ગુર્જરે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને ભગવાન શ્રી દેવનારાયણજીના દિવ્ય બાળ સ્વરૂપનું આકર્ષક ચિત્ર ભેટ આપી સન્માનિત કર્યા હતા. આ ચિત્રમાં ભગવાન શ્રી દેવનારાયણજી કમળના પુષ્પ પર બિરાજમાન અને શેષનાગની છત્રછાયામાં દર્શાવાયા છે. સાથે માલાસેરી ડુંગરીની ધાર્મિક મહત્તા અને ભગવાનના ૧૧૧૧મા અવતરણ દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતનું દૃશ્ય પણ રજૂ કરાયું છે.

આ ઉપરાંત નારાયણભાઈ ગુર્જર અને સીર્વી સમાજના અગ્રણી લાલજીભાઈ ખારડિયા કાગે સંયુક્ત રીતે નાયબ મુખ્યમંત્રીને પરંપરાગત સાફો પહેરાવી સન્માન કર્યું હતું.

આ પ્રસંગની વિશેષ યાદગાર ક્ષણ ત્યારે સર્જાઈ, જ્યારે હર્ષભાઈ સંઘવીએ પોતાના સન્માનમાં પહેરાવેલો સાફો ઉતારી અત્યંત આત્મીયતાથી લાલજીભાઈ ખારડિયા કાગને પરત પહેરાવી તેમનું સન્માન કર્યું હતું. નાયબ મુખ્યમંત્રીના આ સહજ અને હૃદયસ્પર્શી વ્યવહારે ઉપસ્થિત સૌનાં દિલ જીતી લીધાં હતાં.

આ સમગ્ર પ્રસંગ ગુર્જર સમાજની ધાર્મિક આસ્થા, સાંસ્કૃતિક ગૌરવ, સામાજિક સૌહાર્દ અને પરસ્પર સન્માનની ભાવનાનું સુંદર ઉદાહરણ બની રહ્યો હતો. નારાયણભાઈ ગુર્જર માટે પણ ભગવાન શ્રી દેવનારાયણજીની સંસ્કૃતિ અને આસ્થાનું પ્રતીક સમું ચિત્ર રાજ્યના નાયબ મુખ્યમંત્રીને અર્પણ કરવાની આ ક્ષણ વિશેષ ગૌરવપૂર્ણ બની રહી હતી.

# ધરમપુરમાં અખબારના કાગળમાં ખાદ્ય પદાર્થો પીરસવાનો જોખમી રિવાજ

**લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં, તંત્રની બેદરકારી સામે સવાલો: લારીઓ અને ધાબાઓ પર છાપેલા અખબારોમાં ખાદ્ય પદાર્થો પીરસાતાં આરોગ્ય સામે જોખમ; તંત્ર ક્યારે જાગશે?**

**દ્રષ્ટિકોણ-વલસાડ,** ધરમપુર શહેરમાં ખાણીપીણીની લારીઓ, ધાબાઓ અને અન્ય ખાદ્ય પદાર્થો વેચતા સ્થળોએ ગ્રાહકોને અખબારના કાગળમાં ખાદ્ય ચીજવસ્તુઓ પીરસવાનો બિનઆરોગ્યપ્રદ રિવાજ જોવા મળી રહ્યો છે. ગરમ નાસ્તા, ભજીયાં, વડાપાંઉ સહિતની ખાદ્ય સામગ્રી છાપેલા અખબારોમાં મૂકીને આપવામાં આવતી હોવાના કારણે લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં થવાની આશંકા ઊભી થઈ છે.

નિષ્ણાતોના મતે અખબારની છાપવાની શાહીમાં રહેલા રસાયણો ખાદ્ય પદાર્થોના સંપર્કમાં આવતાં આરોગ્ય માટે હાનિકારક બની શકે છે. ખાસ કરીને ગરમ અને તેલવાળા ખાદ્ય પદાર્થો અખબારના કાગળમાં મૂકવાથી શાહીના ઘટકો ખોરાકમાં ભળવાનું જોખમ વધી શકે છે. આમ, સસ્તા અને સુવિધાજનક વિકલ્પ તરીકે ઉપયોગમાં લેવાતો અખબારનો કાગળ ગ્રાહકોના આરોગ્ય માટે જોખમી બની શકે છે.

એક તરફ સરકાર સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાની વાતો કરે છે, ત્યારે બીજી તરફ શહેરમાં જાહેર આરોગ્યને લગતી આવી બાબતો સામે જવાબદાર તંત્રની નિષ્ક્રિયતા અનેક સવાલો ઊભા કરે છે. આ ઉપરાંત વપરાયેલા અખબારોને રસ્તા પર ફેંકી દેવાથી કાગળના કચરામાં પણ વધારો થાય છે અને સ્વચ્છતાના દાવાઓ સામે પણ સવાલ ઊભા થાય છે.તંત્ર દ્વારા શહેરની લારીઓ, ધાબાઓ અને ખાણીપીણીનાં સ્થળોએ તપાસ હાથ ધરી અખબારના કાગળમાં ખાદ્ય પદાર્થો પીરસવાની પ્રથા તાત્કાલિક બંધ કરાવવામાં આવે તથા નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે.

પ્રેસનોટ/જાહેરાત માટે સંપર્ક કરો
96876 77873 / 90160 19491

# વાંસદા, ચીખલી અને ખેરગામના વિકાસને રૂ. ૧૮૦.૬૨ કરોડની ભેટ



**દ્રષ્ટિકોણ-વાંસદા,** નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ઘોડમાળ ખાતે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની વિશિષ્ટ ઉપસ્થિતિમાં વાંસદા, ચીખલી અને ખેરગામ તાલુકામાં રૂ. ૧૮૦.૬૨ કરોડના ખર્ચે હાથ ધરાનારા વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ તેમજ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા હાથ ધરાનારા આ વિકાસકાર્યો આદિજાતિ અને ગ્રામ્ય વિસ્તારોની માળખાકીય સુવિધાઓને નવી દિશા આપશે.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી અને ગણદેવીના ધારાસભ્ય નરેશભાઈ પટેલ, વલસાડના સાંસદ અને સંસદીય દંડક ધવલભાઈ પટેલ, નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ ભૂરાલાલ શાહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ સૌને દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

ઘોડમાળ ખાતે યોજાયેલો આ કાર્યક્રમ માત્ર વિકાસકાર્યોના ખાતમુહૂર્ત પૂરતો મર્યાદિત ન રહેતા વનબંધુ અને ગ્રામીણ વિસ્તારોમાં રોડ કનેક્ટિવિટી, માળખાકીય સુવિધાઓ તથા યુવાશક્તિને પ્રોત્સાહન આપવાની દિશામાં મહત્વપૂર્ણ સોપાન બની રહ્યો છે. છેવાડાના માનવી સુધી વિકાસનાં ફળ પહોંચાડવાની સરકારની નેમને આગળ ધપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.ખાસ કરીને ખેરગામ તાલુકાને પણ આ પ્રસંગે મહત્વની ભેટ મળી છે. ખેરગામમાં છેલ્લા બે દાયકાથી સરકારી પુસ્તકાલય કાર્યરત છે, જે હાલમાં તાલુકા સેવા સદન ખાતે ચાલે છે. આ પુસ્તકાલય માટે સ્વતંત્ર મકાન બનાવી આધુનિક સુવિધાઓ સાથે વિશેષ પુસ્તકાલય તૈયાર કરવાના કાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ખેરગામને ગ્રામોત્થાન યોજનામાં સામેલ કરી રૂ. ૩૨ કરોડનું અનુદાન ફાળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત સ્વતંત્ર પુસ્તકાલયની સુવિધા મળતાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વાંચનપ્રેમીઓને મોટો લાભ થશે. આ વિકાસલક્ષી નિર્ણય બદલ ખેરગામના અગ્રણી ધર્મેશ ભરૂચા, અમૃત પટેલ સહિતના આગેવાનો દ્વારા નાયબ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કરવા અને તેમનું સ્વાગત કરવાની તૈયારી કરવામાં આવી હતી.નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો ઘોડમાળથી પીપલખેડ, ખેરગામ થઈ વલસાડ તરફ જવાનો કાર્યક્રમ હોવાથી સવારે આશરે ૧૧:૨૦ વાગ્યે ખેરગામના આગેવાનો તેમની રાહ જોઈ રહ્યા હતા. જોકે, મંત્રીમંડળનો કાફલો સમય કરતાં મોડો પહોંચ્યો હતો અને ખેરગામ ખાતે રોકાયા વિના પસાર થઈ ગયો હતો. પરિણામે સ્વાગત અને આભારવિધિની આગેવાનોની ઇચ્છા અધૂરી રહી હતી.

## મંત્રીના કાફલાની રાહમાં ધોબીકૂવા ખાતે અઢી કલાક સુધી તંત્રનો કાફલો ઉભો રહ્યો

વલસાડ જિલ્લા પોલીસ તંત્ર, જિલ્લા પુરવઠા અધિકારી સહિતના અધિકારીઓ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના વલસાડ જિલ્લા પ્રવેશ સમયે સ્વાગત માટે વલસાડ-ખેરગામ માર્ગ પર ધોબીકૂવા ખાતે સવારે નવ વાગ્યાથી હાજર રહ્યા હતા. તેમની સાથે ૧૦૮ એમ્બ્યુલન્સ, પોલીસનાં સાત જેટલાં વાહનો અને અન્ય ત્રણ જેટલાં વાહનોનો કાફલો પણ તૈનાત હતો. જોકે, મંત્રીશ્રીનો કાફલો અંદાજે અઢી કલાકના વિલંબ બાદ સવારે ૧૧:૩૦ વાગ્યે પસાર થયો હતો. આ દરમિયાન અધિકારીઓ અને સુરક્ષા વ્યવસ્થામાં જોડાયેલા કર્મચારીઓએ લાંબો સમય રાહ જોવી પડી હતી.



E-mail : drashtikonjanvani09@gmail.com

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક એડિટોરિયલ

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Wednesday, 04 Noveber-2026

બુધવાર, તા.૦૪/૧૧/૨૦૨૬

## આજનું રાશિફળ

### મેષ

દિવસ સામાન્ય રહેશે. ધંધામાં ઉતાવળ ન કરવી. નાણાકીય લેવડદેવડમાં સાવચેતી રાખવી. પરિવારમાં શાંતિ જાળવવી.

### વૃષભ

વેપારમાં લાભની તક મળી શકે છે. અટકેલાં નાણાં પાછાં મળવાની શક્યતા છે. પરિવારનો સહયોગ મળશે.

### મિથુન

નવા કામની શરૂઆત માટે સારો દિવસ છે. નોકરીમાં પ્રગતિની તક મળી શકે છે. મિત્રો સાથે સારા સંબંધો રહેશે.

### કર્ક

કામમાં થોડી મુશ્કેલીઓ આવી શકે છે. પૈસાની બાબતમાં સાવચેતી રાખવી. બિનજરૂરી વિવાદથી દૂર રહેવું.

### સિંહ

માન-સન્માનમાં વધારો થઈ શકે છે. વેપારમાં નવા સંપર્કો લાભદાયક બની શકે છે. જૂનાં કામ પૂર્ણ થશે.

### કન્યા

મહેનતનું પરિણામ મળી શકે છે. આર્થિક બાબતોમાં આયોજન કરવું. પરિવારના સભ્યો સાથે સમય વિતાવશો.

### તુલા

આવતીકાલનો દિવસ શુભ રહી શકે છે. ધંધામાં લાભની શક્યતા છે. નોકરીમાં નવી જવાબદારી મળી શકે છે.

### વૃશ્ચિક

આત્મવિશ્વાસ વધશે. અટકેલાં કામ આગળ વધશે. નાણાકીય બાબતોમાં સારા સમાચાર મળી શકે છે.

### ધન

ભાગ્યનો સાથ મળી શકે છે. નવા કામ માટે પ્રયત્નો સફળ થઈ શકે છે. મુસાફરીમાં સાવચેતી રાખવી.

### મકર

કામકાજમાં ધીરજ રાખવી. ખર્ચ વધી શકે છે. કોઈ મોટો નિર્ણય લેતાં પહેલાં વિચાર કરવો.

### કુંભ

વેપાર અને નોકરીમાં પ્રગતિની શક્યતા છે. નવા લોકો સાથે મુલાકાત લાભદાયક રહેશે. પરિવારમાં ખુશી રહેશે.

### મીન

દિવસ મિશ્ર ફળદાયી રહેશે. જૂનાં કામ પૂર્ણ થશે. પૈસાની લેવડદેવડમાં સાવચેતી રાખવી.

## આજનો મજેદાર જોક્સ

- મિત્રતા
- મિત્ર ૧: તું રોજ જીમમાં જાય છે?
- મિત્ર ૨: હા.
- મિત્ર ૧: તો બોડી કેમ નથી બનતી?
- મિત્ર ૨: હું જીમના ફોટા પાડવા જાઉં છું, કસરત કરવા નહીં! ??

## આજની ખાસ ટિપ્સ

- સવારે વહેલા ઊઠીને દિવસની શરૂઆત સકારાત્મક વિચારો સાથે કરો.
- ભગવાન ગણેશનું સ્મરણ કરીને કામ શરૂ કરો.
- બિનજરૂરી ખર્ચ ટાળો અને બચત પર ધ્યાન આપો.
- વેપારમાં કોઈની સાથે વાત કરતાં પહેલાં સંપૂર્ણ માહિતી મેળવો.
- મહત્વપૂર્ણ ફોન અને મેસેજનો જવાબ સમયસર આપો.
- પરિવારના સભ્યો સાથે પ્રેમથી વાત કરો.
- દરરોજ થોડો સમય યોગ અને ધ્યાન માટે કાઢો.
- વાહન ચલાવતી વખતે ખાસ સાવચેતી રાખો.
- નવા ધંધા માટે નવી યોજના બનાવો.
- કોઈની સાથે વાદવિવાદ કરવાને બદલે શાંતિથી ઉકેલ લાવો.

# હવે મતદારોનો સમય

દુનિયાના સૌથી મોટા લોકતંત્રના મહાપર્વની પળો હવે નજીક આવી ગઈ છે. દેશમાં ચૂંટણી કાર્યક્રમની જાહેરાતની સાથે નવી સરકાર બનવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. નિઃસંદેહ, ચૂંટણી કાર્યક્રમ બેહદ લાંબો છે અને ૧૯ એપ્રિલથી શરૂ થઈને ૧ જૂન સુધી ચાલશે. બેશક, ૧૮મી લોકસભા માટે ચૂંટણી પ્રક્રિયા બહુ લાંબી છે. એક અબજની નજીક પહોંતા મતદારો માટે સુચારુ-શાંતિપૂર્ણ મતદાનની વ્યવસ્થા કરવી આસાન પણ નથી. ભૌગોલિક જટિલતાઓ, ભારે આબાદી અને કાયદો વ્યવસ્થાના પ્રશ્ન ચૂંટણી પ્રક્રિયાને લાંબી બનાવે છે. નિઃસંદેહ, આ નેતાઓ અને સરકારનો પાંચ વર્ષનો રિપોર્ટ કાર્ડ રજૂ કરવાનો સમય છે. આ આસમાનના તારા તોડી લાવવાના વાયદા કરવાનો સમય છે. ખામીઓને દબાવવા અને ઉપલબ્ધિઓના વખાણનો સમય છે. પરંતુ સૌથી મહત્ત્વપૂર્ણ સમય મતદારો માટે છે કે તે સારા-નરસાનો ફરક કરીને તાર્કિક આધાર પર પોતાના કિંમતી મતનો ઉપયોગ કરે. મુશ્કેલી એ છે કે અમૃતકાળમાંથી પસાર થતા દેશમાં મતદારોનો એક મોટો વર્ગ વિષ અને અમૃતના ભેદનો સંપૂર્ણ રીતે અનુભવ નથી કરી શક્યો. ભારતીય રાજનીતિઓમાં દાગીઓની દખલ અને ધનબળનું વધતું વર્ચસ્વ એ જ દર્શાવે છે કે આપણા મતદારો આ સંવેદનશીલ મુદ્દા પ્રત્યે જાગૃત નથી થઈ શક્યા. નિશ્ચિત રૂપે મતદારોનો એક વર્ગ એવો પણ છે જે મત આપવા ઘરેથી નથી નીકળતા. જે મોટો વર્ગ નીકળે છે તે પણ ધર્મ, જાતિ, ક્ષેત્ર અને ધનબળથી રચેલા સંમોહનથી મુક્ત નથી થઈ શકતો.

વિચારણીય પ્રશ્ન એ પણ છે કે કેમ આજે પણ મતદાર મફતની રેવડીઓના મોહપાશમાં જકડાયેલો છે? મતદાર પોતાના કિંમતી વોટને નાના પ્રલોભનો માટે કેમ વેડફી નાખે છે? દેશમાં પાછલા દાયકાઓમાં સાક્ષરતાનું સ્તર ઊંચું થયું છે. નિઃસંદેહ ગરીબીના આંકડામાં કાપકૂપના સરકારી દાવા કરવામાં આવે છે. દેશમાં ગરીબી એક સત્ય છે. પરંતુ સાધનવિહીનતાનો મતલબ એ ક્યારેય નથી કે આપણે નાના-નાના પ્રલોભનોમાં ફસાઈને વિવેકશીલ રીતે મતદાન ન કરી શકીએ. દેશમાં ઉત્તર, દક્ષિણમાં મતદારોના વલણમાં ભિન્નતા પણ એક મુદ્દો રહ્યો છે.

# ભારતીય ધર્મશાસ્ત્રોની દ્રષ્ટિએ નારીશક્તિનું ગૌરવ અને માનવજીવનમાં તેનું મહત્વ

સંકલન
સુમિત્રાબેન દાદુભાઈ નિરંકારી
છક્કડીયા(ધાણીત્રા) તા.ગોધરા જી.પંચમહાલ
sumi7875@gmail.com

**સ્ત્રી એટલે સર્જન-સંસ્કાર અને શક્તિનું પ્રતીક..**

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને માત્ર પરિવારની સભ્ય કે ગૃહિણી તરીકે જ નહીં પરંતુ સર્જનશક્તિ,કરૂણા, મમતા,ત્યાગ,સહનશીલતા અને સંસ્કારોની જીવંત પ્રતિમૂર્તિ તરીકે જોવામાં આવી છે. સ્ત્રી માતા બનીને જીવન આપે છે,બહેન બનીને સ્નેહ વહેંચે છે,પત્ની બનીને જીવનસાથીનો સહારો બને છે અને પુત્રી બનીને પરિવારના જીવનમાં આનંદ તથા આશાનું કિરણ પ્રગટાવે છે. સ્ત્રીના વિવિધ સ્વરૂપોમાં માનવતાનાં અનેક દિવ્ય ગુણોનું દર્શન થાય છે પરંતુ દુઃખની વાત એ છે કે જે સમાજ સ્ત્રીને દેવી તરીકે પૂજે છે તે જ સમાજમાં કેટલીકવાર સ્ત્રીને હીન ગણવાની,તેની સ્વતંત્રતાને મર્યાદિત કરવાની અને તેના અધિકારોનું હનન કરવાની વૃત્તિ પણ જોવા મળે છે તેથી સ્ત્રીનું સન્માન માત્ર ધાર્મિક વિધિ કે ઉત્સવ પૂરતું મર્યાદિત ન રહેવું જોઈએ પરંતુ તે આપણા વિચારો-વ્યવહાર અને જીવનશૈલીમાં પ્રતિબિંબિત થવું જોઈએ.

### અર્ધનારીશ્વરનું સ્વરૂપઃ સ્ત્રી અને પુરૂષની પરસ્પર પૂરકતા..

ભગવાન શિવનું અર્ધનારીશ્વર સ્વરૂપ ભારતીય આધ્યાત્મિક પરંપરાનું એક ગહન પ્રતીક છે. આ સ્વરૂપમાં ભગવાન શિવ અને માતા પાર્વતી એક જ દેહમાં અર્ધાંગરૂપે બિરાજમાન છે, આ દિવ્ય સ્વરૂપ આપણને સમજાવે છે કે સ્ત્રી અને પુરૂષ એકબીજાના વિરોધી નહીં પરંતુ પરસ્પર પૂરક છે.શિવતત્વ અને શક્તિતત્વનો આ સમન્વય દર્શાવે છે કે સર્જન-સંચાલન અને જીવનની ગતિમાં બંનેની ભૂમિકા મહત્વપૂર્ણ છે.શક્તિ વિના શિવનું કાર્યાત્મક સ્વરૂપ અધૂરૂં છે અને ચેતના વિના શક્તિની અભિવ્યક્તિનો પ્રશ્ન ઊભો થાય છે.આ પ્રતીકનો વ્યાપક આધ્યાત્મિક સંદેશ એ છે કે જીવનની પૂર્ણતા પરસ્પર સહકાર-સમાનતા અને સમન્વયમાં રહેલી છે.

આપણી પરંપરામાં પ્રચલિત એક કથાપ્રસંગમાં ભૃગુ ઋષિના સ્ત્રી પ્રત્યેના તુચ્છભાવ અને અર્ધનારીશ્વર સ્વરૂપ દ્વારા મળતા બોધનું વર્ણન કરવામાં આવે છે,આ કથાનો નૈતિક સંદેશ સ્પષ્ટ છે કે કોઈ વ્યક્તિને માત્ર તેના સ્ત્રી કે પુરૂષ હોવાના આધારે નીચી કે ઊંચી ગણવી એ અજ્ઞાન છે.

### વેદોમાં નારીનું ગૌરવ..

ભારતીય વૈદિક પરંપરામાં નારીના ગૌરવને વિશેષ સ્થાન મળ્યું છે.ઋગ્વેદમાં કેટલીક સ્ત્રી ઋષિઓનાં સૂક્તો મળે છે.લોપામુદ્રા,ઘોષા અને અપાલા જેવી સ્ત્રીઓ વૈદિક સાહિત્યમાં જાણીતી છે. આ પરંપરા દર્શાવે છે કે આધ્યાત્મિક જ્ઞાન અને ચિંતનની ક્ષમતા માત્ર પુરૂષો સુધી મર્યાદિત નથી.ઋગ્વેદના દસમા મંડળના ૮૫મા સૂક્તમાં લગ્નજીવન-દાંપત્ય અને ગૃહસ્થજીવન સંબંધિત મંત્રો મળે છે, તેમાં નવવધૂના નવા ગૃહજીવન અને પરિવાર સાથેના સંબંધોને મહત્વ આપવામાં આવ્યું છે.

આપણી સંસ્કૃતિમાં સ્ત્રીને જ્ઞાન-સાધના અને આધ્યાત્મિક ઉન્નતિની અધિકારી માનવાની પરંપરા પણ જોવા મળે છે.ગાર્ગી વાચકનવી અને મૈત્રેયી તેનાં નોંધપાત્ર ઉદાહરણો છે.બૃહદારણ્યક ઉપનિષદમાં ગાર્ગી અને યાજ્ઞવલ્ક્ય વચ્ચેના તત્વચિંતનપૂર્ણ સંવાદ તથા મૈત્રેયીને આપવામાં આવેલા આત્મજ્ઞાનના ઉપદેશનું વર્ણન મળે છે. આ પ્રસંગો આપણને શીખવે છે કે સ્ત્રીની બુદ્ધિ-જિજ્ઞાસા અને જ્ઞાનપ્રાપ્તિની ક્ષમતાને ઓળખવી તથા તેને યોગ્ય તક આપવી એ સમાજની જવાબદારી છે.

### મનુસ્મૃતિનો સંદેશ અને સ્ત્રીના સન્માનની જવાબદારી..

મનુસ્મૃતિના અધ્યાયઃ૩/૫૬માં કહેવામાં આવ્યું છે કે

"યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ યત્રૈતાસ્તુ ન પૂજ્યન્તે સર્વાસ્તત્રાફલાઃ ક્રિયાઃ

જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે અને જ્યાં સ્ત્રીઓનું સન્માન થતું નથી ત્યાં કરવામાં આવતી ધાર્મિક ક્રિયાઓ નિષ્ફળ બને છે..આ શ્લોકનો મૂળ ભાવ એ છે કે કોઈ સમાજની ધાર્મિકતા અને સંસ્કારશીલતાની સાચી કસોટી સ્ત્રીઓ પ્રત્યેના તેના વ્યવહારમાં થાય છે. મંદિરમાં પૂજા કરવી, યજ્ઞ કરવા કે ધાર્મિક ગ્રંથોનું પઠન કરવું મહત્વનું હોઈ શકે પરંતુ ઘરની સ્ત્રીને અપમાનિત કરવી, તેની લાગણીઓને ઠેસ પહોંચાડવી કે તેના અધિકારો છીનવી લેવા એ ધાર્મિક આદર્શોથી વિરૂદ્ધ છે.સ્ત્રીનું સન્માન કરવાનો અર્થ માત્ર તેના ચરણસ્પર્શ કરવા કે તેને પૂજનીય કહેવા પૂરતો નથી, તેનો અર્થ છે તેના વિચારોને સાંભળવા,તેની લાગણીઓનો આદર કરવો,તેને શિક્ષણ અને વિકાસની તક આપવી તથા તેના આત્મસન્માનનું રક્ષણ કરવું.

### શ્રીમદ્ ભગવદગીતામાં સ્ત્રી અને દિવ્ય ગુણો..

શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાયઃ૧૦/૩૪માં ભગવાન શ્રીકૃષ્ણ પોતાના દિવ્ય સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે કે "કીર્તિઃ શ્રીર્વાક્ચ નારીણાં સ્મૃતિર્મેધા ધૃતિઃ ક્ષમા" સ્ત્રીઓમાં કીર્તિ,સમૃદ્ધિ,વાણી,સ્મૃતિ,બુદ્ધિ,ધૈર્ય અને ક્ષમા મારૂં જ સ્વરૂપ છે.આ શ્લોકમાં સ્ત્રીઓ સાથે જોડાયેલા અનેક ગુણોને ભગવાન પોતાના દિવ્ય વૈભવ તરીકે રજૂ કરે છે,અહીંથી સમજાય છે કે સ્ત્રીને માત્ર બાહ્ય સૌંદર્ય કે શારીરિક ક્ષમતાના આધારે મૂલવવી યોગ્ય નથી,તેના જ્ઞાન, વિચારશક્તિ, ધૈર્ય, વાણી અને ક્ષમાશીલતામાં પણ દિવ્યતાનું દર્શન થઈ શકે છે. સમાજમાં સ્ત્રીઓની ક્ષમતાઓને પ્રોત્સાહન આપવામાં આવે, તેમને શિક્ષણ, રોજગાર, નેતૃત્વ અને નિર્ણય લેવાની સમાન તક આપવામાં આવે તો પરિવાર અને રાષ્ટ્ર બંનેનો વિકાસ વધુ સુદ્રઢ બને છે.

### દેવીમાહાત્મ્યમાં નારીશક્તિની આરાધના..

માર્કંડેય પુરાણના ભાગરૂપે પ્રચલિત દેવીમાહાત્મ્યમાં જગદંબાની શક્તિનું ગૌરવપૂર્ણ વર્ણન મળે છે. તેમાં દેવીને સમગ્ર જગતની આધારભૂત શક્તિ તરીકે વંદન કરવામાં આવે છે.દેવીમાહાત્મ્યનો પ્રસિદ્ધ મંત્ર છે..

"યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા,
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ"

જે દેવી સર્વ જીવોમાં શક્તિરૂપે રહેલી છે તે દેવીને વારંવાર નમસ્કાર છે.આ મંત્રનો આધ્યાત્મિક ભાવ માત્ર દેવીની મૂર્તિની આરાધના પૂરતો સીમિત નથી, તે આપણને સમગ્ર સૃષ્ટિમાં રહેલી શક્તિ પ્રત્યે આદર રાખવાની પ્રેરણા આપે છે.સ્ત્રીમાં રહેલી સર્જનશક્તિ, બુદ્ધિ, આત્મવિશ્વાસ અને સંકલ્પશક્તિનું સન્માન કરવું પણ આ વ્યાપક ભાવનાને અનુરૂપ છે. નવરાત્રિમાં માતા દુર્ગાની આરાધના કરવી અને બીજી તરફ દીકરીના જન્મને દુઃખરૂપ માનવો, સ્ત્રીના શિક્ષણમાં અવરોધ ઊભા કરવા કે તેના પર અત્યાચાર કરવો-આ બંને વર્તન વચ્ચે સ્પષ્ટ વિરોધાભાસ છે. સાચી ઉપાસના ત્યારે જ સાર્થક બને છે જ્યારે દેવીની આરાધના સાથે જીવંત સ્ત્રીઓ પ્રત્યે પણ સન્માનપૂર્ણ વર્તન કરવામાં આવે.

### સ્ત્રીનું સન્માન એટલે સમાન અધિકાર અને સુરક્ષિત જીવન..

સ્ત્રીનું સન્માન માત્ર ધાર્મિક કે આધ્યાત્મિક વિચાર નથી, તે સામાજિક ન્યાય અને માનવતાનો પણ પાયો છે.આજના સમયમાં સ્ત્રીઓ શિક્ષણ, વિજ્ઞાન, ચિકિત્સા, સાહિત્ય, રમતગમત, વ્યવસાય, વહીવટ અને રાષ્ટ્રસેવા જેવા અનેક ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા સાબિત કરી રહી છે તેમ છતાં દહેજપ્રથા, બાળલગ્ન, લિંગભેદ,ઘરેલુ હિંસા, જાતીય સતામણી અને સ્ત્રીના સ્વતંત્ર નિર્ણયો પર અયોગ્ય નિયંત્રણ જેવી સમસ્યાઓ હજુ પણ જોવા મળે છે.આ સમસ્યાઓ દૂર કરવા માટે માત્ર કાયદાઓ પૂરતા નથી. પરિવારના સંસ્કારો, શાળાનું શિક્ષણ, સામાજિક જાગૃતિ અને વ્યક્તિગત જવાબદારી પણ એટલી જ જરૂરી છે.દરેક માતા-પિતાએ દીકરા અને દીકરી બંનેને સમાન પ્રેમ, શિક્ષણ અને વિકાસની તક આપવી જોઈએ. દીકરાઓને બાળપણથી જ સ્ત્રીઓ પ્રત્યે આદર રાખવાના સંસ્કાર આપવા જોઈએ. પતિએ પત્નીને જીવનસાથી તરીકે સમાન સ્થાન આપવું જોઈએ.કાર્યસ્થળે સ્ત્રીઓને સુરક્ષિત વાતાવરણ અને યોગ્ય તકો મળવી જોઈએ. સ્ત્રી પર થતા અન્યાય સામે મૌન રહેવાને બદલે ન્યાયની તરફેણમાં અવાજ ઉઠાવવો જોઈએ.સ્ત્રીને સન્માન આપવું એ તેના પર ઉપકાર નથી, તે તેના માનવીય ગૌરવ અને અધિકારોની સ્વીકૃતિ છે.

### પરિવાર અને સમાજના નિર્માણમાં સ્ત્રીની ભૂમિકા..

પરિવાર એ સમાજનું પ્રથમ શિક્ષણસ્થાન છે.માતા બાળકને ભાષા,પ્રેમ, કરૂણા, શિસ્ત અને સંસ્કારોનું પ્રાથમિક શિક્ષણ આપે છે. જોકે બાળકના ઘડતરમાં પિતા,પરિવારના અન્ય સભ્યો અને સમગ્ર સામાજિક વાતાવરણની પણ મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે.સ્ત્રીને પરિવારની તમામ જવાબદારીઓનું એકમાત્ર વહન કરનાર માનવાને બદલે ઘરકામ, બાળકોના ઉછેર અને વડીલોની સંભાળ જેવી જવાબદારીઓમાં પુરૂષે પણ સમાન સહભાગી બનવું જોઈએ.જ્યારે પરિવારના સભ્યો એકબીજાના વિચારોને માન આપે છે, એકબીજાની મુશ્કેલીઓ સમજે છે અને પરસ્પર સહકારથી જીવન જીવે છે ત્યારે પરિવારમાં સુખ-શાંતિ અને વિશ્વાસનું વાતાવરણ સર્જાય છે.સ્ત્રીને પોતાની પ્રતિભા વિકસાવવાની, પોતાના વિચારો રજૂ કરવાની અને જીવન વિશેના નિર્ણયો લેવામાં ભાગ લેવાની તક મળે ત્યારે તે માત્ર પોતાનો જ નહીં પરંતુ પરિવાર અને સમાજનો પણ વિકાસ કરે છે.

### સ્ત્રીના સન્માનથી જ માનવતાનું ગૌરવ જળવાય છે..

આધ્યાત્મિક દ્રષ્ટિએ સમગ્ર માનવજાત એક જ પરમાત્માની રચના છે.મનુષ્યના બાહ્ય સ્વરૂપ, જાતિ, ધર્મ, લિંગ કે સામાજિક સ્થિતિના આધારે તેની આંતરિક ગરિમા નક્કી થતી નથી.સ્ત્રી અને પુરૂષ બંનેમાં માનવીય લાગણીઓ, બુદ્ધિ, આત્મસન્માન અને વિકાસની અભિલાષા રહેલી છે તેથી કોઈને નીચું ગણવું, તેની ઈચ્છા વિરૂદ્ધ વર્તવું કે તેના ગૌરવને ઠેસ પહોંચાડવી એ માનવતાના મૂળ સિદ્ધાંતોની વિરૂદ્ધ છે. આધ્યાત્મિક જાગૃતિનો સાચો અર્થ એ છે કે મનુષ્ય પોતાના અહંકાર, ભેદભાવ અને સંકુચિત માન્યતાઓથી ઉપર ઊઠે. જ્યારે મનુષ્ય દરેક વ્યક્તિમાં માનવતાનું દર્શન કરે છે ત્યારે તેના વ્યવહારમાં પ્રેમ-કરૂણા, સહિષ્ણુતા અને સમાનતાનો ભાવ પ્રગટે છે.આથી સ્ત્રીનું સન્માન એ માત્ર સ્ત્રીઓના હિતનો વિષય નથી પરંતુ સમગ્ર માનવજાતના નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાનનો પ્રશ્ન છે.

### નારીનું ગૌરવ જાળવવું એ આપણી નૈતિક ફરજ છે..

ભારતીય ધર્મશાસ્ત્રો અને આધ્યાત્મિક પરંપરાઓ આપણને જ્ઞાન, કરૂણા, સંયમ, પરસ્પર આદર અને માનવકલ્યાણનો સંદેશ આપે છે.અર્ધનારીશ્વરનું સ્વરૂપ સ્ત્રી-પુરૂષના સમન્વયની પ્રેરણા આપે છે, શ્રીમદ્ ભગવદ્ ગીતા સ્ત્રીઓમાં રહેલા દિવ્ય ગુણોનું ગૌરવ ગાય છે અને દેવીમાહાત્મ્ય જગતવ્યાપી શક્તિની આરાધના કરવાનું શીખવે છે.આ બધા સંદેશોનું જીવનમાં અનુસરણ ત્યારે જ સાર્થક બને છે જ્યારે આપણે સ્ત્રીને સમાન અધિકાર ધરાવતી વ્યક્તિ તરીકે સ્વીકારીએ, તેના આત્મસન્માનનું રક્ષણ કરીએ અને તેના વિકાસમાં સહયોગી બનીએ.

ચાલો..આપણે એવો સમાજ રચવાનો સંકલ્પ કરીએ જેમાં દીકરીનો જન્મ આનંદનું કારણ બને, દરેક સ્ત્રીને શિક્ષણ અને સુરક્ષા મળે, તેના વિચારોને માન આપવામાં આવે અને તેને પોતાના સપનાં સાકાર કરવાની સમાન તક પ્રાપ્ત થાય કારણ કે સ્ત્રીનું સન્માન એ માત્ર સંસ્કૃતિની ઓળખ નથી પરંતુ સંસ્કારી સમાજની સાચી કસોટી છે. જ્યાં સ્ત્રીને આદર-સમાનતા અને સુરક્ષા મળે છે ત્યાં પરિવાર સમૃદ્ધ બને છે, સમાજ પ્રગતિ કરે છે અને માનવતા વધુ ઉજ્જવળ બને છે.

# ફાસ્ટ ફોરવર્ડમાં જ નહીં, રીવાઈન્ડમાં પણ જીવીએ

વર્તમાનમાં જેઓ સફળતા, યશ, કીર્તિ અને સિદ્ધિના કલદારો બનીને પૂજાય છે તેમાંના ઘણા એવા ભ્રમ અને અહંકારમાં રાચતા હોય છે કે અમે જે પ્રદાન આપી રહ્યા છીએ તે અમારું પોતીકું પહેલું વહેલું અને વન એન્ડ ઓન્લી પ્રકારનું છે. કોઈ દાદ મેળવતો અભિનય, વક્તવ્ય, સર્જનાત્મક કાર્ય, ગદ્ય કે પદ્ય સાહિત્ય, સ્ટેજ પરફોર્મન્સ, પત્રકારત્વ કે રમતના મેદાનમાં કસબ બતાવે ત્યારે તેને પોતાને 'ટ્રેન્ડ સેટર' માની હવામાં ફરતા હોય છે.

આનું એક કારણ એ છે કે જેમને જીનીયસ કહી વધાવી લેનાર ભાવકોએ પણ ભૂતકાળના વિવિધ ક્ષેત્રના પ્રદાનકર્તાઓને જાણવા-માણવાની તસ્દી લીધી નથી હોતી. આ કારણે બને છે પણ એવું કે જુના જમાનાના જુદા જુદા ક્ષેત્રોના ધુરંધરો કોઈ પાર્ટી કે મેળાવડામાં મહેમાન તરીકે આવ્યા હોય ત્યારે નવી પેઢીની વર્તમાન અને તેઓ કરતા ૨૫ ટકા પણ પ્રતિભા ન ધરાવતા છતાં વધુ લોકપ્રિય વ્યક્તિવિશેષ એક પ્રકારના ઘમંડથી તેઓની જોડે સંસ્મરણો વાગોળતો સંવાદ પણ નથી કરતા. હદ તો ત્યારે થાય છે જ્યારે જે વ્યક્તિ જે ક્ષેત્રમાં છે તેઓ જ તેમના ક્ષેત્રના ૨૫- ૩૫ વર્ષ પહેલાના પણ બુલંદ પ્રદાનકર્તાઓથી પરિચિત નથી. ખરેખર તો જે રીતે માનવ જગતની ઉત્ક્રાંતિ થાય છે તેવી જ રીતે કોઈપણ ક્ષેત્રમાં વ્યક્તિ અત્યારે જે મુકામ પર પહોંચ્યો છે તે એક પછી એક કડીની બનેલી સાંકળથી વિશેષ કંઈ નથી. પ્રકરણોથી પુસ્તક બનતું હોય છે.૨૧મી સદીનો માનવી કોરોના સામે લડી શક્યો તેના પાયામાં ૧૯૧૯ની સાલનો સ્પેનીશ ફલુ અને તેના પગલે થયેલા સંશોધનોની શ્રૃંખલા છે.

કોલેરા, ક્ષય, કમળો, ઓરી અછબડા જીવલેણ ન બને તે માટે કેટલાયે વિજ્ઞાનીએ તેમનું જીવન અર્પણ કરી દીધું હશે. પ્રાચીન શૈલ્ય ચિકિત્સા અને તે પછીના પ્રત્યેક અઢી ત્રણ દાયકા જે સંશોધનો ઉમેરાતા ગયા તેના લીધે આજે રોબોટ સર્જરી શક્ય બની છે. તબીબી જગત તો ઉદાહરણ છે પણ દરેક ક્ષેત્રમાં તેમના અરસાના આવા સિતારાઓ છે કે જે તે સમયે તેઓનો જમાનો હશે.

મૂંગી ફિલ્મ અને તે પછી બોમ્બે ટોકીની કે વાડિયાની ફિલ્મો ના હોત તો આપણે વર્તમાન ફિલ્મ યુગમાં ન પહોંચ્યા હોત. તમામ ક્ષેત્રો અને રમત જગતમાં પણ ઘણી વખત તો એવું લાગે કે જે હદે ટેકનોલોજી, સંદર્ભ, રિસોર્સ, મેથડ, સપોર્ટ સ્ટાફ અને વળતરની રીતે ક્રાંતિ થઈ છે તેની તુલનામાં નિર્માણ, રજૂઆત કે હાર્દમાં કંઈ ઝાઝો ફર્ક નથી પડયો. ઉલટું જુનું વધુ પડકારરૂપ છતાં બહેતર લાગે. જૂનાનો વર્તમાનની જેમ વ્યાપ નહોતો. બ્રાન્ડીંગ અને માર્કેટિંગ નહોતું. ફિલ્મ દુનિયાની વાત કરીએ તો વર્તમાન ફિલ્મ કલાકારો જે દ્રશ્ય આપીને દાદ મેળવે છે તેવું ભૂતકાળમાં કોઈ કલાકારે ભજવેલું જ હોય છે. જૂની ફિલ્મોની રીમેક અને તે જ અરસાના કલાકારની જેમ એક એક દ્રશ્ય તે જ સંવાદ સાથે ભજવાય છે.વયસ્ક નાગરિકો કહી શકે કે અશોક કુમારથી માંડી રણબીર અને દેવિકા રાનીથી દીપિકા અને હેલનથી નોરા ફતેહી તેમના આગવા અંદાજને બાદ કરતા મહદ્અંશે સરખું જ કરી ચુક્યા છે. વર્તમાન પ્રદાનકર્તાઓ એવા ઘમંડમાં રાચે કે આ તેઓનું એક્સક્લુઝીવ સર્જન છે તો તેઓ ખાંડ ખાય છે. એવું કહેવાય છે સૃષ્ટિમાં તમે જે વર્તમાનમાં કહો છો, લખો છો તે બધું કહેવાઈ ચુક્યું છે. મારા દાદા ડોંગરે મહારાજની કથા સાંભળી તેમને અવતારી સંત માનતા. આજના કથાકારોના ભક્ત જેવા શ્રોતાઓ 'કોણ ડોંગરે મહારાજ' તેવો પ્રશ્ન બેધડક પૂછી શકે. કુંબલે અને અશ્વિનને લેજેન્ડ સ્પિનર તરીકે નવાજતા ચાહકોને જ્યારે સ્વ. વિનુ માંકડને આઈ સી સીએ ૨૦૨૧ના વર્ષના 'હોલ ઓફ ફેમ'માં સ્થાન આપવાની જાહેરાત કરી ત્યારે દેશના યુવા ક્રિકેટ ચાહક તો શું આઈ પી એલ રમતા લાખોપતિ યુવા સ્પિનરોને પણ ખબર નહીં હોય કે વિનુ માંકડનો ક્લાસ અને કારનામા કેવા હતા.

૫૦ વર્ષ જુના અખબારની ફાઈલ જોતા એવું લાગે કે જે હદે માનવ જગતે અડધી સદીમાં તમામ ક્ષેત્રે ક્રાંતિ કરી છે.

# સપનાના સોદાગરો અને વાસ્તવિક વિચારો


યસ. આજકાલ બધાને બસ ઝટ વાઈરલ થવું છે! વીસમી સદીમાં અમેરિકાના મોડર્ન આર્ટીસ્ટ એન્ડી વૉરહોલે એક ફેઝ મશહૂર કરેલો - ફિફ્ટીન મિનિટ્સ ઓફ ફેમ ! બસ, ચમકીને રાખ થતા ફટાકડાની માફક હર કોઈને એટેન્શન, રેકિગ્નેશન જોઈએ છે. એને માટે મા-બાપો બાળકોને તૈયાર કરે છે. જુવાનિયાઓ વિચિત્ર વિડિયો બનાવવાના જોખમ લે છે, કિસમ કિસમના કોચ ભાતભાતની ટ્રેનિંગ આપે છે. ખાસ એજન્સીઓ કેમ્પેઈન ડિઝાઈન કરે છે.

જાણે આ જગતમાં એક જ કરિઅર રહી હોય એવો માહોલ બનતો જાય છે અને એ કરિઅર છેઃ સોશ્યલ ઈન્ફલુઅન્સર ! ફિલ્મસ્ટાર હોય કે સ્પોર્ટસ્ટાર, પોલિટિશ્યન હોય કે પ્રીચર - જે વિડિયો બનાવે છે, એ વેચાય છે પછી એના પુસ્તકો પણ ધૂમ વંચાય છે. જાયન્ટ ટેક કોર્પોરેશનોએ એમની સીસ્ટમના અલ્ગોરિમ જ હવે વિડિયો બેઝ્ડ રાખ્યા છે. ઓડિયોવિઝ્યુઅલ કન્ટેન્ટ (જેમ કે રીલ)ને જ વધુ 'રિચ' યાને વધુ ઓડિયન્સ મળે એવી ટ્રિક્સ-ટેક્નોલોજી વાપરે છે.

પેરેલલ, સમાંતરે એવું થયું છે કે, ઈન્ટરનેટના ડિજીટલ રિવોલ્યુશન અને વિકાસલક્ષી રાજકારણને લીધે ભારતમાં (અને જગતમાં) કન્ઝ્યુમર મિડલ ક્લાસમાં જબરો ઉછાળો આવ્યો છે. એક એવો વર્ગ છે. જેની પાસે બહું બધું છે, પણ એ જતું ન રહે એની ઈન્સિક્યુરિટીઝ પણ એવી જ વધુ છે. એક એવો વર્ગ છે કે જેને ઝટ બધું મેળવી લેવું છે. શોર્ટકટ ટુ સક્સેસના ઈઝી રેડીમેડ ફંડા જોઈએ છે. મહેનત ઓછી ને મોજ ઝાઝી. એક એવો વર્ગ પણ છે, જે ટીન-એજર છે. ઉગીને ઉભો થતો યુવા છે. બાયડિફોલ્ટ, એનો નેચર જ ડ્રીમી છે. એ સપનાના ગુલાબી ઘેનમાં જીવવાની લિજ્જત લે છે. એણે ઝાઝું જોયુંજાણ્યું વાંચ્યુવિચાર્યું અનુભવ્યું નથી. એટલે ડેપ્થના અભાવે 'ચમકે તે ચાંદી ને સુંદર તે સોનું' સમજી ઝટ સુગર કોટેડ પણ સુપરફિશ્યલ વાતોના પ્રભાવમાં આવી જાય છે. ચીકણા ચોકલેટી ક્વોટસ ને ટ્રેન્ડી સ્ટાઈલમાં શેલો સ્પિરિચ્યુઆલિટી યાને તકલાદી આધ્યાત્મિકતાથી ઝટ છેતરાઈ જાય છે.

આ ત્રણે વર્ગનો ત્રિવેણી સંગમ એટલે એક લલચામણું માર્કેટ ! આકડે મધ જોઈને અનેક લુચ્ચા શિયાળો જીભ લપલપાવતા ફરે છે. વૈવિધ્યપૂર્ણ વાચન અને આધુનિક અભ્યાસના અભાવે ક્વેશ્ચન્સ પૂછવાની આદત રહેતી નથી. એકબીજાની દેખાદેખીમાં 'મેરી સર્ટ યા સાડી તેરે સે જ્યાદા સફેદ' દેખાડવાની લ્હાયમાં નવા નવા ગુરૂઓ શોધવાની ને એ બહાને જાતે જ સ્પેશ્યલ ફીલ કરાવવાની હોડ છે. એવરીવન વોન્ટસ ઈન્સ્ટન્ટ મિરેકલ. એટલે બધાને એ મહાન થવા, સફળ થવા, ખુશ થવા જ સર્જાયા છે - એવા ભવ્ય ભવિષ્ય વિશે સાંભળવું વાંચવું ખૂબ ગમે છે. રૂપિયા ને જલસા, પી, એન્ડ હેપિનેસ એમના ફેવરિટ ટોપિક્સ છે. પ્રોબ્લેમ એ છે કે આર્ટ કે સાયન્સ સમજવાની મહેનત કોઈને લેવી નથી. કશુંક મેળવવા કશુંક છોડવું પડે ને સતત સફળતા કરી કોઈને ન મળે, નવું નવું તો નિષ્ફળતા જ શીખવાડે - એવી કડવી દવાનો ડોઝ એમને માફક આવતો નથી.

એટલે જરાક આસપાસ નજર કરો, એક બાજુ વીઆર અને એઆઈની દુનિયા છે. બીજી બાજુ નવી જનરેશનના સોફિસ્ટિકેટેડ સાધુઓ, ગુરૂઓ, ભૂવાઓ, તાંત્રિકો, મોટીવેશનલ સ્પીકરો, લાઈફ કોચ, સેલ્ફ હેલ્પ બૂક્સના લેખકો, કોઈને કોઈ ફિલ્ડના એચિવર્સ, પોલિટિકલ કે બિઝનેસ લીડર્સ, વાઈરલ સોશ્યલ મીડિયા ઈન્ફલુએન્સર્સનો રાફડો ફાટયો છે. ફન સાથે જ્ઞાન વહેંચવાની ટ્રેનિંગ લઈને ટ્રેનર્સ કૂદી પડે છે. મારીમચડીને કોઈને કોઈ ભેદી પ્રાચીન વિદ્યા શોધી લાવે છે, ને ભૂતકાળમાં બધું જાદૂઈ હતું એટલે ભવિષ્ય એના સહારે દેવતાઈ થઈ જશે, એવું સ્માર્ટલી કોન્ફિડન્સથી સમજાવી બ્રેઈનવૉશિંગ કરે છે. તેજના લિસોટામાં આંખો અંધ થઈ જાય એમ આવા ગળચટ્ટા દીવાસ્વપ્નોમાં અક્કલ આંધળી બની જાય છે.રિઝલ્ટમાં શું બધા પૈસાદાર કે સુખી થઈ જાય છે ના. ખુદ આવા બીજાના રાહબર થવા નીકળીને પોતાને પરફેક્ટ સુપર હ્યુમન તરીકે પેશ કરતા મોટીવેશનલ માંધાતાઓ પણ ઘણીવાર ફેઈલ થાય છે. મેડિકલ પ્રોબ્લેમ્સ, ક્રોધ, ટેન્શન, સ્વાર્થ, અસલામતી, ડર, ઈર્ષા વગેરે એમને વધુ સતાવે છે. એમનો ધંધો જરૂર વધે છે. પણ એ જેટલા બહાર દેખાડે છે, એટલા પરફેક્ટ હોતા નથી. મોટે ભાગે કેરફુલી પ્રિપેર્ડ ઈમેજ હોય છે એમની. જેવા હોય એવા ન દેખાય ને ન હોય એવા દેખાય એ માટે પ્રોફેશનલ ટીમ કામે લાગેલી હોય છે. ગપ્પાઓ અને સિદ્ધિઓના નામે ચાલાક યુક્તિઓ અજમાવી લોકરંજન કરીને એ બધાનું ફોર્ચ્યુન એન્ડ ફોલોઅર્સ વધારતા જાય છે.



## અવલોકન

# ભારત માં કોરોના અંત ભણી, પણ ચીન હજી કોરોના ગ્રસ્ત...!

**એક સમયે જગત આખા ને પોતાના વિકરાળ ડર નાં જબડા માં સમાવી લેવા આતુર કોરોના હવે ભારત માં ખતમ થઈ રહ્યો છે.**

**રમેશ ગોસ્વામી "સારથિ"**

ચીન નાં વુહાન શહેર માં થી નીકળેલો મનાતો કોરોના શું ખરેખર ખતમ થઈ ગયો છે? ના. હજી પણ સંક્રમણ નો ખતરો છે જ. પરંતુ હવે પહેલાં જેટલો ડર નો હાઉ નથી રહ્યો. આથી જ લોકો બેદરકાર બન્યા છે. મૃત્યુ દર અન્ય રોગો કરતાં ઘણો ઓછો હોવા છતાં પણ શરુ નાં અમુક મહિનાઓ ખુબ મોટો ડર રહ્યો.વિશ્વ માં થી કરોડો માનવીઓ નાં અપ મૃત્યુ થયાં.જગત આખા માં પ્રસરી ગયેલ આ વાયરસ ભારત માં ખુબ જ વ્યાપક માત્રા માં ફેલાઈ ગયો હતો. લોકડાઉન જ એકમાત્ર ઉપાય દેખાતાં તમામ દેશો એ કડક નિયમો સાથે આવા જાહી બંધ કરી નાખી.કદાચ આનો ખુબ મોટો ફાયદો પણ થયો.લાંબી જહેમત બાદ ભારત સરકાર દ્વારા વેક્સિન ની શોધ કરવા માં આવતાં અમુક અંશે કાબુ માં આવી ગયો. સૌ પ્રથમ ભારત દ્વારા શોધાયેલ વેક્સિન અડધા જગત માં આપવા માં આવેલ. ભારત નાં લોકો માટે ફ્રી કોસ્ટ ઉપલબ્ધ કરવા માં આવેલ. એક ડોઝ પુરતો ન જણાતાં બીજો ડોઝ આપવા માં આવ્યો. અનેક દેશો માં હજી પણ આ નરાધમ રોગ લોકો નાં જીવન છીનવી રહ્યો છે.નવેમ્બર,ડીસેમ્બર ૨૦૧૯થી સમગ્ર વિશ્વ ઉપર મૃત્યુનું તાંડવ કરનાર કોરોના હવે તેના અંતિમ તબક્કામાં છે.ખાસ કરીને ભારતમાં.તાજેતર નાં દિવસે વિશ્વના મુખ્ય દેશોમાં નવા કેસ-મૃત્યુની સંખ્યા જોઈએ તો..

જાપાન - ૫૬૭૯૧/૧૦૩
કોરીયા - ૨૨૩૨૭/૪૪
બ્રાઝીલ - ૧૭૭૧૦/૪૧
જર્મની - ૪૬૫૫૩/૧૬૨
યુએસ - ૧૩૮૩૪/૮૧
અને..
ભારત - ૩૪૩/૧

આટલું મોટું અંતર છે નવા કેસ અને મૃત્યુ આંક નાં આંકડા ઓ નું. અનેક દેશો ની જન સંખ્યા ભારત નાં એકાદ રાજ્ય કરતાં પણ ઓછી છે. આ દ્રષ્ટિ એ ભારત માં કોરોના ને કાબૂ કરવા ની નીતિ ખુબ અસરકારક રહી.આ તમામ દેશની વસ્તીનો સરવાળો કરીએ તો ભારત કરતાં ક્યાંય ઓછો થાય. પરતું ભારત આ મહામારીને નાથવામાં સક્ષમ રહ્યું એનું એકમાત્ર કારણ છે રસીકરણ. એ પણ સ્વદેશમાં બનાવેલી રસી દ્વારા. સમગ્ર વિશ્વને એ જ આશ્ચર્ય, અને ભારતમાં રહેલા 'અમુક' ભડવીરોને એ જ આઘાત છે કે મદારીઓનો દેશ પોતાની રસી આટલી અસરકારક કઈ રીતે બનાવી શકે? સરકાર ની આલોચના હોઈ શકે, દેશ ની નહીં. આટલું જ્ઞાન સ્વીકારી લે તો ય ભયો ભયો.!

ભારત સરકારે જ્યારે વેક્સીનેશન ચાલુ કર્યું ત્યારે આપણા આ મહાન નેતાઓ ને સ્વદેશી વેક્સીન લેવામાં શરમના શેરડા ફૂટતા હતા.એ લોકો રાહ જોતા સ્પુટનિક, મોર્ડના અને ફાઈઝરની, વિદેશી હોય એટલે સારું હોય ને ભઈ? પણ આપણી બંને સ્વદેશી વેક્સીન આ ત્રણે કરતાં ક્યાંય સારી અને અસરકારક સાબિત થઈ. એરપોર્ટ, કોર્પોરેટ કંપનીઓ, ઘણી જાહેર જગ્યાઓએ વેક્સીનેશન સર્ટીફીકેટ ફરજીયાત બનાવતાં, પછી આ લોકોએ પરાણે દેશી પ્રોડક્ટ સામે પોતાનાં બાવડાં ધરવા પડ્યાં પણ પરિણામે મહામારી પર લગામ કસવામાં સરળતા રહી.ભારતભરમાં ૨૦૦ કરોડથી વધુ રસી આપવામાં આવી એ પણ તદન મફ્ત.પરંતુ આપણા આ વધુ ભણેલા મહાનુભાવોને તેમાં પણ વાંધા પડ્યા, "હું તો વેક્સીન મુકાવવા ગયો જ નથી તો પણ મારા મોબાઈલમાં એસએમએસ આવી ગયો", "મને તો એપોઈન્ટમેન્ટ જ નથી મળતી", વગેરે જેવા અનેક બહાનાઓ આગળ ધર્યા.

આ લોકોએ બીજી લહેર દરમ્યાન મોતના તાંડવ સાથે પોતાની લવારીઓનો તાલ પણ મેળવી જાણ્યો. વિશ્વસ્તરે જાહેર થયેલી મહામારી એટલે યુધ્ધની પરિસ્થિતિ ગણાય.જીવિત કે મ્રુત શરીરો દરિયાની લહેરની જેમ રુગ્ણાલયોમાં ઠલવાય, કોઈપણ દેશના રુગ્ણાલયો નદીના પ્રવાહ સામે તરવા સક્ષમ હોય, દરિયાનો પ્રકોપ ખાળવો બહુ કઠિન હોય, કારણકે આવી મહામારી અમુક સદીઓમાં એકવાર આવતી હોય.

બીજી લહેર દરમ્યાન તકલીફો પડી, બેડ, ઓક્સિજન, ઈંજેક્શનો વગેરે મળવામાં, પણ તે દરેક દેશને પડી, માત્ર આપણને નહીં. પાછી સામે આપણી વિશાળ માનવવસ્તી પણ ધ્યાનમાં લેવાની. ઈંજેક્શન કે જરુરી દવાઓના કાળાબજાર થયા પણ એ સરકારે નહીં, લેભાગુ ડોક્ટરો, પેરામેડીકલ સ્ટાફ કે મારા તમારા જેવા સામાન્ય માણસોએ કર્યા. મ્યુકરમાઈકોસીસ પણ હતું. તો પણ રેમડેસિવીર કે મ્યુકર માટેના ઈંજેકશનસ્ માટે ક્યાંય દોડવું ન પડ્યું.આઈપીડી ક્વોટામાં હાજર હતું. એક સાથે ૧૪૦ કરોડ લોકો નાં સ્વાસ્થ્ય માટે સરકારે જી જાન લગાવી દીધી. પક્ષ, વિપક્ષ, રાજકિય મતભેદ હોઈ શકે, પણ સરકાર નાં આ કામ ને બિરદાવું રહ્યું. વિપક્ષ દ્વારા સતત અફવા ફેલાવા માં આવી હતી. ન કોઈ આર્થિક યોગદાન, ન કોઈ મોરલ સપોર્ટ. લોકડાઉન થી ફાયદો એ થયો કે સંક્રમણ ની ચેઈન તોડી પાડવામાં આવી.મહામારીની શરુઆતમાં આપણે જે તકેદારીઓ પાળી એ સમય જતાં ગૌણ બની જતાં બીજી લહેરે અજગર ભરડો લીધો, પરંતુ સરકાર શક્ય તેટલા મોરચે લડત આપવામાં સફળ રહી, જેના પરિણામે વસ્તીની સાપેક્ષમાં અત્યારે ભારત આ મહામારી સામે સંપુર્ણપણે નિશ્ચિત છે. અને એ ગર્વથી છાતી ફુલાવવાની ઘટના ચોક્કસપણે છે.

મહામારી શબ્દનો પ્રકોપ જ જે લોકોને નથી ખબર એ લોકો અમથા પણ કોઈ વાતે સમજે એમ નથી.

કોરોના વાયરસ રોગ - ૨૦૧૯( કોવિડ - ૧૯ ) એ સોર્સ કોરોના વાયરસ ૨ ( જીછઈજી - ૯૬૬- ૨ ) દ્વારા થતો ચેપી રોગ છે. અગાઉ આ ચેપ ને નોવેલ કોરોના વાયરસ તરીકે ઓળખવા માં આવતો હતો.

શાતિર ચીન દ્વારા ફેલાવવા માં આવેલ આ વાયરસ બાબતે અલબત્ત ચીન ચુપી સાધી ને બેઠું છે.ઉઇઁ પણ તેને પકડી શક્યું નથી. અનેક દેશો નાં આક્ષેપો છતાં ડ્રેગન પર કોઈ કાર્યવાહી કરી શકાઈ નથી. એમાં એનો દબદબો કારણભૂત છે.ઉઇઁ નાં હેડ તરીકે ચીન જ અગ્રેસર રહ્યું છે. મોટી આર્થિક સહાય પણ જવાબદાર છે. આ ખંધા દેશ સામે એકાદ -બે દેશ સીવાય કોઈ ખુલી ને બોલ્યું નથી. ભારત આડકતરી રીતે આંગળી ચીધી ચૂક્યું છે. પણ ખુલી ને સબુત વગર વાત નથી કરી શક્યું. આક્ષેપ કરવા થી કંઈ વળે પણ નહીં. જ્યાં સુધી વૈશ્વિક સ્તરે દેશો નો એક મોટો સમૂહ સાથે મળી ને નિષ્પક્ષ તપાસ હાથ ધરે, પરિણામ મળે, ત્યાં સુધી ચુપ રહેવા માં જ ભારત જેવા દેશ માટે લાભદાયી રહે. કેમકે ભારત - ચીન વચ્ચે અનેક મોરચે વ્યાપારિક સંબંધો સાચવવા પડતા હોય છે.

### ટહુકો

સવાલ એ છે કે જગત આખા ની માનવતા વાદી સંસ્થાઓ ક્યાં ગઈ? એકાદ હત્યા પર કાગારોળ મચાવી મુકનારા વૈશ્વિક સંસ્થાઓ આ મુદ્દે એક કેમ ન થઈ શકે? દેશો નાં સંગઠનો એક નિષ્પક્ષ કમિટી બનાવે. વિશ્વ સ્તરીય સમિતિ માં હર દેશ નાં લોકો સામેલ હોય. જાંચ એજન્સી ની નિમણુક કરવામાં આવે. કરોડો માનવી ઓ ની અપ્રત્યક્ષ હત્યા કરવા નાં કેસ સબબ તપાસ કરવા માં આવે. ચીન દોષી જણાય તો આખું વિશ્વ સામૂહિક પણે બહિષ્કાર કરે. અલબત્ત, આ થોડું અઘરું છે. પણ અમેરિકા, ભારત, જાપાન, ઈંગ્લેન્ડ, આફ્રિકા, રશિયા,એમ અલગ અલગ સમૂહ દેશો ચીન પર ચોતરફ થી દબાણ લાવી ને દંડ કરે એ અતિ આવશ્યક છે. કેમ કે કોરોના ની પ્રભાવી અસર જોઈ ને કોઈ દેશ અથવા આતંકવાદી સંગઠન વાયરસ ન બનાવે તો જ નવાઈ. આતંકવાદી સંગઠન હવે નવા રંગ રૂપ સાથે જગત સામે પ્રસ્તુત થશે એમાં કોઈ શંકા નથી. આ ઉભરતા ખતરા સામે પહોંચી વળવા દરેક દેશ અને ખાસ ભારત આગોતરી તૈયારી કરે એ ઈચ્છનીય અને જરૂરી છે. જગત જમાદાર બનવા નાં ખ્વાબ જોતા ડ્રેગન ને જો દોષી જણાય તો કડક સજા કરવા માં આવે. આજ નાં અરસ પરસ નાં દોર માં આર્થિક બહિષ્કાર થી મોટું કોઈ હથિયાર નથી. ચીન ની ઉત્પાદન ક્ષમતા ખુબ વિરાટ છે. પણ ખરીદ શકિત ઘણી ઓછી છે. એવા માં એનો માલ લેવા માં જો તમામ દેશો નનૈયો ભણે તો ચીન પાંચ વર્ષ માં ખતમ થઈ જાય. એથી જ પ્રધાન મંત્રી લોકલ ટુ વોકલ કહે છે. એ સ્થાને થી " ચીન નો માલ ન લેશો" એવું ન કહી શકે. આથી જ સાંકેતિક ભાષા માં સંદેશ આપે છે. સામે પક્ષે ભારત પણ અમુક બાબતે ચીન સહિત વિશ્વ નાં ઘણાં દેશો પર નિર્ભર છે.

# ડોક્ટરની એક મહત્ત્વની ફરજ- 'દર્દીઓને દવાથી દૂર રાખવા !

શીર્ષક વાંચીને ઘણાં વાંચકોને શોલે ફિલ્મમાં બસંતી બનેલી હેમામાલિનીએ બોલેલો ડાયલોગ યાદ આવશે કે "ઘોડા અગર ઘાસસે દોસ્તી કરેગા તો ખાયેગા ક્યા?!!મજાક એક તરફ, પણ ભારતમાં પ્રચલિત બે મુખ્ય ચિકિત્સાપદ્ધતિઓ એલોપથી અને આયુર્વેદ બન્નેમાં આ વાત ડંકાની ચોટ પર કહી છે. એલોપથીમાં કહ્યું છે કે, 'પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર.'એટલે કે રોગ થયાં પછી મટાડવો તેનાં કરતાં તેને થતો રોકવો વધુ સારો. અને આયુર્વેદમાં તો આનાંથી પણ આગળ વધીને સમગ્ર આયુર્વેદનાં મુખ્ય બે પ્રયોજન બતાવતાં કહ્યું છે કે – અર્થાત સ્વસ્થનાં સ્વાસ્થ્યનું રક્ષણ કરવું અને રોગીનાં રોગનું શમન કરવું આ બે આયુર્વેદનાં મુખ્ય પ્રયોજનો છે.અહીં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે રોગીના રોગને દવાઓ દ્વારા દૂર કરવો તે મુદ્દાને બીજા ક્રમ પર રાખેલો છે. જયારે સ્વસ્થ મનુષ્યનાં સ્વાસ્થ્યને જાળવી રાખવું (એટલે કે તે રોગી જ ન બને તેની કાળજી રાખવી અને એ રીતે તેને દવાથી દૂર રાખવો) તે પહેલું અને મુખ્ય પ્રયોજન બતાવેલું છે.



હવે, ડૉક્ટર દર્દીને દવાથી દૂર કઈ રીતે રાખી શકે એ વિચારીએ.એક ઉદાહરણ સાથે વાત કરીએ તો ધારી લો કે એક ડૉક્ટર પાસે એલર્જીની શરદીનો પેશન્ટ આવ્યો. તો ડૉક્ટર માત્ર એલર્જીની દવાઓ લખીને જવા દેશે તો દર્દી સાજો તો થઈ જશે. પણ, ફરીવાર તેને એલર્જી થવાની શક્યતા તો ઊભી જ રહેશે. એટલે ડૉક્ટરો એ એલર્જીની દવાઓ સાથે જ જાણીતાં અને મુખ્ય એવાં એલર્જન કે જેનાંથી એલર્જી ઉત્પન્ન થઈ શકે તેની જાણકારી પેશન્ટને આપવી જોઈએ.. જેમ કે, ખાવા-પીવામાં મુખ્યત્વે ઠંડા, ખાટાં પદાર્થો દહીં, છાસ, લીંબુ, આંબલી, આઈસક્રીમ, કોલ્ડ્રિન્ક, સોફ્ટડ્રિન્ક, ફ્રિજનું પાણી, કોઈપણ પેકડ કે ટીન્ડ ફૂડ જેમ કે વેફર, સોસ, જામ વગેરેપ જેની અંદર વિનેગાર, પ્રિઝર્વેટિવ, આર્ટિફિશિયલ કલર્સ, કેમિકલ્સ ઉમેર્યા હોય તેવી બધી જ વસ્તુઓથી એલર્જી થવાની શક્યતા રહે છે. ખાવાપીવાની ચીજો સિવાય વધારે ધૂળ (ડસ્ટ), ધુમાડા, અગરબત્તી, પર ફ્યુમ્સ એન્ડ ગેસીઝ, હેવી સ્મેલ ધરાવતાં, સુગંધવાળા સાબુ, શેમ્પુ, સ્પ્રે, પાવડર, ડિઓડોરન્ટ વગેરે પણ એલર્જી કરી શકે છે. ાથરવા કે ઓઢવા માટેની ઊનનાં રુંછાવાળી ચાદરો, તકિયા કે ઓછાડ પણ એલર્જી કરી શકે છે. હોળીના તહેવાર એટલે કે માર્ચની આસપાસ ઉડતી પરાગરજ (પોલેન ગ્રેન્સ) અને સડન ટેમ્પરેચર ચેન્જ પણ એલર્જી કરી શકે છે.આટલી માહિતી સાથે જો દર્દીને સમજાવવામાં આવે તો શક્ય છે કે દશમાંથી બે-ત્રણ દર્દીઓ એવાં નીકળે જે પોતાની એલર્જીનું કારણ શોધી શકે અને એનાંથી દૂર રહી પરિણામે દવાથી પણ દૂર રહી શકે. ધૂળની એલર્જી ધરાવતાં દર્દીઓ તો માત્ર યોગ્ય માસ્કનાં ઉપયોગ દ્વારા પણ દવાથી દૂર રહી શકે છે.

આ થઈ ડૉક્ટરના પક્ષની વાત પણ, કહેવત છે ને કે એક હાથે તાળી ન પડે. એટલાં માટે સામે દર્દીઓના પક્ષે પણ બહુ બધી ફરજો આવે છે. જેમ કે, દર્દીએ પોતાના તબીબ પર સંપૂર્ણ વિશ્વાસ રાખવો અને તેમણે આપેલી સૂચનાઓ કે સલાહનું ચુસ્ત પાલન કરવું. સતત ગૂગલ કર્યે રાખી પોતાનાં પગ પર કુહાડી ન મારવી. અધૂરીપધૂરી માહિતી મેળવી ને પોતાની જાત પર કોઈ અખતરા ન કરવાં. લક્ષણો સરખાં લાગતાં હોય તેમ છતાં ડૉક્ટરે લખેલ જૂનાં પ્રિસ્ક્રીપશન મુજબ જાતે દવાઓ ન લઈ લેવી.

અનિવાર્ય સંજોગો સિવાય સેલ્ફ મેડિટેશન ટાળવું. સૂંઠનાં ગાંગડે ગાંધી થવા નીકળેલાં મિત્રો કે સગાં-સંબંધીની જેવી તેવી સલાહો કે દવાઓ ન જ લેવી. દવાનાં ડોઝમાં જાતે ફેરફાર ન કરવાં. દરદ ગયું અને વૈદ્ય વેરી ! એ રૂઢિપ્રયોગ મુજબ ન વર્તવું ! દવાનો કોર્સ પૂરો કરીને ડૉક્ટરની સૂચના મુજબ ફરી ફોલોઅપમાં બતાવવા જવું. જેથી કોઈપણ દરદ ટૂંક સમયમાં ઊથલો ન મારે અને મૂળમાંથી મટી શકે.

# સમસ્ત દર્દ ની એક દવા પંચગવ્ય

## એવો એક પણ રોગ નથી જેનો ઉપાય પંચગવ્ય પાસે નથી.

### ક્ષય, ટીબી અને ઉધરસ

આ સ્વસનતંત્રનો રોગ છે. ફેફસાં નબળા પડી જાય છે. શ્વાસ લેવામાં તકલીફ પડે છે. દર્દીને સૂકી ઉધરસ આવે છે. દર્દીને નિરાંતે સૂઈ પણ શકતો નથી. શરીર સુકાતું જાય છે.આવા દર્દીને સવારે અને રાત્રે ૫૦ મિલિગ્રામ ગૌમૂત્ર આપવું. ગાયનું દૂધ અને શાંતિ માલિશ કરીને પછી ગરમ પાણીથી સ્નાન કરવું. ગાયનું દૂધ માખણ ઘી છુટથી લેવું.રાત્રે સૂતી વખતે ગાયના વલોણાનાં ઘીના ચાર ટીપા નાકમાં નાખવા. તેમજ ઘીથી ડુંટીમાં દિવસમાં ત્રણ વખત માલિશ કરવી.ગાયના શરીરમાંથી ગૂગળ જેવી વાસ આવે છે. આ ઉપરાંત ગાયના ઉચ્છવાસમાં નીકળતા વાયુઓ પણ અનેક રોગોનો નાશ કરે છે. ટીબીના દર્દીઓએ ગૌશાળામાં સૂવું જોઈએ. આ પ્રયોગ ૪૫ દિવસ સુધી કરવો. દર્દીને છાણ અને મૂત્રની આખા શરીર ઉપર લેપ કરવાથી તેનીથી વાસ ટીબીના જંતુઓનો નાશ કરે છે. માટે દર્દીઓને ગૌશાળામાં સુવાનો આદેશ છે.

### જ્ઞાનતંતુઓના રોગ, વાઈ હિસ્ટિરિયા

જ્ઞાનતંતુઓના રોગો એક અતિ ગંભીર પ્રકારની બીમારી છે. જ્ઞાનતંતુઓના રોગોને કારણે ઘણી વખત સ્મૃતિનાશ તેમ જ ગાંડપણના હુમલાઓ થાય છે.જ્ઞાનતંતુઓ નબળા પડવાને કારણે મગજ બરાબર કામ કરતું નથી. તેથી શરીરનાં અવયવો ઉપર કાબૂ રહેતો નથી. તેથી માણસ ન સમજાય એવી હકીકતો કરે છે. આ રોગ અસહ્ય છે. આ રોગમાં દર્દી તેમજ સમગ્ર કુટુંબ હેરાન પરેશાન થાય છે. આ રોગની સારવાર ખૂબ જ લાંબી અને ખર્ચાળ હોય છે. છતાં ધાર્યું પરિણામ આવતું નથી. કેટલીક વખત દર્દી આપઘાત પણ કરે છે.આવા દર્દીને ગૌમૂત્ર સવાર બપોર સાંજ પીવડાવવું. માથામાં ગૌમૂત્ર થી માલિશ કરવી. રાત્રે ગાયના દૂધમાં ગાયનું ઘી બે ચમચી નાખીને પાવું.આમ કરવાથી આશાસ્પદ પરિણામો મેળવવાની શક્યતાઓ રહે છે. ગૌમૂત્રનો નશ્ય (નાસ) દિવસમાં ત્રણ વખત આપવો.

### જલોદર

દર્દીનું પેટ ફૂલી ગયું હોય, પેટમાં પાણી ભરાઈ ગયું હોય, તેવા દર્દીને ૫૦ મિલિગ્રામ ગૌમૂત્ર સવારે ખાલી પેટે આપવું.એક કલાક પછી તુલસી, મરી, ખાંડ નાખેલું ગાયનું દૂધ ગરમ કરીને બે-બે કલાકે રૂચિ પ્રમાણે આપવું. પાણી આપવું નહીં. ઉપવાસ કરાવો. આ પ્રમાણે આઠ દિવસ પ્રયોગ કરવો. દર્દીને પાણી બિલકુલ આપવું નહીં.ગાયનું દૂધ તેના બદલામાં આપવુ

### આફરો – વાયુપ્રકોપ – ચૂંક પેટનો દુખાવો

નાના બાળકોના પેટમાં ગેસ વાયુ થવાથી પેટ ફુલી જાય છે. પેટમાં ચૂંક આવે છે. તેમજ દુખાવો થાય છે.આ ગ્રુપમાં બાળકોને ત્રણ ચમચી અને મોટાઓને ૫૦ મિલીગ્રામ ગૌમૂત્ર આપવું. તેમાં એક ચમચી સિંધાલૂણ નમક- એક ચમચી રાઈનો પાવડર તેમજ અડધી ચમચી અજમો નાખીને પાવું. ડૂંટીમાં ગાયના ઘીની માલિશ કરવી.

### એઈડ્સ

આ એક ભયાનક જીવલેણ રોગ છે. એલોપથીમાંોઆ રોગને કાયમ મટાડવાની કોઈ જ દવા નથી. આ રોગના દર્દીની રોગ પ્રતિકારક શક્તિ તદ્દન ખલાસ થઈ જાય છે. તેનું શરીર અનેક રોગોનું ભોગ બને છે. છેવટે તે મૃત્યુ પામે છે. એડ્સના દર્દીઓએ ગૌમૂત્ર સવાર બપોર સાંજ ત્રણ વખત દિવસમાં ૫૦ મિલિગ્રામ લેવું. ઉપરાંત પંચગવ્ય મધ નાખીને લેવું. જો શરૂઆતનો તબક્કો હોય તો દર્દીઓને સાજા થવાની શક્યતા વધી જાય છે. આ ઉપચારથી કેટલાક દર્દીઓ સાજા થયેલા દાખલા છે. એલોપથીના ઉપચારથી એડ્સનો એક પણ કેસ મટ્યાનું મારા ધ્યાનમાં નથી. ઈન્દોરના ડૉક્ટર વીરેન્દ્ર જૈનએ કેટલાક દર્દીઓના એડ્સ મટાડ્યા છે. આ ઉપરાંત મનુષ્યને થતા ૧૦૮ પ્રકારના રોગોમાંથી ગૌમૂત્ર પંચગવ્ય સુંદર પરિણામો આપે છે. ગૌમૂત્ર અને છાણની માલિશ તથા તેનો નાસ પણ અતિ ઉપયોગી છે.



### કોલાઇટીસ

આ પ્રકારના રોગીના આંતરડા નબળા પડી ગયા હોય છે. એ કેટલીક વાર આંતરડામાં ચાંદા પડે છે. ઝાડામાં લોહી અને પરુ પડે છે. વારંવાર સંડાસ જવું પડે છે.પેટ સાફ આવતું નથી. લ્હાય બળે છે.

આવા દર્દીને દિવસમાં બે વાર ૫૦ મિલીગ્રામ ગૌમૂત્ર આપો. ગાયના દૂધમાંથી બનાવેલી વલોણાની છાશ ઈચ્છા થાય તેટલી વાર આપવી. જીરું તથા સિંધાલૂણ રુચિ પ્રમાણે નાખવાની છુટ છે. જીરું તથા સિંધાલૂણ રુચિ પ્રમાણે નાખવું. પાંચ દિવસ છાશ તેમજ મગના પાણી ઉપર ઉપવાસ કરાવવા. પછી ૧૫ દિવસ મગ ની ખીચડી તથા મગનું સેવન કરાવવું. ઘી તળેલી વસ્તુ મેંદો આઇસક્રીમ વગેરેનો ત્યાગ કરાવવો. ફ્રીજનું ઠંડુ પાણી પીવું નહીં. ગૌમૂત્રનો એનીમાં આપવો.

### કેન્સર

આ એક હતી ભયંકર જીવલેણ રોગ છે. કેન્સરનાં દર્દી દિવસે દિવસે મૃત્યુની નજીક જાય છે. એલોપથીની દવાઓથી દર્દીને થોડી રાહત થાય છે. તે ભાગ શરીરમાંથી કાઢી નાખ્યા સિવાય કાયમી મળતું નથી. કેન્સર ગળાનું, શ્વાસ નળીનું, મોંનું,આંતરડાનું, કિડનીનું, જીભનું, મગજનું વગેરે શરીરના કોઈપણ અંગમાં થઈ શકે છે. તે કોઈપણ ઉંમરના તંદુરસ્ત માણસને પણ થઈ શકે છે. કેન્સર ઉપર અત્યાર સુધી આધુનિક વિજ્ઞાન દ્વારા હજારો સંશોધનો થઈ ગયાં છે અને થઈ રહ્યા છે, પરંતુ એલોપથીને આજ સુધી ૧૦૦% સફળતા નથી મળી. પહેલા અને બીજા તબક્કામાં રાહત હોઈ શકે છે, પરંતુ સચોટ ઈલાજ નથી મળ્યો. પંચગવ્યમાં ઉપચાર પ્રમાણે ગૌમૂત્ર સવાર બપોર સાંજ ત્રણ વખત ૫૦ મિલિગ્રામ લેવું. દર અઠવાડિયે પાંચ ગ્રામની માત્રા વધારવી.૧૫૦ મિલીગ્રામ સુધી લઈ શકાય. સાથે ગાયનું દૂધ તુલસી નાખીને ઉકાળીને લેવું. આ રીતે ૧૫ દિવસના ઉપવાસ ગૌમૂત્ર અને દૂધ લઈને કરવા. પછી મગનું પાણી ફળો વગેરે લેવા. ધીરે ધીરે થોડું થોડું અનાજ શરૂ કરવું. ગૌમૂત્ર ઉપરાંત ગાયનું દૂધ, દહીં, માખણ, ઘી, ગૌમૂત્ર અને ગોબર પંચગવ્ય સપ્રમાણ ૧૦-૧૦ગ્રામ ભેગું કરી લેવું. દિવસમાં બે વાર તેમાં બે ચમચી મધ નાખવું તુલસી અને દર્દ તથા જવાળાનો રસ દિવસમાં બે વાર લેવું ગૌમૂત્ર પંચગવ્યના સેવનથી કેન્સરના દર્દીઓનું કેન્સર કાયમ માટે મટી ગયાના અનેક ઉદાહરણો છે ઈન્દોરના ડૉક્ટર જૈનના માતૃશ્રીને કેન્સર આ પદ્ધતિથી મટ્યું છે.

E-mail : drashtikonjanvani09@gmail.com

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક ગુજરાત

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Wednesday, 04 Noveber-2026

બુધવાર, તા.૦૪/૧૧/૨૦૨૬

# દિવાળી બોનસ નહીં મળતાં દમણની ભીમ પોલીફેબ કંપનીમાં કામદારોની હડતાળ

## કામદારોના વિરોધ બાદ કંપની મેનેજમેન્ટે ૫ નવેમ્બર સુધી બોનસ આપવાની ખાતરી આપી; સમજાવટ બાદ હડતાળ સમેટાઈ

### ૫ નવેમ્બરે બોનસ મળશે ત્યારે જ સ્થિતિ સ્પષ્ટ થશે

સમગ્ર ઘટનામાં કંપની મેનેજમેન્ટ અને કોન્ટ્રાક્ટર વચ્ચે બોનસની ચુકવણીને લઈને શું વ્યવસ્થા છે તે અંગે સવાલો ઊભા થયા છે. કામદારોની અપેક્ષા હતી કે દિવાળી પર મળનારા બોનસથી તેઓ પરિવાર સાથે તહેવાર સારી રીતે ઉજવી શકશે. હવે કંપની દ્વારા ૫ નવેમ્બરે બોનસ ચૂકવવાની ખાતરી આપવામાં આવી છે ત્યારે કામદારોને ખરેખર બોનસ મળે છે કે નહીં તેના પર સૌની નજર ટકેલી છે.

**દ્રષ્ટિકોણ-દમણ:** કેન્દ્રશાસિત પ્રદેશ દમણના આટિયાવાડ વિસ્તારમાં આવેલી ભીમ પોલીફેબ કંપનીમાં દિવાળીનું બોનસ નહીં મળતાં કામદારો હડતાળ પર ઉતરી આવ્યા હતા. બે દિવસથી બોનસ અંગે અસમંજસની સ્થિતિ વચ્ચે કામદારોએ વિરોધ નોંધાવ્યો હતો. આખરે કંપની મેનેજમેન્ટ અને વહીવટી તંત્રના સંબંધિત અધિકારીઓની સમજાવટ બાદ ૫ નવેમ્બર સુધી દિવાળીનું બોનસ ચૂકવવાની ખાતરી આપવામાં આવતાં કામદારોએ હડતાળ સમેટી લીધી હતી.

મળતી માહિતી મુજબ, કંપનીમાં કામ કરતા કામદારોનું કહેવું હતું કે દિવાળી નિમિત્તે તેમને બોનસના બદલે માત્ર ધાબળા, ચાદર, સ્ટીલની થાળી-વાટકી સહિતની કેટલીક વસ્તુઓ અને મીઠાઈનો એક ડબ્બો આપવામાં આવે છે. અન્ય કંપનીઓની જેમ દિવાળીનું બોનસ આપવામાં આવતું ન હોવાથી કામદારોમાં નારાજગી હતી. આ મુદ્દે બે દિવસથી અસમંજસની સ્થિતિ સર્જાઈ હતી અને અંતે કામદારોએ હડતાળનું શસ્ત્ર ઉગામ્યું હતું.

ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. સંબંધિત વિભાગના અધિકારીઓ પણ કંપની ખાતે દોડી આવ્યા હતા. કામદારોએ સ્પષ્ટ જણાવ્યું હતું કે કંપની આ વખતે દિવાળીનું બોનસ આપવા માગતી નથી. મામલો વધુ વણસે તે પહેલાં કંપની મેનેજમેન્ટના ઉચ્ચ અધિકારીઓ અને વહીવટી તંત્રના અધિકારીઓએ કામદારો સાથે ચર્ચા કરી હતી. અંતે ૫ નવેમ્બર સુધી દિવાળીનું બોનસ ચૂકવવાની ખાતરી આપવામાં આવતાં હડતાળનો અંત આવ્યો હતો.

આ સમગ્ર ઘટનાક્રમ અંગે કંપનીના એચઆર મેનેજર દીપક શર્માએ જણાવ્યું હતું કે કામદારોમાં બોનસ નહીં મળે તેવી ગેરસમજ ઊભી થઈ હતી. હકીકતમાં કંપની આ વખતે બોનસ ઉપરાંત કામદારોને ડિનર સેટ સહિત ઘરના ઉપયોગની જરૂરી વસ્તુઓ પણ આપવા માગે છે. આ અંગેની વાત યોગ્ય રીતે કામદારો સુધી ન પહોંચતાં ગેરસમજ ઊભી થઈ હોવાનું તેમણે જણાવ્યું હતું.

બીજી તરફ, કંપનીમાં કોન્ટ્રાક્ટર હેઠળ કામ કરતા એક શ્રમિકે જણાવ્યું હતું કે તેઓ છેલ્લા ૬થી ૭ વર્ષથી કંપનીમાં કામ કરી રહ્યા છે, પરંતુ દર વર્ષે તેમને માત્ર નાની-મોટી ઘરવપરાશની વસ્તુઓ અને મીઠાઈનો ડબ્બો જ આપવામાં આવે છે. અન્ય કંપનીઓમાં દિવાળીનું બોનસ આપવામાં આવે છે તો ભીમ પોલીફેબ કંપનીમાં કેમ નહીં, તેવો સવાલ ઉઠાવી કામદારોએ હડતાળ કરી હતી. શ્રમિકે વધુમાં આક્ષેપ કર્યો હતો કે કંપની દ્વારા કોન્ટ્રાક્ટરને બોનસની રકમ આપવામાં આવતી હોવા છતાં કોન્ટ્રાક્ટર કામદારો સુધી તે રકમ પહોંચાડતા નથી. જોકે, આ આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ શકી નથી.

# વલસાડ પત્રકાર સંઘની રચના: સિનિયર અને ઉત્સાહી યુવા પત્રકારોનો સમન્વય કરી લોક પ્રશ્નોને વાચા અપાશે



**દ્રષ્ટિકોણ-વલસાડ:** વલસાડ જિલ્લામાં પત્રકાર આલમના ઉત્થાન, લોકપ્રશ્નોના સચોટ નિરાકરણ અને પત્રકારોની એકતા માટે 'વલસાડ પત્રકાર સંઘ' ની રચના કરવામાં આવી છે. આ સંઘના માધ્યમથી સિનિયર પત્રકારોના માર્ગદર્શન હેઠળ ફિલ્ડમાં સક્રિય અને ઉત્સાહી નવજુવાન પત્રકારોને એક જ મંચ પર લાવીને સમાજ તથા લોક પ્રશ્નોને વાચા આપી તેનું યોગ્ય નિરાકરણ લાવવાના ભગીરથ પ્રયાસો હાથ ધરવામાં આવશે.

**નવી કારોબારી સમિતિના હોદ્દેદારોની વરણી**

તાજેતરમાં મળેલી વિશેષ બેઠકમાં સર્વાનુમતે સંસ્થાની નવી કારોબારી સમિતિના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.

**જેની વિગતો નીચે મુજબ છે:**

પ્રમુખ: ઉત્પલભાઈ દેસાઈ
ઉપપ્રમુખ: કમલેશભાઈ હરિયાવાલા,
ઉપપ્રમુખ: તરુણ નાયકા
મંત્રી: બંકીમભાઈ દેસાઈ
સહમંત્રી: મુકેશભાઈ દેસાઈ
ખજાનચી: કાદરભાઈ હાસમાની
સહ-ખજાનચી: પી. કે. ઠાકોર
કો-ઓર્ડિનેટર: દેયઝાદ ચોથિયા બાવાજી.

સંસ્થાનું સુચારુ સંચાલન અને વહીવટી શિસ્ત જળવાઈ રહે તે હેતુસર એક શિસ્ત સમિતિની પણ રચના કરવામાં આવી છે. જેમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ થાય છે:

ઉત્પલભાઈ દેસાઈ
બંકીમભાઈ દેસાઈ
કાદરભાઈ હાસમાની
કમલેશભાઈ હરિયાવાલા
સુભાષ ઠાકોર

નવનિયુક્ત તમામ હોદ્દેદારોને બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યો તથા શુભેચ્છકો દ્વારા ફૂલહાર પહેરાવી અને મોં મીઠું કરાવીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. વલસાડ પત્રકાર સંઘની આ રચનાથી જિલ્લાના પત્રકારત્વ જગતમાં એક નવી જ ઉર્જા અને સકારાત્મક જોશ જોવા મળી રહ્યો છે.

# દમણના દાભેલમાં હોટેલ સંચાલકના શંકાસ્પદ મોતનો ભેદ ઉકેલાયો

## હાર્ટ એટેક આવવાથી હિમાંશુ ગોસ્વામીનું નિધન થયું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું




**દ્રષ્ટિકોણ-દમણ :** સંઘપ્રદેશ દમણના ઔદ્યોગિક વિસ્તાર દાભેલ ખાતે આવેલી જાણીતી હોટેલ 'સિદ્ધાર્થ'ના સંચાલક હિમાંશુ ગોસ્વામીનો મૃતદેહ હોટેલના રૂમમાંથી મળી આવવાની ઘટનામાં મહત્વનો ખુલાસો થયો છે. પોલીસ સૂત્રો પાસેથી મળેલી તાજી માહિતી મુજબ, તપાસના અંતે તેમનું મૃત્યુ હાર્ટ એટેક (હૃદયરોગના હુમલા)ને કારણે થયું હોવાનું સ્પષ્ટ થયું છે.મળતી વિગતો મુજબ, મૂળ રાજસ્થાનના પાલી જિલ્લાના વતની અને ૫૮ વર્ષીય હિમાંશુ ગોસ્વામી છેલ્લા ઘણા સમયથી દાભેલ સ્થિત હોટેલ સિદ્ધાર્થનો વહીવટ તેમજ સંચાલન સંભાળતા હતા.

રૂટિન કામગીરી દરમિયાન જ્યારે હોટેલનો સફાઈ કર્મચારી રૂમ નંબર ૧૦૪માં સફાઈ માટે પહોંચ્યો ત્યારે દરવાજો ખોલતા જ હિમાંશુ ગોસ્વામી અચેત અવસ્થામાં મળી આવ્યા હતા. તાત્કાલિક ૧૦૮ મારફતે તેમને સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.પ્રારંભિક તબક્કે આ મામલો અત્યંત શંકાસ્પદ જણાતો હોવાથી દાભેલ પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

પોલીસે રૂમ નંબર ૧૦૪ને કોર્ડન કરી સીસીટીવી ફૂટેજ, ડીવીઆર તથા એફએસએલની મદદથી ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી અને અંગત અદાવત કે નાણાકીય લેવડ-દેવડ સહિતના વિવિધ પાસાંઓ પર તપાસ કેન્દ્રિત કરી હતી.

જોકે, મૃતદેહના પેનલ પોસ્ટમોર્ટમ અને પોલીસ તપાસ બાદ સામે આવ્યું છે કે તેમનું મૃત્યુ કોઈ ગુનાહિત ષડયંત્ર કે અદાવતને લીધે નહીં, પરંતુ હાર્ટ એટેક આવવાને કારણે થયું હતું. આ ખુલાસા સાથે જ સમગ્ર પંથકમાં ચાલી રહેલી વિવિધ અટકળો અને ચર્ચાઓનો અંત આવ્યો છે.

# મોટી દમણ કલેક્ટર કચેરીએ વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી



**દ્રષ્ટિકોણ-દમણ :** દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના માનનીય પ્રશાસક શ્રી પ્રફુલ પટેલના નેતૃત્વ હેઠળ મોટી દમણ સ્થિત કલેક્ટર કચેરી ખાતે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' પહેલ અંતર્ગત વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સ્થાપના દિવસની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખ તેમજ આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, દિલ્હી, હરિયાણા, કર્ણાટક, કેરળ, લક્ષદ્વીપ, મધ્યપ્રદેશ, પુડુચેરી, પંજાબ અને તમિલનાડુના સ્થાપના દિવસને આવરી લેવાયા હતા.

આ પ્રસંગે દમણ જિલ્લામાં વસવાટ કરતા આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અગ્રણી નાગરિકોનું દમણ વહીવટીતંત્ર વતી ડેપ્યુટી કલેક્ટર (જનરલ) શ્રીમતી આરતી અગ્રવાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિતોને સંબોધતા ડેપ્યુટી કલેક્ટરે જણાવ્યું હતું કે ભારત તેના સમૃદ્ધ ઇતિહાસ, સંસ્કૃતિ અને વારસા પર ગર્વ અનુભવે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આવા આયોજનોથી વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના લોકો વચ્ચે પરસ્પર સંવાદ અને સમજણ વધે છે, તેમજ ભાષા શિક્ષણ, સંસ્કૃતિ, પરંપરા, સંગીત, પ્રવાસન અને ખાનપાન જેવા ક્ષેત્રોમાં સાંસ્કૃતિક સંબંધો વધુ મજબૂત અને ગાઢ બને છે.

# ડાંગની ગોલ્ડન ગર્લ સરિતા ગાયકવાડ સાથે રૂ. ૬૯.૧૦ લાખની છેતરપિંડી

### DYSP તરીકે ફરજ બજાવતાં એશિયન ગેમ્સની ગોલ્ડ મેડલ વિજેતા ખેલાડી સાથે છેતરપિંડીનો મામલો સામે આવ્યો

**દ્રષ્ટિકોણ-ડાંગ :** ડાંગ જિલ્લાનું ગૌરવ અને એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતીને દેશનું નામ રોશન કરનાર 'ગોલ્ડન ગર્લ' સરિતા ગાયકવાડ સાથે રૂ. ૬૯.૧૦ લાખની નાણાકીય છેતરપિંડી થઈ હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. હાલમાં ડ્યુટી તરીકે ફરજ બજાવતાં સરિતા ગાયકવાડને રેતીના વેપારમાં રોકાણ કરીને ઊંચું વળતર મેળવવાની લાલચ આપવામાં આવી હોવાનો આક્ષેપ છે. આ મામલે આહવા SOG શાખા સમક્ષ ફરિયાદ નોંધાવવામાં આવતાં જિલ્લામાં ચર્ચા જગાવી છે.મળતી પ્રાથમિક વિગતો અનુસાર, નિતિનભાઈ નામના વ્યક્તિએ પોતાની પાસે કરોડો રૂપિયાનો રેતીનો મોટો વેપાર હોવાનું જણાવી આકર્ષક વળતરની લાલચ આપી હોવાનું કહેવાય છે. સરિતા ગાયકવાડને રેતીના વેપારમાં રોકાણ કરવાથી ચાર ટકા નફો મળશે તેવી ખાતરી આપવામાં આવી હોવાનો આક્ષેપ છે.

વેપારમાંથી સારો નફો મેળવવાની આશાએ રોકાણ કરવામાં આવ્યું હતું, પરંતુ આ મામલે રૂ. ૬૯.૧૦ લાખની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ સામે આવી છે. દેશ માટે અનેક સિદ્ધિઓ હાંસલ કરનાર ખેલાડી સાથે જ આ પ્રકારની નાણાકીય છેતરપિંડીનો આક્ષેપ સામે આવતાં સમગ્ર મામલો ચર્ચાસ્પદ બન્યો છે.

આહવા SOG સમક્ષ ફરિયાદ નોંધાવાયા બાદ આ મામલે તપાસ અને આગળની કાયદેસરની કાર્યવાહી પર સૌની નજર છે. રોકાણના વ્યવહારો, નાણાંની લેવડદેવડ અને ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપોની તપાસ બાદ જ સમગ્ર હકીકત સ્પષ્ટ થશે. નોંધનીય છે કે, હાલ ઉપલબ્ધ વિગતો ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો પર આધારિત છે.

તપાસ પૂર્ણ થાય અને સત્તાવાર વિગતો સામે આવે ત્યાર બાદ જ સમગ્ર ઘટનાની સાચી હકીકત જાણી શકાશે.

# સુરત ગ્રામ્યના પાલોદ પાસેથી સ્ટેટ મોનીટરીંગ સેલે ઝડપ્યો




**દ્રષ્ટિકોણ-ઓલપાડ :** ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર રીતે ચાલતી દારૂ અને જુગારની પ્રવૃત્તિઓ સામે કાયદેસરની સખત કાર્યવાહી કરવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી જી.એસ.મલિક દ્વારા ખાસ સૂચના આપવામાં આવેલ હતી. જે અન્વયે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમો દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી દરમિયાન સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.ડી.રવિયા તથા તેમની ટીમે સુરત-વડોદરા નેશનલ હાઈવે નંબર-૪૮ ઉપર, પાલોદ ગામની હદમાં આવેલી હોટલ રોયલ ઈન સામે જાહેરમાં રેઈડ કરી હતી.

આ દરોડા દરમિયાન સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બીયરની આશરે ૧૭૪ પેટીઓ, જેની કુલ ૬૬૫૧ બોટલો થાય છે, તે જપ્ત કરવામાં આવી હતી. જેની કુલ કિંમત રૂ. ૨૪,૪૫,૮૫૨/- થાય છે. દારૂના આ મોટા જથ્થા ઉપરાંત પોલીસે ઘટનાસ્થળેથી ૨ વાહનો, ૨ મોબાઈલ ફોન, રોકડ રકમ તથા અન્ય મુદ્દામાલ મળીને કુલ રૂપિયા ૪૨,૫૬,૨૭૨/- નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ સમગ્ર ગેરકાયદેસર પ્રવૃત્તિ અંગે સુરત ગ્રામ્યના પાલોદ પોલીસ સ્ટેશન ખાતે તા. ૦૩/૧૧/૨૦૨૬ ના રોજ પ્રોહીબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ ગુનામાં પોલીસે સ્થળ પરથી બે આરોપીઓ — હર્ષકુમાર વનેશભાઈ પટેલ (રહે. કોચરવા, તા. વાપી, જી. વલસાડ) અને સોહનસિંહ માધોસિંહ રાજાવત (રહે. દમણ, મૂળ જી. સવાઈ માધોપુર, રાજસ્થાન) ને ઝડપી પાડ્યા છે. જ્યારે આ પ્રકરણમાં રિતેષ ઉર્ફે રીતલો બુઢીયા હળપતિ (રહે. રીંગણવાડા, દમણ) તેમજ દારૂનો જથ્થો મંગાવનાર અને ઈનોવા ગાડીમાં દારૂની હેરફેર કરનાર અન્ય ૪ આરોપીઓ વોન્ટેડ જાહેર થયા છે, જેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિરે ભવ્ય મેથ્સ એન્ડ સાયન્સ ફેર ૨.૦ યોજાયો



**દ્રષ્ટિકોણ-ઓલપાડ :** BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર, સુરત ખાતે તા. ૧ નવેમ્બર ૨૦૨૬ ના રોજ પ્રી-પ્રાયમરીથી ધો. ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ માટે ભવ્ય મેથ્સ એન્ડ સાયન્સ ફેર KHOJ 1.0નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે સુરત મંદિરના કોઠારી પૂજ્ય ઉત્તમપ્રકાશદાસ સ્વામી તથા સુરત મંદિરના સંતો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પૂ. સંતોએ વિવિધ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં પૂ. જ્ઞાનવત્સલ સ્વામીએ પધારી કાર્યક્રમને દીપાવ્યો હતો.

આ સમગ્ર પ્રદર્શનને છ અલગ-અલગ ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. દરેક ઝોનમાં સ્કેનર દ્વારા પ્રવેશ અને રિવ્યૂની અનોખી ડિજિટલ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ નવીસિસ્ટમ સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી અને ઉપસ્થિત સૌએ તેની વિશેષ પ્રશંસા કરી હતી. આ પ્રસંગે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિજેતા થનાર કુલ ૪૮ વિદ્યાર્થીઓને ટ્રોફી અને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા, જ્યારે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના વિશેષ આકર્ષણરૂપે 'હેલ્થ કોર્નર' અને 'આંતરખોજ' દ્વારા આવનાર મુલાકાતીઓને સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, સંશોધનવૃત્તિ, આત્મવિશ્વાસ અને નવીન સર્જનાત્મકતાને પ્રોત્સાહન મળ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ અને પ્રેરણાદાયી વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# દિવાળી પૂર્વે દહેજ-વિલાયતના ૧૮૦ સિક્યુરિટી જવાનોને ફાયર સેફટી અને ફર્સ્ટ એઇડની તાલીમ

### તહેવારોમાં ઓછા સ્ટાફવાળા કારખાનાઓમાં આગ કે ધડાકા જેવી કટોકટીનો સામનો કરવા જવાનોને સજ્જ કરાયા



**દ્રષ્ટિકોણ-ભરૂચ:** દિવાળીના તહેવારો દરમિયાન ઔદ્યોગિક એકમોમાં આગ કે અન્ય કટોકટીની સ્થિતિમાં ત્વરિત પગલાં લઈ શકાય તે હેતુથી દહેજ અને વિલાયત ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ૧૮૦ સિક્યુરિટી જવાનોને ફાયર સેફટી અને ફર્સ્ટ એઇડની વિશેષ તાલીમ આપવામાં આવી હતી.

દહેજ ઈન્ડસ્ટ્રીયલ એસો. તથા સાયખા-વિલાયત ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી તાલીમમાં દહેજ ખાતે ૧૦૦ અને વિલાયતની કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ ખાતે ૮૦ સિક્યુરિટી જવાનો જોડાયા હતા. દિવાળીના તહેવારો દરમિયાન અનેક કારખાનાઓમાં કર્મચારીઓની હાજરી ઓછી રહેતી હોય છે, જ્યારે કેટલાક એકમો બંધ પણ રહે છે. આવા સમયે પ્લાન્ટમાં હાજર સિક્યુરિટી જવાનો જ કટોકટીની સ્થિતિમાં પ્રથમ પ્રતિસાદ આપનાર બની શકે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આગ કે ધડાકા જેવી ઘટના સમયે પ્રાથમિક નિયંત્રણ મેળવવું, પરિસ્થિતિ વધુ ગંભીર બનતી અટકાવવી અને ઈમરજન્સી કોમ્યુનિકેશન કરવું તે અંગે વ્યવહારુ માર્ગદર્શન અપાયું હતું. તાલીમ શિબિરનું આયોજન ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગ, ભરૂચના નાયબ નિયામકો ડી.બી. ગામીત અને એસ.પી. પાઠક, મદદનીશ નિયામકો એ.આર. પિઠીયા અને વાય.એમ. પટેલ તેમજ દહેજ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના એમ.બી. પટેલ અને સાયખા-વિલાયત ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના ડો. મહેશ વશીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# AQI 331ને પાર, દિલ્હીના આઠ વિસ્તારોમાં હવા ગંભીર

**નવી દિલ્હી, તા.૩**

દિવાળીના તહેવાર પહેલાં દિલ્હીમાં હવા પ્રદૂષણની સ્થિતિ વધુ ગંભીર બની છે. મંગળવારે સવારે ૭ વાગ્યે દિલ્હીની સરેરાશ એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) ૩૩૧ નોંધાયો હતો. જે 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં આવે છે. દિલ્હીનાં ૮ મોનિટરિંગ સ્ટેશન પર AQI 400ને પાર થતાં હવાની ગુણવત્તા 'ગંભીર' શ્રેણીમાં પહોંચી હતી. બીજી તરફ, દિલ્હી-NCRમાં પ્રદૂષણને કાબૂમાં લેવા માટે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP)ના બીજા તબક્કાનાં નિયંત્રણો લાગુ કરવામાં આવ્યાં છે.મંગળવારે સવારે દિલ્હીના અનેક વિસ્તારો ધુમ્મસ અને સ્મોગની ચાદરથી ઢંકાયેલા જોવા મળ્યા હતા. નોઈડા અને ગુરુગ્રામમાં પણ ઊંચી ઈમારતો ધુમ્મસને કારણે દેખાતી નહોતી. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ના આંકડા અનુસાર, દિલ્હીનાં કુલ ૫૮ મોનિટરિંગ સ્ટેશનમાંથી ૮ પર AQI 400થી વધુ નોંધાયો હતો. તેમાં બવાના, પંજાબી બાગ, રોહિણી, વિવેક વિહાર, નરેલા, જહાંગીરપુરી, અલીપુર અને દિલ્હી ટેક્નોલોજિકલ યુનિવર્સિટી નો સમાવેશ થાય છે. દિલ્હીનાં ૩૩ મોનિટરિંગ સ્ટેશન પર હવાની ગુણવત્તા 'ખૂબ જ ખરાબ' અને ૧૭ સ્ટેશન પર 'ખરાબ' શ્રેણીમાં નોંધાઈ હતી.દિલ્હી-NCRમાં નોઈડાનો સરેરાશ AQI 307 નોંધાયો હતો, જે 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં આવે છે. ગુરુગ્રામમાં ૨૮૪ અને ગાઝિયાબાદમાં ૨૫૯ AQI નોંધાયો હતો, જે 'ખરાબ' શ્રેણીમાં આવે છે.GRAP-2 હેઠળ કડક પગલાંદિલ્હીમાં હવાની ગુણવત્તા સતત બગડતાં કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટે સોમવારે દિલ્હી-NCRમાં GRAP-૨ લાગુ કર્યો હતો. હવામાન વિભાગ અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રોપિકલ મેટિરિયોલોજીના અનુમાન મુજબ, આગામી દિવસોમાં પણ હવાની ગુણવત્તા 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં રહી શકે છે. GRAP-2 હેઠળ ધૂળના પ્રદૂષણને નિયંત્રિત કરવા અને જાહેર પરિવહનને પ્રોત્સાહન આપવા માટે પગલાં લેવામાં આવશે.

તેમાં મશીનથી રસ્તાઓની સફાઈ, પાણીનો છંટકાવ, એન્ટી-સ્મોગ ગનનો ઉપયોગ અને ખાનગી વાહનોનો ઉપયોગ ઘટાડવા પાર્કિંગ ફીમાં વધારો જેવા ઉપાયોનો સમાવેશ થાય છે.દિલ્હીમાં ૧ નવેમ્બરથી શિયાળાની પ્રદૂષણ નિયંત્રણ ઝુંબેશ પણ શરૂ થઈ છે, જે ૨૮ ફેબ્રુઆરી સુધી વિવિધ પગલાં સાથે ચાલુ રહેશે. વાહનોના પ્રદૂષણ, રસ્તાની ધૂળ અને ટ્રાફિકની સમસ્યા પર નિયંત્રણ માટે ચેકિંગ વધારવામાં આવ્યું છે.

વાહનોના પ્રવેશદ્વારો સહિતના મહત્ત્વના સ્થળોએ ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન કેમેરાની મદદથી નિયમોના ઉલ્લંઘન પર નજર રાખવામાં આવશે .દિલ્હી-NCRમાં પ્રદૂષણની ગંભીર સ્થિતિ વચ્ચે સુપ્રીમ કોર્ટે દિવાળી પહેલાં ૭ અને ૮ નવેમ્બરે ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપી છે. આ મંજૂરી સવારે ૬થી ૭ વાગ્યા અને રાત્રે ૮થી ૧૦ વાગ્યા સુધીના સમય માટે આપવામાં આવી છે. ૯ નવેમ્બરથી ફટાકડા પરનો સંપૂર્ણ પ્રતિબંધ ફરી લાગુ થશે. જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલેની બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે ફટાકડા ફોડવાથી પ્રદૂષણ થાય છે અને ધાર્મિક પ્રથાઓ પણ બંધારણીય મર્યાદાઓને આધીન છે. કોર્ટે હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્ર, વૃદ્ધાશ્રમ, શૈક્ષણિક સંસ્થાઓ અને સૂચિત શાંતિ ક્ષેત્રોના ૩૦૦ મીટરની અંદર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂક્યો છે.

### ગયા વર્ષે સમારકામ થયું હોવા છતાં રસ્તાની આવી હાલત કેમ?

# કરજણ ડેમની જમણા કાંઠાની કેનાલનો રસ્તો ધોવાયો, ખેડૂતો મુશ્કેલીમાં!

**દ્રષ્ટિકોણ-નર્મદા :** નર્મદા જિલ્લામાં આવેલા કરજણ ડેમની જમણા કાંઠાની કેનાલ પાસે ચોમાસા દરમિયાન ધોવાઈ ગયેલા રસ્તાને લઈને હવે સ્થાનિક ખેડૂતોમાં ભારે મુશ્કેલી અને નારાજગી જોવા મળી રહી છે.

ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદી પાણીના કારણે કેનાલ પાસેનો રસ્તો ધોવાઈ જતાં હાલ આ માર્ગ પરથી અવરજવર કરવી ખેડૂતો માટે મુશ્કેલ બની ગઈ છે. ખાસ કરીને ખેતરોમાં ખેતીકામ માટે જતાં ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ખેડૂતો માટે આ રસ્તો માત્ર અવરજવરનું સાધન નથી, પરંતુ તેમની રોજિંદી ખેતીની કામગીરી સાથે જોડાયેલો મહત્વનો માર્ગ છે. ખેતરમાં જવા માટે, ખેતીનાં સાધનો લઈ જવા માટે તેમજ પાકની દેખરેખ રાખવા માટે આ રસ્તાનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ રસ્તાની હાલત ખરાબ થઈ જતાં ખેડૂતોને મુશ્કેલી વેઠવી પડી રહી છે.

ગામના ખેડૂત અનિલભાઈ હિમંતભાઈના જણાવ્યા અનુસાર, આ કેનાલનું સમારકામ ગયા વર્ષે જ કરવામાં આવ્યું હતું. તેમ છતાં ચોમાસા દરમિયાન રસ્તો ધોવાઈ



જવાની પરિસ્થિતિ ઊભી થઈ છે. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે ગયા વર્ષે કરવામાં આવેલા સમારકામની ગુણવત્તા કેવી હતી? જો સમારકામ યોગ્ય રીતે કરવામાં આવ્યું હતું તો ફરી એકવાર રસ્તો ધોવાઈ જવાની નોબત કેમ આવી?

ખેડૂતોના જણાવ્યા મુજબ, હાલ રસ્તા પરથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. રોજિંદા ખેતીકામ માટે આ માર્ગનો ઉપયોગ કરતા ખેડૂતોને સમય અને મહેનત બંનેનો વધારાનો બોજ સહન કરવો પડી રહ્યો છે.

આ સમગ્ર મામલે કરજણ સંકુલની કામગીરી અને દેખરેખ સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. કારણ કે, ગયા વર્ષે સમારકામ કરવામાં આવ્યું હોવા છતાં જો ચોમાસામાં રસ્તાની આવી સ્થિતિ સર્જાય તો તેની જવાબદારી કોની? સમારકામની કામગીરી પૂર્ણ થયા બાદ તેની યોગ્ય તપાસ કરવામાં આવી હતી કે કેમ? તેમજ કામની ગુણવત્તા અંગે જવાબદાર અધિકારીઓ દ્વારા શું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું?

બીજી તરફ, કોન્ટ્રાક્ટ પદ્ધતિ હેઠળ કામ કરતા મજૂરો અને સંબંધિત કર્મચારીઓ દ્વારા પણ આ સમસ્યાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સ્થળ પર આવી પરિસ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવતું ન હોવાની ખેડૂતોની ફરિયાદ છે.

**કરજણ ડેમની જમણા કાંઠાની કેનાલ પાસે રસ્તો ધોવાયો, ખેડૂતોની મુશ્કેલી છતાં તંત્ર કેમ મૌન?"**

જો રસ્તાની આવી હાલત છે તો તેની જાણકારી જવાબદાર તંત્ર સુધી પહોંચાડવાની અને જરૂરી કામગીરી કરાવવાની જવાબદારી કોની છે? શું ખેડૂતોની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે કોઈ જવાબદાર અધિકારી સ્થળ પર મુલાકાત લેશે કે પછી ખેડૂતોને આવી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે?એક તરફ સરકાર દ્વારા ખેડૂતોની સુવિધા અને સિંચાઈ વ્યવસ્થાને મજબૂત બનાવવાની વાતો કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ કેનાલની આસપાસના રસ્તાઓની આવી સ્થિતિ ખેડૂતો માટે ચિંતાનો વિષય બની રહી છે.

ખેડૂતોનો પ્રશ્ન પણ વાજબી છે કે જ્યારે ગયા વર્ષે જ સમારકામ પાછળ ખર્ચ કરવામાં આવ્યો હતો, ત્યારે ફરીથી આ રસ્તો ધોવાઈ જવાની સ્થિતિ કેમ ઊભી થઈ? શું કામગીરીમાં કોઈ ખામી રહી ગઈ હતી? શું સમારકામની ગુણવત્તાની યોગ્ય તપાસ કરવામાં આવી હતી? અને જો બેદરકારી રહી હોય તો જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવશે કે નહીં?

હવે ખેડૂતોની માંગ છે કે કરજણ સંકુલના જવાબદાર અધિકારીઓ તાત્કાલિક આ સ્થળની મુલાકાત લે, રસ્તાની વાસ્તવિક પરિસ્થિતિનું નિરીક્ષણ કરે અને વહેલી તકે યોગ્ય ગુણવત્તા સાથે સમારકામ કરાવે, જેથી ખેડૂતોને અવરજવરમાં પડતી મુશ્કેલીઓમાંથી રાહત મળી શકે.

સાથે જ ગયા વર્ષે કરવામાં આવેલા સમારકામની પણ તપાસ કરવામાં આવે અને જો કોઈ ક્ષતિ કે બેદરકારી સામે આવે તો જવાબદારો સામે યોગ્ય પગલાં લેવામાં આવે.

હાલ તો કરજણ ડેમની જમણા કાંઠાની કેનાલ પાસે ધોવાઈ ગયેલો રસ્તો ખેડૂતો માટે મોટી સમસ્યા બની રહ્યો છે. ત્યારે જોવાનું એ રહેશે કે ખેડૂતોની આ રજૂઆત બાદ કરજણ સંકુલના જવાબદાર અધિકારીઓ ક્યારે જાગે છે અને ખેડૂતોની આ સમસ્યાનું નિરાકરણ ક્યારે આવે છે? કેમેરા સમક્ષ ખેડૂતોની મુશ્કેલીની રજૂઆત અને કરજણ સંકુલની કામગીરી સામે ઊભા થતા સવાલો વચ્ચે હવે તંત્ર શું પગલાં ભરે છે તેના પર સૌની નજર રહેશે.

# ઉપલેટામાં ખેડૂતોની પદયાત્રા : રાજકોટ જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ



**પાક નિષ્ફળ જતાં ખેડૂતોની મુશ્કેલી વધી, ખેત ધિરાણ માફી અને પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરવાની ઉઠી માંગ**

**દ્રષ્ટિકોણ-ઉપલેટા :** વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન અલનીનોની અસરને કારણે અનિયમિત અને ઓછા વરસાદના કારણે રાજકોટ જિલ્લાના ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ગુજરાત કિસાન સભાના જણાવ્યા મુજબ જિલ્લામાં અંદાજે ૩૦ ટકા જેટલો જ વરસાદ થયો હોવાથી કપાસ, સોયાબીન, મગફળી, કઠોળ અને ઘાસચારાના ખરીફ પાકને ભારે નુકસાન થયું છે.

બે વરસાદ વચ્ચે લાંબો ગાળો રહેતા ખેતીના પાકનું ઉત્પાદન નહિવત થયું છે. ખેડૂતોએ બિયારણ, ખાતર, દવા અને ડીઝલ પાછળ કરેલો ખર્ચ પણ પાણીમાં ગયો છે. પાણીની અછતને કારણે રવિ પાકનું વાવેતર થઈ શકે તેવી સ્થિતિ ન હોવાથી ખેડૂતો, ખેતમજૂરો અને શ્રમિકોમાં આગામી દિવસોમાં રોજગારી અને જીવનનિર્વાહને લઈને ચિંતા જોવા મળી રહી છે. ગુજરાત કિસાન સભા રાજકોટ જિલ્લા સમિતિના આગેવાનોએ વિવિધ ગામડાઓની મુલાકાત લઈને ખેતીની વાસ્તવિક સ્થિતિનો અભ્યાસ કર્યો હતો.

ખેડૂતોમાં રાજકોટ જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ ઉઠી રહી છે. આ માંગ સાથે તારીખ ૩ નવેમ્બરના રોજ ખેડૂતો, ખેતમજૂરો અને શ્રમિકો દ્વારા પદયાત્રા યોજવામાં આવી હતી. પદયાત્રા બાદ મુખ્યમંત્રીશ્રીને સંબોધીને ઉપલેટા મામલતદાર મારફતે આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. ખેડૂતોની મુખ્ય માંગણીઓમાં ખેડૂતોએ રાજ્ય સરકાર સમક્ષ માંગ કરી છે કે દુષ્કાળની સ્થિતિ સર્જાય તે પહેલાં જ આગોતરું આયોજન કરવામાં આવે.

દુષ્કાળ અને અછતની સ્થિતિનો સામનો કરવા માટે સરકારે માસ્ટર પ્લાન તૈયાર કરવો જોઈએ. આવેદનપત્રમાં નીચે મુજબની માંગણીઓ કરવામાં આવી છે, રાજકોટ જિલ્લાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે,નિષ્ફળ ગયેલા પાકનું ખેતી ધિરાણ માફ કરવામાં આવે, નાના ખેડૂતો અને ખેતમજૂરોને રોજગારી મળી રહે તે માટે રાહત કામો શરૂ કરવામાં આવે, પશુધન માટે પૂરતા પ્રમાણમાં ઘાસચારાની વ્યવસ્થા કરવામાં આવે, દુષ્કાળની પરિસ્થિતિને પહોંચી વળવા આગોતરું આયોજન અને માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવે, ખેડૂત આગેવાનોએ ચેતવણી આપી હતી કે રાજ્ય સરકાર દ્વારા સમયસર રાજકોટ જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં નહીં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

આ પદયાત્રામાં ગુજરાત કિસાન સભાના રાજ્ય પ્રમુખ ડાયાભાઈ ગજેરા, ઉપપ્રમુખ દેવનભાઈ વસોયા, સહમંત્રી ખીમાભાઈ રબારી, લખમણભાઈ ભોપાળા, ભરતસિંહ ચુડાસમા, નારણભાઈ ગઢાળા, વર્ધનભાઈ ભાટી, ઈન્દુબેન કપુપરા, મધુબેન ગજેરા, ગીતાબેન સોલંકી, પ્રભાબેન રાજગોર સહિત મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ-બહેનો અને ખેતમજૂરો ઉપસ્થિત રહ્યા હતા.

# ચોથી નવેમ્બરેર ગાંધીનગરના રામકથા ગ્રાઉન્ડ ખાતે ભવ્ય આદિવાસી જનસભા યોજાશે

**શકુંતલાબેન અને વર્ષાબેનના નેતૃત્વમાં નીકળેલી આદિવાસી ન્યાય યાત્રાને ગામેગામ મળ્યું ભવ્ય જનસમર્થન**



**દ્રષ્ટિકોણ-નર્મદા :** આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, આપણા લોકલાડીલા ધારાસભ્ય ચૈતરભાઈના સમર્થનમાં શકુંતલાબેન અને વર્ષાબેનના નેતૃત્વ હેઠળ નીકળેલી 'આદિવાસી ન્યાય યાત્રા'ને ગામેગામથી લોકો તરફથી અપાર સમર્થન અને ભાવભર્યું સ્વાગત સાંપડ્યું છે. દરેક સમાજના નાગરિકોએ આ યાત્રાને વધાવી લીધી છે, જે આજે અંબાજી ખાતે સંપન્ન થવા જઈ રહી છે. આ યાત્રાના સમાપન બાદ આવતીકાલે ૪ નવેમ્બર, બુધવારના રોજ બપોરે ૨:૦૦ વાગ્યે ગાંધીનગરના સેક્ટર-૧૧ માં આવેલા રામકથા ગ્રાઉન્ડ ખાતે ભવ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં તમામ યુવાનો, ભાઈઓ-બહેનો અને વડીલોને મોટી સંખ્યામાં પધારવા હાર્દિક નિમંત્રણ છે.

નિરંજન વસાવાએ વધુમાં જણાવ્યુ હતુ કે ચૈતરભાઈ વસાવા એ માત્ર એક વ્યક્તિ નહીં પરંતુ સમગ્ર ટ્રાઈબલ સમાજનો અવાજ છે, જેઓ જળ, જંગલ, જમીન, રોડ-રસ્તા, શિક્ષણ, આરોગ્ય અને સ્કોલરશિપ જેવા અનેક લોકહિતના મુદ્દાઓ પર સરકાર સામે લડત ચલાવતા હતા. આદિવાસી સમાજનો આ અવાજ દબાવવાના હેતુથી ભારતીય જનતા પાર્ટી દ્વારા ખોટા ષડયંત્રો રચીને અને એફઆઈઆર કરીને તેમને સાત વર્ષની સજા તેમજ અન્ય અન્યાયી કેસોમાં ફસાવવામાં આવ્યા છે. ભાજપની આ તાનાશાહી સામે આપણે સૌએ એક થઈને ચૈતરભાઈ તેમજ તેમના ધર્મપત્ની શકુંતલાબેન અને વર્ષાબેનના હાથ મજબૂત કરવાના છે, જેથી ગાંધીનગર ખાતે યોજાનારી આ મહાસભામાં આપણે સૌ ઉપસ્થિત રહીને આંદોલનને વધુ બળ પૂરું પાડીએ.

# અંકલેશ્વર GIDCની શ્યામ એન્ટરપ્રાઈઝના સોલ્વન્ટ પ્લાન્ટમાં આગ

**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર:** અંકલેશ્વર GIDCમાં આવેલી શ્યામ એન્ટરપ્રાઈઝ કંપનીના સોલ્વન્ટ ડિસ્ટિલેશન પ્લાન્ટમાં આગ લાગતાં ભારે અફરાતફરી મચી હતી. આગની ઊંચી જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂરથી દેખાતાં હતાં. આગની જાણ થતાં ફાયર વિભાગની ત્રણ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. સોલ્વન્ટ જ્વલનશીલ હોવાથી આગ ફેલાઈ હોવાનું જાણવા મળ્યું છે. સોલ્વન્ટ ડિસ્ટિલેશન પ્લાન્ટમાં સોલ્વન્ટને ગરમ કરી બાષ્પમાં ફેરવ્યા બાદ ઠંડું કરીને ફરી પ્રવાહી સ્વરૂપમાં મેળવવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા અશુદ્ધિઓ અલગ કરી સોલ્વન્ટનો પુનઃઉપયોગ કરવામાં આવે છે.

# વિરપોર ખાતે 'વૈચારિક ક્રાંતિ દ્વારા માનસ પરિવર્તન' પરિસંવાદ યોજાયો



**દ્રષ્ટિકોણ-વિરપોર (વલોડ):** કાશીબા ગોટી ચેરિટેબલ ટ્રસ્ટના 'વૈચારિક ક્રાંતિ અભિયાન' અંતર્ગત ૧૩૬મો પરિસંવાદ માનવ કલ્યાણ ટ્રસ્ટ, બુહારી સંચાલિત બલ્લુકાકા કુમાર-કન્યા છાત્રાલય, વિરપોર (તા. વાલોડ, જિ. તાપી) ખાતે યોજાયો. સંસ્થાના પ્રમુખ સત્યજીતભાઈ બલ્લુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને અભ્યાસ, જીવનઘડતર અને હકારાત્મક દૃષ્ટિકોણ અંગે પ્રેરક માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.કાશીબા ગોટી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દેશનાં ૧૭ રાજ્યોમાં શાળાભવનોના નિર્માણનું ભગીરથ કાર્ય ચાલી રહ્યું છે. ટ્રસ્ટના પ્રમુખ શ્રી કેશુભાઈ ગોટીના ૧૦૦૮ સરસ્વતીધામના નિર્માણના શુભ સંકલ્પ અંતર્ગત અત્યાર સુધીમાં ૨૬૫ શાળાભવનોનું નિર્માણ પૂર્ણ થયું છે અને આશરે ૫૦ ભવનોનું નિર્માણકાર્ય પ્રગતિમાં છે. શાળાભવનોનાં નિર્માણ ઉપરાંત ટ્રસ્ટ દ્વારા 'વૈચારિક ક્રાંતિ અભિયાન', 'કુપોષણમુક્તિ અભિયાન' અને 'શિક્ષા સાથી અભિયાન' જેવી સમાજોત્થાનની પ્રવૃત્તિઓ પણ સતત ધમધમી રહી છે. કાર્યક્રમના પ્રારંભે છાત્રાલયની દીકરીઓએ કુમકુમનો ચાંદલો કરી તથા પુષ્પગુચ્છ અર્પણ કરીને મહેમાનોનું ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું.

# બામણીયામાં ઑલ ઈન્ડિયા આદિવાસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૬નો ભવ્ય સમાપન સમારોહ યોજાયો




**દ્રષ્ટિકોણ-બામણીયા:** નવચેતન સ્પોર્ટ્સ ક્લબ, બામણીયા દ્વારા આયોજિત દક્ષિણ ગુજરાતની પ્રતિષ્ઠિત અને લોકપ્રિય ટેનિસ ક્રિકેટ ટૂર્નામેન્ટ 'ઑલ ઈન્ડિયા આદિવાસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૬' (સીઝન-૧) નો ભવ્ય ગ્રાન્ડ ફિનાલે ૦૧ નવેમ્બર ૨૦૨૬, રવિવારના રોજ નવચેતન સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે સંપન્ન થયો હતો. ચાર દિવસ સુધી ચાલેલા આ ભવ્ય આદિવાસી ક્રિકેટ મહોત્સવને નિહાળવા માટે સમગ્ર પંથકમાંથી હજારોની સંખ્યામાં રમતપ્રેમીઓ ઉમટી પડ્યા હતા.

રાજકીય અને સામાજિક આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ:

ગ્રામ્ય સ્તરે રમતગમતને પ્રોત્સાહન આપવા અને ખેલાડીઓનો ઉત્સાહ વધારવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના જનરલ સેક્રેટરી હેમંગીનીબેન ડી. ગરાસિયા સહિત સ્થાનિક ગામના સરપંચશ્રીઓ તથા અનેક સામાજિક-રાજકીય આગેવાનોએ ખાસ હાજરી આપી હતી. મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમોને ટ્રોફી અને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. ટૂર્નામેન્ટના ઓનલાઈન ડિજિટલ સ્કોરિંગ પાર્ટનર તરીકે 'CricHeroes', પ્લેયર ઓક્શન માટે 'Auction Adda' અને સોશિયલ મીડિયા લાઈવ બ્રોડકાસ્ટિંગ પાર્ટનર તરીકે 'Yana Sport Live' (સુનિલ પટેલ) એ પ્રશંસનીય ભૂમિકા ભજવી હતી. ગત ૨૯ ઓક્ટોબરથી શરૂ થયેલી આ ટૂર્નામેન્ટમાં ગ્રુપ એ, બી અને સી ની રોમાંચક લીગ મેચો યોજાઈ હતી. જેમાં 'આદિવાસી ચેલેન્જર્સ વ્યારા' અને 'રાબડ XI' (Rabad XI) સહિતની અનેક નામાંકિત ટીમોએ ભાગ લીધો હતો. ૬-૬ ઓવરના આ આકર્ષક ફોર્મેટમાં બેટ્સમેનોએ મેદાનની ચારેય તરફ ચોગ્ગા-છગ્ગાની આતશબાજી કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ક્વાર્ટર-ફાઈનલ અને સેમી-ફાઈનલના કડક મુકાબલાઓ પાર કરીને શ્રેષ્ઠ બે ટીમો વચ્ચે રવિવારે સાંજે ગ્રાન્ડ ફિનાલે જંગ ખેલાયો હતો. ટૂર્નામેન્ટને અભૂતપૂર્વ સફળતા અપાવવા બદલ નવચેતન સ્પોર્ટ્સ ક્લબ, બામણીયાની ઓર્ગેનાઈઝિંગ કમિટીના સભ્યો (કૃણાલ મહેતા, દીપ વાહિયા, વિપુલ પટેલ અને સાથી મિત્રો) દ્વારા તમામ સ્પોન્સર્સ, ખેલાડીઓ, અમ્પાયર્સ અને સ્થાનિક જનતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ભરૂચ પોલીસ અધિકારીઓએ ભ્રષ્ટાચારમુક્ત વહીવટના શપથ લીધા



**દ્રષ્ટિકોણ-ભરૂચ:** ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે ગુજરાત પોલીસના તકેદારી જાગૃતિ સપ્તાહ અંતર્ગત શપથગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ ભ્રષ્ટાચારમુક્ત સમાજના નિર્માણના શપથ લીધા હતા.પોલીસકર્મીઓએ ફરજ દરમિયાન પ્રામાણિકતા, પારદર્શિતા અને જવાબદારી જાળવી નિષ્ઠાપૂર્વક કામગીરી કરવાના શપથ લીધા હતા. સાથે જ ભ્રષ્ટાચારથી દૂર રહી સમાજમાં નૈતિક મૂલ્યો અને ઈમાનદારીને પ્રોત્સાહન આપવા આહ્વાન કર્યું હતું.આ વર્ષની તકેદારી જાગૃતિ સપ્તાહની થીમ 'સત્યનિષ્ઠાથી સમૃદ્ધિ' રાખવામાં આવી છે. સરકારી કામગીરીમાં પારદર્શિતા વધારવા, ભ્રષ્ટાચાર સામે જનજાગૃતિ લાવવા અને દરેક સ્તરે પ્રામાણિકતાની ભાવના મજબૂત કરવાના હેતુથી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. કાર્યક્રમમાં પોલીસ વિભાગે ભ્રષ્ટાચારમુક્ત વહીવટ અને જવાબદાર પોલીસિંગની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# સગીરા પર દુષ્કર્મના કેસમાં નવાપુરાના આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

**દ્રષ્ટિકોણ-નર્મદા:** નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના નવાપુરા ગામના અજયભાઈ સહદેવભાઈ ઉર્ફે કાળુભાઈ ભીલને સગીરા પર દુષ્કર્મના કેસમાં નર્મદા જિલ્લા સેશન્સ અદાલતે ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત રૂ. ૩.૪૦ લાખનો દંડ અને દંડ ન ભરવામાં આવે તો વધુ એક વર્ષની સાદી કેદનો હુકમ કર્યો છે. ભોગ બનનાર સગીરાને રૂ. ૪ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે. કેસની હકીકત મુજબ, ૨૮ જૂન, ૨૦૨૨ના રોજ સાંજે આશરે ૫ વાગ્યે સગીરા કપાસના ખેતરમાં કામ કરી રહી હતી. તે દરમિયાન આરોપીએ તેને બળજબરીથી પકડી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. ઘરે પહોંચ્યા બાદ સગીરાએ માતાને સમગ્ર હકીકત જણાવતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. નર્મદા જિલ્લા સેશન્સ જજ કે. આર. પંડ્યાની અદાલતમાં કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ જિતેન્દ્રસિંહ જે. ગોહિલે ફરિયાદી પક્ષે દલીલો રજૂ કરી હતી. સાક્ષીઓની જુબાની, દસ્તાવેજી પુરાવા તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ અદાલતે આરોપીને ભારતીય દંડ સંહિતા અને પોક્સો એક્ટની સંબંધિત કલમો હેઠળ દોષિત ઠેરવી સજા સંભળાવી હતી.


Clasified વર્ગીકૃત જાહેરાત





















E-mail : drashtikonjanvani09@gmail.com
દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક સુરત જિલ્લો
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
Wednesday, 04 Noveber-2026
બુધવાર, તા.૦૪/૧૧/૨૦૨૬

## પ્રેમસંબંધમાં શંકા રાખી મહિલા પર પેટ્રોલ છાંટી મહિલાને જીવતી સળગાવી હતી

# આજીવન કેદની સજા મળ્યાના બીજા જ દિવસે હત્યાના આરોપીનો જેલમાં આપઘાત

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૩**

સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં બંધ કેદીએ આજે સવારે યાર્ડ નંબર સી/૨/૧ના કોમન સંડાસની બારીના ભાગે કપડાની દોરી વડે ગળેફાંસો આપઘાત કરી લેતા ચકચાર મચી હતી. આપઘાત કરનાર કેદીએ વર્ષ ૨૦૨૪માં પ્રેમસંબંધમાં શંકા રાખી મહિલા પર પેટ્રોલ છાંટી જીવતી સળગાવતા તેને ગઈકાલે જ સુરતની કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી. અને સજા મળ્યાના બીજા જ દિવસે મોતને વ્હાલું કરી લીધુ હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના ઝાલોર તાલુકાના ભોપોત ગામનો વતની ૩૭ વર્ષીય શંભુલાલ કમલાનાથ આડા સુરતના કતારગામ વિસ્તારમાં લલિતા ચોકડી નજીક ફૂટપાથ પર રહેતો હતો. શંભુલાલને રાધાબેન સાથે છેલ્લા આઠેક વર્ષથી પ્રેમસંબંધ હતો. જોકે, રાધાબેનને અન્ય શ્યામલાલ સાથે ફરી સંબંધ હોવાની શંકા રાખીને આરોપી

### યાર્ડ નંબર સી/૨/૧ના કોમન સંડાસની બારી સાથે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

શંભુલાલે તેણી સાથે ઝઘડો કરી ગાળાગાળી કરી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બપોરે ૧:૩૦થી ૨ વાગ્યાની આસપાસ કતારગામની લલિતા ચોકડી પાસે આવેલા સંતકૃપા પેલેસ બિલ્ડિંગના પહેલા માળે આરોપીએ પેટ્રોલ ભરેલી બોટલ લાવી રાધાબેન પોતાની દીકરી સાથે સૂતાં હતાં ત્યારે તેમના શરીર તથા ગોદડા પર પેટ્રોલ છાંટ્યું હતું અને માચીસથી આગ ચાંપી દીધી હતી.

આ ઘટનામાં રાધાબેનનું મોત નીપજ્યું હતું. બનાવ બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે કતારગામ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસે આરોપી શંભુલાલની ધરપકડ કરી તેની સામે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસમાં આરોપીને ગઈકાલે ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ વીડિયો કોર્ટ મારફતે તેને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, દરમિયાન સુરતની ૧૧મી એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા તેને આજીવન કેદની સજા અને ૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

સજાના હુકમના બીજા જ દિવસે કેદી શંભુલાલે લાજપોર મધ્યસ્થ જેલમાં યાર્ડ નંબર સી/૨/૧ના કોમન સંડાસની બારીના ભાગે કપડાની દોરી વડે ગળેફાંસો આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે સચીન પોલીસ સ્ટેશનમાં કસ્ટોડિયલ ડેથનો ગુનો નોંધી આગળની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

### આગ ચાંપે તે પહેલાં જ બંનેએ રોક્યો, મોટી જાનહાનિ ટળી

## કોર્ટ સંકુલમાં શેડ નંબર-૧ની સામે પાર્કિંગમાં યુવકનો આત્મવિલોપનનો પ્રયાસ

**સુરત,** સુરત કોર્ટ સંકુલમાં શેડ નંબર-૧ની સામે આવેલા પાર્કિંગ વિસ્તારમાં મંગળવારે બપોરે આશરે ૩:૪૦ વાગ્યે એક ચોંકાવનારી ઘટના બની હતી. એક યુવકે પાણીની બોટલમાં પેટ્રોલ ભરી પોતાના શરીર પર છાંટ્યું હતું અને ત્યારબાદ માચીસ સળગાવી આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. જોકે, વકીલ રણજીત સોનવણે અને ટાઇપિસ્ટ આવેશ ઐયરની સમયસૂચકતા અને સતર્કતાને કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, કોર્ટ સંકુલના શેડ નંબર-૧ની સામે આવેલા પાર્કિંગમાં અજાણ્યો શખ્સ અચાનક પાણીની બોટલમાંથી પેટ્રોલ પોતાના શરીર પર છાંટવા લાગ્યો હતો. ત્યારબાદ તેણે માચીસ સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ત્યાં હાજર વકીલ રણજીત સોનવણે અને ટાઇપિસ્ટ આવેશ ઐયરની નજર પડતાં બંનેએ તાત્કાલિક દોડી જઈ તેને રોક્યો હતો. આગ ચાંપે તે પહેલાં જ તેને અટકાવી લેતાં સંભવિત મોટી જાનહાનિ ટળી હતી. બનાવ બાદ અજાણ્યા શખ્સને ઉમરા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. તેણે કયા કારણોસર આ પગલું ભરવાનો પ્રયાસ કર્યો હતો તે અંગેની વિગતો હજુ સામે આવી નથી.

## ગોધરા-દાહોદ રેલવે સેક્શનમાં માલગાડીનો ડબ્બો ખડી પડ્યો, સુરતના મુસાફરો હેરાન

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૩**

પશ્ચિમ રેલવેના રતલામ મંડળ હેઠળ આવતા ગોધરા-દાહોદ રેલવે સેક્શનમાં મંગળવારે સાંજે ૭:૨૭ વાગ્યે એક ખાલી માલગાડીનો ડબ્બો પાટા પરથી ઉતરી જતાં રેલવે વ્યવહાર ખોરવાયો હતો. આ ઘટનાની અસર સુરત રેલવે સ્ટેશન પર પણ જોવા મળી હતી. મુંબઈ તરફથી આવતી અને સુરત થઈને પસાર થતી અનેક લાંબા અંતરની ટ્રેનો કલાકો મોડી પહોંચતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે, આ દુર્ઘટનામાં કોઈ મુસાફર કે રેલવે કર્મચારીને ઈજા થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, મંગળ મહુડી રેલવે સ્ટેશન નજીક કિલોમીટર નંબર ૫૧૫ પર મંગળ મહુડી અને જેકોટ સ્ટેશન વચ્ચે ડાઉન મેઈન લાઈન પર સાંજે ૭:૨૭ વાગ્યે ખાલી માલગાડીનો એક ડબ્બો પાટા પરથી ઉતરી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ રેલવે તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. તાત્કાલિક રતલામ અને દાહોદથી એક્સિડન્ટ રિલીફ ટ્રેનો (ART) ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ઉચ્ચ અધિકારીઓ પણ સ્થળ પર પહોંચી ગયા હતા અને યુદ્ધના ધોરણે ટ્રેક રિસ્ટોરેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

લાંબી જહેમત બાદ રાત્રે આશરે ૧:૦૫ વાગ્યે રેલવે ટ્રેકને સંપૂર્ણપણે કાર્યરત કરી ટ્રેન વ્યવહાર માટે ક્લિયર કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ૧૨૯૫૧ મુંબઈ-નવી દિલ્હી રાજધાની, ૧૨૯૫૩ મુંબઈ-નિઝામુદ્દીન ઓગસ્ટ ક્રાંતિ રાજધાની અને ૨૨૯૩૩ બાંદ્રા-જયપુર એક્સપ્રેસને ગોધરા રેલવે સ્ટેશન પર રોકવામાં આવી હતી. સુરત સ્ટેશન પર ટ્રેનોની રાહ જોતા મુસાફરોની મુશ્કેલી વધી રેલવે દુર્ઘટનાની સીધી અસર સુરતથી પસાર થતી લાંબા અંતરની ટ્રેનો પર પડી હતી.

અનેક મહત્વપૂર્ણ ટ્રેનો નિર્ધારિત સમય કરતાં મોડી સુરત સ્ટેશન પર પહોંચતાં રાત્રિના સમયે પ્લેટફોર્મ પર મુસાફરોને લાંબો સમય રાહ જોવી પડી હતી. ૧૨૯૫૫ મુંબઈ સેન્ટ્રલ-જયપુર ગણગૌર એક્સપ્રેસ: રાત્રે ૧૦:૩૦ વાગ્યે આવવાની હતી, પરંતુ આશરે દોઢ કલાકના વિલંબ બાદ રાત્રે ૧૨:૧૦ વાગ્યે પહોંચી હતી.

૨૨૪૧૩ મડગાંવ-નિઝામુદ્દીન રાજધાની એક્સપ્રેસ: નિર્ધારિત રાત્રે ૧૦:૧૫ના બદલે બે કલાકથી વધુના વિલંબ સાથે રાત્રે ૧૨:૨૧ વાગ્યે સુરત પહોંચી હતી. ૧૨૯૦૩ ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસ: રાત્રે ૧૦:૦૦ વાગ્યાના બદલે ૪૫ મિનિટ મોડી રાત્રે ૧૦:૪૫ વાગ્યે પહોંચી હતી. ૨૨૯૪૩ દૌંડ-ઈન્દોર એક્સપ્રેસ: આ ટ્રેન પણ નિર્ધારિત સમય કરતાં આશરે દોઢ કલાક મોડી સુરત સ્ટેશન પર પહોંચી હતી. ટ્રેનોના સમયપત્રક ખોરવાતાં સુરત રેલવે સ્ટેશન પર રાત્રિના સમયે મુસાફરોને પ્લેટફોર્મ પર બેસીને લાંબી રાહ જોવાની ફરજ પડી હતી.

# ફટાકડાના સ્ટોલમાં ભીષણ આગ: રોકેટ અને બોમ્બના ધડાકાથી અફરાતફરી

### સીતારામ ફાર્મ પાસે ફટાકડાના સ્ટોલમાં આગ લાગતાં નજીકના સ્ટોલ પણ લપેટમાં આવ્યા; ફાયર વિભાગે સમયસર આગ પર કાબૂ મેળવ્યો

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૦૩**

સુરત શહેરમાં કિરણ ચોક નજીક બાપા સીતારામ ફાર્મ પાસે રસ્તા પર પાથરણું પાથરીને ફટાકડા વેચતા સ્ટોલમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. એક સ્ટોલમાં લાગેલી આગે જોતજોતામાં નજીકના અન્ય સ્ટોલને પણ પોતાની લપેટમાં લઈ લીધા હતા. ફટાકડામાં ઉપરાઉપરી ધડાકા થવા લાગતાં સમગ્ર વિસ્તારમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગ લાગતાની સાથે જ સ્ટોલમાં રાખેલા ફટાકડા ધડાકાભેર ફૂટવા લાગ્યા હતા. રોકેટ સહિતના ફટાકડા ચારે તરફ છૂટતાં આસપાસના વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા હતા. રસ્તા પરથી પસાર થતા



રાહદારીઓ અને નજીકમાં વાહનો પાર્ક કરનારા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. આગની જ્વાળાઓ વાહનો સુધી ન પહોંચે તે માટે કેટલાક જાગૃત લોકોએ તાત્કાલિક પોતાના વાહનો હટાવી લીધા હતા. ઘટનાની જાણ સુરત મહાનગરપાલિકાના ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવતાં ફાયર વિભાગની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સમયસર કામગીરી હાથ ધરાતાં આગ વધુ ફેલાતી અટકી હતી અને મોટી જાનહાનિ ટળી હતી.

દિવાળીના તહેવાર દરમિયાન રોજીરોટી કમાવવા માટે રસ્તા પર પાથરણું પાથરી ફટાકડા વેચવા બેઠેલા ગરીબ પરિવારો માટે આ આગ આભ તૂટી પડવા સમાન સાબિત થઈ હતી. આંખના પલકારામાં આખો માલ બળીને ખાખ થઈ જતાં પરિવારોની મહેનત અને મૂડી રાખ થઈ ગઈ હતી. પોતાની જીવનભરની કમાણી આગમાં બળતી જોઈ પરિવારની મહિલાઓ રસ્તા પર જ રડી પડી હતી. આગની ઘટનાને પગલે વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ અને નુકસાન અંગેની વધુ વિગતો તપાસ બાદ સામે આવશે.

## મુસાફરોની ભીડને નિયંત્રિત કરવા છ રેલવે સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ

### દિવાળી અને છઠ્ઠ પૂજાના તહેવારોને લઈને પશ્ચિમ રેલવેનો મોટો નિર્ણય

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૦૩**

દિવાળી અને છઠ્ઠ પૂજાના તહેવારોને ધ્યાનમાં રાખીને રેલવે સ્ટેશનો પર મુસાફરોની ભારે ભીડ ઉમટવાની શક્યતાને પગલે પશ્ચિમ રેલવે દ્વારા સુરક્ષા અને ભીડ નિયંત્રણ માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

તહેવારો દરમિયાન ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ જતી ટ્રેનોમાં મુસાફરોની સંખ્યામાં વધારો થતો હોવાથી રેલવે સ્ટેશનો પર મુસાફરો ઉપરાંત તેમને મૂકવા અને લેવા આવતા પરિવારજનોની પણ ભારે અવરજવર રહે છે.આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવે હેઠળ આવતા છ રેલવે સ્ટેશનો પર ૧૫ નવેમ્બર સુધી પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ રાખવામાં આવશે.


AI તસવીર

આ નિર્ણય મુજબ બાંદ્રા, વાપી, વલસાડ, ઉધના, સુરત અને મહેસાણા રેલવે સ્ટેશનો પર ૧૫ નવેમ્બર સુધી પ્લેટફોર્મ ટિકિટ આપવામાં આવશે નહીં. આ ઉપરાંત અમદાવાદના કાલુપુર અને સાબરમતી રેલવે સ્ટેશનો પર મુસાફરોની ભીડને નિયંત્રિત કરવા ખાસ હોલ્ડિંગ એરિયા ઊભા કરવામાં આવ્યા છે. અહીં મુસાફરોને તબક્કાવાર સ્ટેશનમાં પ્રવેશ આપવામાં આવશે, જેથી એકસાથે મોટી સંખ્યામાં લોકો પ્લેટફોર્મ પર એકત્ર ન થાય. ખાસ કરીને અમદાવાદથી ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ જતી ટ્રેનોમાં મુસાફરી કરતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રેલવે તંત્ર દ્વારા માત્ર પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ રાખવાની જ નહીં, પરંતુ ભીડ નિયંત્રણ માટે સુરક્ષા બંદોબસ્ત પણ વધારવામાં આવ્યો છે. સ્ટેશનો પર તૈનાત સુરક્ષા જવાનોને વોકીટોકી ફાળવવામાં આવ્યા છે, જેથી ભીડ વધવાની સ્થિતિમાં તાત્કાલિક સંકલન કરીને જરૂરી કાર્યવાહી કરી શકાય. આ ઉપરાંત સીસીટીવી કેમેરા મારફતે સ્ટેશન પરિસર અને પ્લેટફોર્મ પર થતી અવરજવર પર સતત નજર રાખવામાં આવશે. તહેવારો દરમિયાન મુસાફરોની સુરક્ષા જળવાઈ રહે, ટ્રેનોમાં ચઢવા-ઉતરવામાં અફરાતફરી ન સર્જાય અને રેલવે સ્ટેશનો પર વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી પશ્ચિમ રેલવે દ્વારા આ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

## ચોથા માળેથી નીચે પટકાતા ૨૩ વર્ષીય યુવકનું કરુણ મોત

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૦૩**

સુરતના કોસાડ વિસ્તારમાં ચોથા માળેથી નીચે પટકાવાની ગંભીર દુર્ઘટનામાં ૨૩ વર્ષીય યુવકનું કરુણ મોત નીપજ્યું છે. બાલ્કનીની લોખંડની ગ્રીલનો ટેકો લઈને ઊભેલા યુવકની અચાનક ગ્રીલ તૂટી જતાં તે સીધો નીચે પટકાયો હતો. માથા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

મૂળ વરાછાના ઉતરાણ વિસ્તારમાં આવેલા શિવધારા પેલેસમાં રહેતા ૨૩ વર્ષીય દર્શન મનસુખ વઘાસિયા ગત રોજ સાંજના સમયે કોસાડ-અમરોલી સ્થિત પ્રગતિ ઈકો પાર્કના ખાટા નંબર ૩૦ની ચોથા માળની બાલ્કનીમાં ઊભા હતા. આ દરમિયાન તેઓ બાલ્કનીની લોખંડની ગ્રીલનો ટેકો લઈને ઊભા હતા. અચાનક ગ્રીલ તૂટી જતાં દર્શન સીધા ચોથા માળેથી નીચે પટકાયા હતા. આ દુર્ઘટનામાં દર્શનને માથા તેમજ છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે તેમના ભાઈ શ્રેયાંશ વઘાસિયા તાત્કાલિક તેમને સારવાર અર્થે હોસ્પિટલ લઈ ગયા હતા. જોકે, હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાન સાંજે તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. દિવાળીના તહેવારના માહોલ વચ્ચે જુવાનજોધ પુત્રના અચાનક મોતથી વઘાસિયા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.










This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.